# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૪

○ સંકલન ○

**રમ્યરેણુ**



# ચન્દ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૪

: દિવ્યકૃપા :

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. તપસ્વીરત્ન પૂ. ચન્દ્રયશવિજયજી મહારાજા

◆ ◆ ◆

: શુભાશિષ :

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય અરવિંદસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાગ્યેશવિજયજી મહારાજા
પ.પૂ. ગુરુમાતા સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.

◆ ◆ ◆

: સંકલન :

પૂ. સા. ભવ્યગુણાશ્રીજી મ.સા.

: ગ્રંથ પ્રકાશક :

**શ્રી કાંદીવલી શ્વે. મૂ. જૈન સંઘ, મુંબઈ**

**: પ્રાપ્તિસ્થાન :**

શ્રી વાવપથક જૈનવાડી
દશાપોરવાડ જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ-૭.

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
ૐકારસાહિત્યનિધિ, હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)
ફોન : (૨૭૪૪) ૨૩૩૧૨૯

આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : (૦૨૬૧) ૨૪૨૬૫૩૧

સી મહેન્દ્ર એન્ડ કું.
૧૮-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશીરોડ,
ૐકારસૂરિ ચોક, વાલકેશ્વર, મુંબઈ. ફોન-૨૩૬૩૭૮૯૭

૧૨૦૪, પંચરત્ન ઓપેરા હાઉસ, મુંબઈ-૪.
ફોન-૦૨૨-૨૩૬૪૨૫૦૯

**ભરત ગ્રાફિક્સ,**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩
(મો.) ૯૯૨૫૦૨૦૧૦૬

# સ...મ...ર્પ...ણ

વીતરાગ પ્રત્યે વિશ્વાસ
વૈરાગ્ય અને વાત્સલ્યમયી
તમારી ચેતનાના પ્રત્યેક પ્રદેશે
અને તમારી સાધનાની પ્રત્યેક પળે
નીકળેલાં પ્રેરણાનાં સૂરોનો
આ છલકતો સાદ
"સ્વાધ્યાયઃ પરમં તપઃ"
સ્વાધ્યાય તપ છે
સ્વાધ્યાય તેજ છે
સ્વાધ્યાય શ્રેષ્ઠ તીર્થ છે
શબ્દસ્થ, હૃદયસ્થ
તમારા આ પડઘાને
અને
સ્મૃતિમાં રહેલાં તમારા પડછાયાને
આ એક નાનકડો પ્રેમાળ પ્રતિસાદ
તમારા પ્રેમાળ વહેલાં
પ્રસાદની પ્રતીતિ રૂપે....
સમર્પણ

ભવ્યગુણાશ્રી

# ઉત્તરાધ્યયન સૂત્ર :
# પ્રભુજીવિતાનો માર્ગ

'સો હી ભાવનિર્ગ્રંથ...' તે જ ભાવસાધુ છે. કોણ ? આત્મભાવમાં ડૂબેલ હોય તે ભાવનિર્ગ્રન્થ. સમાધિશતકની આ પ્રસ્તુતિનું સામ્ય આ આનન્દઘનીય પ્રસાદીમાં જોવા મળે :

**'આતમજ્ઞાની શ્રમણ કહાવે'**

પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનું ૧૫મું અધ્યયન ભિક્ષુત્વની - ભાવસાધુત્વની મઝાની વ્યાખ્યા આપે છે. **'જો કમ્હિવિ ન મૂચ્છિએ સ ભિક્ખુ'**

જે કોઈનામાંય આસક્ત ન હોય તે ભિક્ષુ. એટલે કે સ્વમાં ડૂબેલ હોય તે ભિક્ષુ.

સાધુની પ્રતિબદ્ધતા છે પ્રભુના પ્યારા પ્યારા વચનો સાથે અને એથી કોઈ પણ પદાર્થ કે કોઈ વ્યક્તિ આદિ સાથે લગાવ એને નથી. અ-લગાવની ધારાનો એ અલગારી સાધક છે.

આ અ-લગાવ બિન્દુને વ્યાખ્યાદિત કરનારું

સૂત્ર : **'અસિપ્પજીવી અગિહે અમિત્તે...'** ન કોઈ શિલ્પો વડે જીવનાર પ્રભુનો સાધુ હોય. એ તો છે પ્રભુજીવી. એ છે પ્રભુવાસી.

**'અગિહે'**

જેને ઘર નથી, જેને કોઈ સ્થાન પ્રત્યે મમત્વ નથી એ પ્રભુનો સાધુ પ્રભુવાસી છે ને એ !

**'અમિત્તે....'** સાધુ બધાનો મિત્ર, કોઈ એકાદ વ્યક્તિનો - રાગાત્મક સ્તર પર - મિત્ર નહિ.

આવા ભીતરને ઝકઝોરનાર સૂત્રો પરમપાવન ઉત્તરાધ્યયન સૂત્રમાં અહીં ને તહીં જોવા મળશે.

આ સૂત્ર ગંગામાં વહી સાધક નિર્મળતાને વરે !

ચૈત્રી પૂનમ,
૨૦૬૨, વાવ

# અનુક્રમણિકા



| | અધ્યયન | કુલ ગાથા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | વિનય અધ્યયન | ૨૬ | ......000 |
| ૨. | પરીષહ અધ્યયન | ૧૭ | ......000 |
| ૩. | ચતુરંગીય અધ્યયન | ૩ | ......000 |
| ૪. | પ્રમાદાપ્રમાદ અધ્યયન | ૩ | ......000 |
| ૫. | ક્ષુલ્લકનિર્ગ્રંથીય અધ્યયન (૬) | ૪ | ......000 |
| ૬. | કાપિલીયાખ્યમધ્યયન (૮) | ૫ | ......000 |
| ૭. | નમિપ્રવ્રજ્યા અધ્યયન (૯) | ૧૨ | ......000 |
| ૮. | દ્રુમપત્રક અધ્યયન (૧૦) | ૫ | ......000 |
| ૯. | બહુશ્રુતપૂજા અધ્યયન (૧૧) | ૧૨ | ......000 |
| ૧૦. | સભિક્ષુ અધ્યયન (૧૫) | ૧૬ | ......000 |
| ૧૧. | પાપશ્રમણીય અધ્યયન (૧૭) | ૧૯ | ......000 |
| ૧૨. | મૃગાપુત્રીય અધ્યયન (૧૯) | ૪૩ | ......000 |
| ૧૩. | મહાનિર્ગ્રંથીય અધ્યયન (૨૦) | ૯ | ......000 |
| ૧૪. | સમુદ્રપાલીય અધ્યયન (૨૧) | ૩ | ......000 |
| ૧૫. | રથનેમીય અધ્યયન (૨૨) | ૩ | ......000 |

| | અધ્યયન | કુલ ગાથા | પેજ નં. |
|---|---|---|---|
| ૧૬. | કેશિગૌતમીય અધ્યયન (૨૩) | ૨ | ......૦૦૦ |
| ૧૭. | પ્રવચનમાતૃ અધ્યયન (૨૪) | ૨૦ | ......૦૦૦ |
| ૧૮. | યજ્ઞીય અધ્યયન (૨૫) | ૮ | ......૦૦૦ |
| ૧૯. | સામાચારી અધ્યયન (૨૬) | ૩૮ | ......૦૦૦ |
| ૨૦. | મોક્ષમાર્ગગતિ અધ્યયન (૨૮) | ૧૦ | ......૦૦૦ |
| ૨૧. | સમ્યક્ત્વપરાક્રમ અધ્યયન (૨૯) | ૨૨ | ......૦૦૦ |
| ૨૨. | તપોમાર્ગગતિ અધ્યયન (૩૦) | ૧૩ | ......૦૦૦ |
| ૨૩. | પ્રમાદસ્થાન અધ્યયન (૩૨) | ૧૧ | ......૦૦૦ |
| ૨૪. | લેશ્યા અધ્યયન (૩૪) | ૧૨ | ......૦૦૦ |
| ૨૫. | અનગારમાર્ગગતિ અધ્યયન (૩૫) | ૧૯ | ......૦૦૦ |
| ૨૬. | જીવાજીવવિભક્તિ અધ્યયન (૩૬) | ૧૬ | ......૦૦૦ |

# ઉત્તરાધ્યયન સૂત્ર

## વિનય અધ્યયન-૧

(૧) સંજોગાવિપ્પમુક્કસ્સ, અણગારસ્સ ભિક્ખુણો ।
વિનયં પાઉકરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥૧॥

(૨) આણાનિદ્દેસયરે, ગુરુણમુવવાયકારએ ।
ઈંગિયાગારસંપન્ને, સે વિણીએ ત્તિ વુચ્ચઈ ॥૨॥

(૩) આણાનિદ્દેસયરે, ગુરુણમણુવવાયકારએ ।
પડિણીએ અસંબુદ્ધે, અવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૩॥

(૪) નિસન્તે સિયામુહરી, બુદ્ધાણં અન્તિએ સયા ।
અટ્ઠજુત્તાણિ સિક્ખિજજા, નિરટ્ઠાણિ ઉ વજજએ ॥૮॥

દ્રવ્યથી માતા-પિતાદિના સંબંધ અને ભાવથી વિષયકષાયાદિના સંબંધથી મૂકાયેલા, તથા દ્રવ્યથી પથ્થર વગેરેનું ઘર તથા ભાવથી અનંતાનુબંધિ આદિ કષાય રૂપી ઘર જેને નથી એવા સાધુના વિનયને પ્રગટ કરીશ, ક્રમસર મારા તરફથી કહેવાતા વિનયને તમે સાંભળો.

આચાર્ય વગેરેની આજ્ઞાનું પાલન કરનારા, ગુરુની પાસે રહેનારા, આંખનો ઈશારો આદિ, દિશાનું અવલોકન રૂપ ચેષ્ટાનો જાણકાર જે શિષ્ય હોય છે તેને પરમાત્મા વિનીત કહે છે.

ગુરુની આજ્ઞાનું પાલન નહિં કરનારા, ગુરુની પાસે નહિં રહેનારા, ગુરુને પ્રતિકૂલ, અજ્ઞાન જે શિષ્ય છે તેને પરમાત્મા અવિનીત કહે છે.

સાધુએ અત્યંત શાંત થવું, (અવાચાળ એટલે) સંબંધ રહિત બોલવું નહિ, તથા આચાર્ય વગેરે ગુરુની પાસે હંમેશા જિનાગમનો અભ્યાસ કરવો પરંતુ અન્ય શાસ્ત્રનો અભ્યાસ ન કરવો.

(૫) અણુસાસિઓ ન કુપ્પિજ્જા, ખંતિં સેવિજ્જ પંડિએ ।
ખુડ્ડેહિં સહ સંસગ્ગં, હાસં કીડં ચ વજ્જએ ॥૯॥

(૬) મા ય ચંડાલિયં કાસી, બહુયં મા ય આલવે ।
કાલેણ ય અહિજ્જિત્તા, તઓ ઝાએજ્જ એગઓ ।૧૦।

(૭) આહચ્ચ ચંડાલિયં કટ્ટુ, ન નિણ્હવિજ્જ કયાઈવિ ।
કડં કડિત્તિ ભાસિજ્જા, અકડં નો કડિત્તિ ય ॥૧૧॥

(૮) મા ગલિયસ્સેવ કસં વ, વયણમિચ્છે પુણો પુણો ।
કસં વ દટ્ઠુમાઈન્ને, પાવગં પરિવજ્જએ ॥૧૨॥

બુદ્ધિમાન્ શિષ્યે ગુરુ કઠોર વાણી વડે ઠપકો આપે તો પણ ગુરુ ઉપર કોપ કરે નહિં, પરંતુ ક્ષમા રાખવી તથા બાળકો તથા કુસાધુઓની સાથે પરિચયને, હાસ્યને, ક્રીડાને કરે નહિં.

હે શિષ્ય ! તું ક્રોધના વશથી અસભ્ય ભાષણ કરીશ નહિં અને બહુ બોલ બોલ કરીશ નહિં, તથા પહેલી પોરિસી આદિ સમયે અભ્યાસ કરીને ત્યાર પછી એકલો ધ્યાન કર.

કોઈ વખત ક્રોધાદિ કષાયના વશથી અસત્ય બોલ્યો હોય તો પણ ગુરુની પાસે કદાપિ છૂપાવવું નહિં, તથા અસત્ય ભાષણ કર્યું હોય તો મેં કર્યું છે એમ કહી દેવું અને ન કર્યું હોય તો નથી કર્યું તેમ કહેવું, પરંતુ માયા, મૃષાવાદ દોષ સેવવા નહિં.

જેમ જાતવાન્ ઘોડો ચાબુકને જોઈને જ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે છે. તેમ સુવિનીત શિષ્ય વારંવાર ગુરુના વચનની અપેક્ષા રાખે નહિં. ગુરુની ચેષ્ટાને જોઈને જ પાપોને છોડી દે છે. અવિનીત શિષ્ય જ જેમ ઘોડો ચાબુકના પ્રહારને ઈચ્છે તેમ વારંવાર ગુરુના વચનને ઈચ્છે.

(૯) નાપુટ્ઠો વાગરે કિંચિ, પુટ્ઠો વા નાલિયં વએ ।
કોહં અસચ્ચં કુવ્વિજ્જા, ધારિજ્જા પિયમપ્પિયં ॥૧૪॥

(૧૦) અપ્પા ચેવ દમેયવ્વો, અપ્પા હુ ખલુ દુદ્દમો ।
અપ્પા દન્તો સુહી હોઈ, અસ્સિં લોએ પરત્થ ય ॥૧૫॥

(૧૧) વરં મે અપ્પા દન્તો, સંજમેણ તવેણ ય ।
માહં પરેહિં દમ્મન્તો, બંધણેહિં વહેહિ ય ॥૧૬॥

(૧૨) પડિણીયં ચ બુદ્ધાણં, વાયા અદુવ કમ્મુણા ।
આવી વા જઈ વા રહસ્સે, નેવ કુજ્જા કયાઈ વિ ॥૧૭॥

ગુરુએ પૂછ્યા વિના કાંઈ પણ બોલવું નહિં, અથવા પૂછે તો ખોટું બોલવું નહિ, ક્રોધને નિષ્ફળ કરવો તથા અપ્રિય એવું ગુરુનું વચન પણ મારા (પ્રિય=)હિતને માટે છે તેમ વિચારવું.

મનનો રાગ-દ્વેષના ત્યાગપૂર્વક વિજય કરવો જોઈએ કેમકે મનનો વિજય દુષ્કર છે. મનનો વિજય કરનાર આલોક અને પરલોકમાં સુખી થાય છે.

સંયમ, તપ દ્વારા મારે શરીર-મનનો વિજય કરવો સર્વશ્રેષ્ઠ છે. તેમ કરવાથી હું બીજાઓ દ્વારા બંધનોથી, વધોથી દુઃખિત ન બની શકું.

(વચનથી) તથા ગુરુ વગેરેને તમો શું જાણો છો ? વગેરે શબ્દોથી (વાણી વડે) શત્રુપણું ન કરે. અને ક્રિયા વડે (ગુરુના સંથારાને ઓળંગવો વગેરે) આ પ્રમાણે કાયા વડે ગુરુનો અવિનય ન કરે. અને તે પણ કોઈનાં દેખતાં અથવા એકાંતમાં ક્યારેય ન જ કરે.

(૧૩) ન પક્ખઓ ન પુરઓ, નેવ કિચ્ચાણ પિટ્ઠઓ ।
ન જુંજે ઉરુણા ઉરું, સયણે નો પડિસ્સુણે ॥૧૮॥

(૧૪) નેવ પલ્હત્થિયં કુજ્જા, પક્ખપિંડં વ સંજએ ।
પાએ પસારિએ વાવિ, ન ચિટ્ઠે ગુરુણન્તિએ ॥૧૯॥

(૧૫) આયરિએહિં વાહિત્તો, તુસિણીઓ ન કયાઇવિ ।
પસાયપેહી નિયાગટ્ઠી, ઉવચિટ્ઠે ગુરું સયા ॥૨૦॥

(૧૬) આલવંતે લવંતે વા, ન નિસીજ્જ ક્યાઇવિ ।
ચઇઉણ આસણં ધીરો, જઓ જત્તં પડિસ્સુણે ॥૨૧॥

વિનીત શિષ્યે ગુરુની બન્ને પડખે નજીક, એકદમ સન્મુખ, પાછળ, તથા સાથળથી સાથળ લગાડીને ન બેસવું. તથા ગુરુ બોલાવે ત્યારે સંથારામાં સૂતાં સૂતાં કે આસન પર બેઠા બેઠા ગુરુનું વચન સાંભળવું કે અંગીકાર કરવું નહિ.

સાધુ ગુરુ આદિની પાસે પગ ઉપર પગ ન ચઢાવે, પડખે, ગોઠણ વગેરે પર બે હાથ ન લગાવે. પગને લાંબા કરીને ન બેસે, અને ગુરુની અત્યંત સમીપે પણ ન બેસે.

ગુરુ વડે બોલાવેલા એવા શિષ્યે ક્યારે પણ મૂંગા બેસી ન રહેવું, પરંતુ 'પ્રસાદપ્રેક્ષી' એટલે ''ગુરુની મારા પર કૃપા છે'' એ પ્રમાણે વિચાર કરનાર હોય તથા મોક્ષાર્થી શિષ્યે ગુરુ પાસે સદા જવું.

ગુરુ એકવાર બોલાવે અથવા વારંવાર બોલાવે ત્યારે ક્યારે પણ શિષ્યે બેસી રહેવું નહિ. પરંતુ બુદ્ધિમાન્ તથા ઉદ્યમવંત એવા શિષ્યે આસનનો ત્યાગ કરી ગુરુ જે આદેશ આપે તે તેમની પાસે જઈને અવશ્ય અંગીકાર કરે.

(૧૭) આસણગઓ ન પુચ્છિજ્જા,
નેવ સિજ્જાગઓ કયા ।
આગમ્મુક્કુડુઓ સન્તો, પુચ્છિજ્જા પંજલીઉડો ॥૨૨॥

(૧૮) એવં વિણયજુત્તસ્સ, સુત્તં અત્થં ચ તદુભયં ।
પુચ્છમાણસ્સ સીસસ્સ, વાગરેજ્જ જહાસુયં ॥૨૩॥

(૧૯) મુસં પરિહરે ભિક્ખૂ, ન ય ઓહારિણિં વએ ।
ભાસાદોસં પરિહરે, માયં ચ વજ્જએ સયા ॥૨૪॥

(૨૦) ન લવિજ્જ પુટ્ઠો સાવજ્જં, ન નિરટ્ઠં ન મમ્મયં ।
અપ્પણટ્ઠા પરટ્ઠા વા, ઉભયસ્સન્તરેણ વા ॥૨૫॥

શિષ્યે આસન પર બેઠા બેઠા કાંઈ પણ સૂત્રાદિ ગુરુ મહારાજને પૂછવું નહિં. સૂતાં સૂતાં પણ પૂછવું નહિ પરંતુ ગુરુની પાસે આવીને ઉત્કટુક આસને બેસી અથવા બેઠા વગર હાથ જોડી વિનયપૂર્વક પ્રશ્ન કરવો.

આ પ્રમાણે વિનયવાળા શિષ્યને સૂત્ર, અર્થ તથા સૂત્ર અર્થ બેઉને પૂછતાં એવા શિષ્યને ગુરુએ પરંપરાથી જેવું સાંભળ્યું હોય તેવું કહેવું પણ પોતાની બુદ્ધિથી ના કહેવું.

સાધુએ મૃષાનો ત્યાગ કરવો. તથા અધિકારની એટલે 'આ આમ જ છે' એમ અધિકારવાળી ભાષા બોલવી નહિં. તથા ભાષાના દોષ એટલે સાવદ્યની અનુમોદના અથવા અપશબ્દો ન બોલવા, તથા માયા ન કરવી.

સાધુએ કોઈ પૂછે ત્યારે સાવદ્યવચન બોલવું નહિં, તથા નિરર્થક, (મેણા-ટોણા લાગે તેવું) બોલવું નહિં. આ પ્રમાણે પોતાને માટે, બીજાને માટે કે અથવા બન્ને ય માટે કારણ વિના બોલવું નહિં.

(૨૧) જં મે બુદ્ધાણુસાસન્તિ, સીએણ ફરુસેણ વા ।
મમ લાભો ત્તિ પેહાએ, પયઓ તં પડિસ્સુણે ॥૨૭॥

(૨૨) હિયં વિગયભયા બુદ્ધા, ફરુસં પિ અણુસાસણં ।
વેસં તં હોઈ મૂઢાણં, ખન્તિસોહિકરં પયં ॥૨૯॥

(૨૩) આસણે ઉવચિટ્ઠિજ્જા, અણુચ્ચે અકુએ થિરે ।
અપ્પુટ્ઠાઈ નિરુટ્ઠાઈ, નિસીએજ્જપ્પકુક્કુએ ॥૩૦॥

(૨૪) રમએ પંડિએ સાસં, હયં ભદ્દં વ વાહએ ।
બાલં સમ્મઇ સાસંતો, ગલિયસ્સં વ વાહએ ॥૩૭॥

ગુરુ મહારાજ જે મને કોમળ વચન, અથવા કઠોર વચન વડે શિખામણ આપે છે તે મારા લાભ માટે છે. આ પ્રમાણે બુદ્ધિ વડે વિચારીને શિષ્ય તે શિખામણને સ્વીકારે, પરંતુ ગુરુનું કઠોર વચન સાંભળી ક્રોધ કરે નહિં.

સાતભયથી રહિત અને તત્ત્વના જાણ એવા સુશિષ્યો કઠોર એવા પણ ગુરુના વચનને (આજ્ઞાને) હિતકારક માને છે. જ્યારે મૂર્ખશિષ્યોને ક્ષમા કરનારું, આત્મશુદ્ધિને કરનારું તે ગુરુવચન દ્વેષનું કારણ થાય છે.

ઉંચા નહીં, શબ્દ ન કરે તેવા, સ્થિર એવા આસન (પાટ) ઉપર (ચોમાસામાં) બેસવું. અને કાર્ય હોય તો જ ઉઠવું, કામ વિના ઉઠવું નહીં તથા હાથપગ વારંવાર હલાવ્યાં વિના બેસવું.

જેમ અસ્વાર સારા ઘોડાને શિક્ષા આપતાં આનંદ પામે છે તેમ ગુરુ વિનયવાળા શિષ્યને હિતશિક્ષા આપતાં આનંદ પામે છે. જેમ અસ્વાર હઠીલા ઘોડાને ચલાવતાં થાકી જાય છે તેમ ગુરુ મૂર્ખ શિષ્યને હિતશિક્ષા આપતાં થાકી જાય છે.

(૨૫) પુત્તો મે ભાય નાઈ ત્તિ, સાહૂ કલ્લાણ મન્નઇ ।
પાવદિટ્ઠી ઉ અપ્પાણં, સાસં દાસે ત્તિ મન્નઇ ॥૩૯॥

(૨૬) મણોગયં વક્કગયં, જાણિત્તાયરિયસ્સ ઉ ।
તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાયએ ॥૪૩॥

## પરીષહ અધ્યયન-૨

(૨૭) દિગિંછાપરિગએ દેહે, તવસ્સી ભિક્ખૂ થામવં ।
ન છિન્દે ન છિન્દાવએ, ન પએ ન પયાવએ ॥૨॥

(૨૮) છિન્નાવાએસુ પંથેસુ, આઉરે સુપિવાસિએ ।
પરિસુક્કમુહેડદીને, તં તિતિક્ખે પરીસહં ॥૫॥

આ ગુરુ પુત્ર, ભાઈ, અને સ્વજન જેવો મને ગણીને ઉપદેશ આપે છે. આ પ્રમાણે વિનીત શિષ્ય ગુરુના વચનને કલ્યાણકારક માને છે. પરંતુ પાપદષ્ટિવાળો કુશિષ્ય મને ગુરુ દાસની જેમ આજ્ઞા આપે છે એમ માને છે.

ગુરુના મનમાં રહેલું, તથા વચન વડે કહેલું, તથા કાયામાં રહેલું કાર્ય જાણીને તે ગુરુનું કાર્ય વાણી વડે ''આ કાર્ય હું કરું છું'' એમ અંગીકાર કરીને કાયાથી એટલે ક્રિયા દ્વારા તે કાર્ય કરી દેવું.

તપસ્વી, સંયમબલી મુનિ પોતે ભૂખથી પીડિત હોવા છતાંયે ફળ વગેરેને છેદે નહિં, છેદાવે નહિં, તથા પોતે અન્નાદિ રાંધે નહિં, રંધાવે નહિં.

નિર્જન માર્ગમાં જતાં અત્યંત આકુલ શરીરવાળો, અત્યંત તરસ્યો, થૂંક સુકાવાથી સુકા મુખવાળો, દીનતા વગરનો તૃષા-પરિષહને સહન કરે.

(૨૯) ચરન્તં વિરયં લૂહં, સીયં ફુસઇ એગયા ।
નાઈવેલં મુણી ગચ્છે, સોચ્ચાણં જિણસાસણં ॥૬॥

(૩૦) ઉણ્હાહિતત્તો મેહાવી, સિણાણં નો વિ પત્થએ ।
ગાયં નો પરિસિંચેજ્જા, ન વીએજ્જા ય અપ્પયં ॥૯॥

(૩૧) ન સંત સે ન વારેજ્જા, મણં પિ ન પઓસએ ।
ઉવેહ ન હણે પાણે, ભુંજન્તે મંસસોણિયં ॥૧૧॥

(૩૨) પરિજુણ્ણેહિં વત્થેહિં, હોક્ખામિ ત્તિ અચેલએ ।
અદુવા સચેલએ હોક્ખં, ઈઇ ભિક્ખૂ ન ચિન્તએ ॥૧૨॥

વિહાર કરતાં, સર્વવિરતિવાળા, તેલના માલીસ વગર લૂખા શરીરવાળા એવા સાધુને શીતકાલમાં ઠંડી લાગે ત્યારે જિનાગમને સાંભળીને (જીવ અને શરીર જુદાં છે વગેરે) સ્વાધ્યાય વગેરે સમય બગાડીને બીજા સ્થાને જાય નહિં.

ગરમીથી અકળાયેલો, મર્યાદામાં રહેલા સાધુએ સ્નાનની ઈચ્છા માત્ર પણ કરવી નહિં, તથા શરીરને ઉપર થોડું પણ પાણી છાંટી ભીનું કરવું નહિં. તથા વીંઝણા વગેરેથી જરા પણ હવા ન નાંખે.

સાધુ મચ્છર, ડાંસ વગેરેથી ઉદ્વેગ ન પામે, તેમને ઉડાડવા નહિં તથા મનમાં પણ તેની ઉપર દ્વેષ લાવવો નહિં પરંતુ તેમની ઉપેક્ષા કરવી-કરડવા દેવા, તથા પોતાના માંસ-લોહીને ખાનારા જીવોને ન હણે.

(વસ્ત્ર જીર્ણ થાય ત્યારે) જીર્ણ વસ્ત્રોથી હું વસ્ત્રરહિત થઈ જઈશ એ પ્રમાણે સાધુ (દીનતાથી) ન ચિંતવે અથવા નવા વસ્ત્રસહિત થઈશ એ પ્રમાણે હર્ષ ન પામે.

(૩૩) ગામાણુગામં રીયન્તં, અણગારં અકિંચણં ।
અરઈ અણુપ્પવિસિજ્જા, તં તિતિક્ખે પરીસહં ॥૧૪॥

(૩૪) અસમાણો ચરે ભિક્ખૂ, નેવ કુજ્જા પરિગ્ગહં ।
અસંસત્તો ગિહત્થેહિં, અણિકેઓ પરિવ્વએ ॥૧૯॥

(૩૫) સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વ એગગો ।
અકુક્કુઓ નિસીએજ્જા, ન ય વિત્તાસએ પરં ॥૨૦॥

(૩૬) ઉચ્ચાવયાહિં સિજ્જાહિં, તવસ્સી ભિક્ખૂ થામવં।
નાઈવેલં નિહણેજ્જા, પાવદિટ્ઠી વિહણઈ ॥૨૨॥

એક ગામથી બીજે ગામ વિચરતાં, પરિગ્રહરહિત સાધુને સંયમસંબંધી અપ્રીતિ પ્રાપ્ત થાય, તો તે પરીષહને સહન કરવો.

સાધુ જેની સમાન કોઈ નથી, (ગૃહસ્થથી તથા બીજા-કુતીર્થિકોથી વિલક્ષણ) એવો વિચરે, તથા પરિગ્રહને ન જ કરે, તથા ગૃહસ્થોની સાથે સંબંધ રહિત અને ઘર રહિત એવો સર્વત્ર વિહાર કરે.

શ્મશાનમાં અથવા શૂન્યઘરમાં અથવા વૃક્ષની નીચે એકલો સાધુ દુષ્ટ ચેષ્ટારહિત બેસે, તથા બીજાને ત્રાસ ન ઉપજાવે.

મનોબલી, તપસ્વી, સાધુએ ઊંચા-નીચા સ્થાનો મળવા છતાં સમયનું ઉલ્લંઘન કરીને બીજા સ્થાનમાં જાય નહિં. પાપદૃષ્ટિવાળો સારું સ્થાન (ઊંચું) મળતાં રાગ તથા નીચું (ખરાબ) સ્થાન મળતાં દ્વેષ કરે છે. મુનિ શય્યા પરિષહને સહે....

(૩૭) અક્કોસિજ્જ પરો ભિક્ખું, ન તેસિં પડિસંજલે।
સરિસો હોઈ બાલાણં, તમ્હા ભિક્ખૂ ન સંજલે ॥૨૪॥

(૩૮) સોચ્ચાણં ફરુસા ભાસા, દારુણા ગામકંટયા।
તુસિણીઓ ઉવેહિજ્જા, ન તાઓ મણસી કરે ॥૨૫॥

(૩૯) હઓ ન સંજલે ભિક્ખૂ, મણં પિ ન પઓસએ।
તિતિક્ખં પરમં નચ્ચા, ભિક્ખુધમ્મં વિચિંતએ ॥૨૬॥

(૪૦) સમણં સંજયં દન્તં, હણેજ્જા કોવિ કત્થઈ।
નત્થિ જીવસ્સ નાસો ત્તિ, એવં પેહિજ્જ સંજએ ॥૨૭॥

(૪૧) પરેસુ ઘાસમેસિજ્જા, ભોયણે પરિણિટ્ઠિએ।
લદ્ધે પિંડે અલદ્ધે વા, નાણુતપ્પિજ્જ સંજએ ॥૩૦॥

જો બીજો કોઈ માણસ સાધુને આક્રોશ કરે તો તેના પર પોતે કોપ કરે નહિં. કોપ કરવાથી તે સાધુ મૂર્ખ (અજ્ઞાની) જેવો થાય છે. તે કારણથી સાધુએ કોપ ન કરવો.

દારૂણ એટલે (=સંયમની ધૃતિને નાશ કરનારી) તથા કાનને કંટક જેવી કઠોર ભાષા સાંભળીને સાધુએ મૌન રહી તે કઠોર ભાષાની ઉપેક્ષા કરવી. તથા તે કઠોર ભાષાને મનમાં પણ ન લાવવી.

સાધુ કોઈએ લાકડી વગેરેથી માર્યો હોય તો પણ કોપવાળો ન થાય તથા મનને પણ દ્વેષવાળું કરે નહિં, પરંતુ તિતિક્ષા (=ક્ષમા) ઉત્કૃષ્ટ છે એમ જાણીને સાધુધર્મનું ચિંતવન કરે.

કોઈ માણસ કોઈ સ્થાને સંયત, દાંત સાધુને તાડન કરે, ત્યારે આના તાડનથી મારા જીવનો નાશ થવાનો નથી. એ પ્રમાણે સાધુ વિચારે.

ભોજન તૈયાર થાય ત્યારે મુનિ ગૃહસ્થીઓના ઘરને વિષે ભિક્ષાની ગવેષણા કરે, ત્યાર પછી ભિક્ષા મળે તો ખુશી ન થાય અથવા ભિક્ષા ન મળે તો સાધુ પશ્ચાત્તાપ કરે નહિં.

(૪૨) અજ્જેવાહં ન લબ્ભામિ,
અવિ લાભો સુવે સિઆ ।
જો એવં પડિસંચિક્ખે, અલાભો તં ન તજ્જએ ॥૩૧॥

(૪૩) નચ્ચા ઉપ્પઈયં દુક્ખં, વેયણાએ દુહટ્ટિએ ।
અદીણો ઠાવએ પન્નં, પુટ્ઠો તત્થ હિયાસએ ॥૩૨॥

## ચતુરંગીય અધ્યયન-૩

(૪૪) સુઈં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિઅં પુણ દુલ્લહં ।
બહવે રોઅમાણા વિ, નો યણં પડિવજ્જએ ॥૧૦॥

(૪૫) સોહી ઉજ્જુઅભૂઅસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ ।
નિવ્વાણં પરમં જાઈ, ઘયસિત્ત વ્વ પાવએ ॥૧૨॥

મને આજે જ ભિક્ષા મળી નથી, પરંતુ કાલ અથવા પરમદિવસે ભિક્ષાનો લાભ થશે એ પ્રમાણે જે સાધુ દીનતારહિતપણે અલાભઆશ્રયી વિચાર કરે. તે સાધુને અલાભપરિષહ પરાભવ કરી શકતો નથી.

(દુઃખ=) રોગને ઉત્પન્ન થયેલ જાણીને તેની વેદનાથી દુઃખ વડે પીડા પામેલા સાધુ દીનતા રહિત થયેલા પોતાના જ કર્મનું આ ફળ છે એવી તત્ત્વબુદ્ધિને સ્થાપન કરે એટલે સ્થિર કરે અને રોગથી ઉત્પન્ન થયેલું દુઃખ સહન કરે.

ધર્મશ્રવણ, મનુષ્યપણું તથા ધર્મશ્રદ્ધાને પામીને પણ સંયમ લેવાનું વીર્ય અત્યંત દુર્લભ છે ઘણા મનુષ્યો રુચિવાળા (શ્રદ્ધાવાળા) હોવા છતાં પણ સંયમને અંગીકાર કરતા નથી.

ઋજુભૂત → મોક્ષમાર્ગ પ્રત્યે જે સરળ હોય તેને શોધિ થાય છે (કલુષતાનો નાશ થાય છે) શુદ્ધ થયેલાને ધર્મ (યતિધર્મ) સ્થિર થાય છે તથા સ્થિર ધર્મવાળાને ઉત્કૃષ્ટ નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત થાય છે ઘી વડે સિંચાયેલા અગ્નિની જેમ.

## પ્રમાદાપ્રમાદ અધ્યયન-૪

(૪૬) સુત્તેસુ આવી પડિબુદ્ધજીવી,
ન વીસસે પંડિઅ આસુપણ્ણે ।
ઘોરા મુહુત્તા અબલં સરીરં,
ભારંડપક્ખીવ ચરડપ્પમત્તો ॥ ૬ ॥

(૪૭) ચરે પયાઈ પરિસંકમાણો,
જં કિંચિ પાસં ઈહ મન્નમાણો ।
લાભાંતરે જીવિઅ વૂહઈત્તા,
પચ્છા પરિણ્ણાય મલાવધંસી ॥ ૭ ॥

(૪૮) છંદં નિરોહેણ ઉવેઇ મુક્ખં,
આસે જહા સિક્ખિઅવમ્મધારી ।
પુવ્વાઈ વાસાઈ ચરપ્પમત્તો,
તમ્હા મુણી ખિપ્પમુવેઇ મોક્ખં ॥૮॥

આશુપ્રજ્ઞ, (ઉચિત કાર્યમાં શીઘ્રપ્રવૃત્તિ કરવાની બુદ્ધિવાળો) પ્રતિબુદ્ધ (જાગતો) એવો પંડિતપુરુષ અવિવેકી મનુષ્યોનો સૂતાં હોય તો પણ વિશ્વાસ ન કરે. કારણ આયુષ્યની હાનિ કરનાર હોવાથી એક ક્ષણ પણ ભયંકર છે શરીર બળરહિત છે. જેથી ભારંડપક્ષીની જેમ પ્રમાદરહિત તું ચાલ.

ધર્મનાં સ્થાનોને વિષે ભૂલ ન થાય તેવી શંકા કરતો તથા જે કાંઈ પ્રમાદનાં સ્થાનોને પાશ રુપે સંયમમાં માનતો સાધુ વિચરે. જ્ઞાન દર્શન વગેરેનો વિશેષ વિશેષ લાભ જોઈ શરીરને વૃદ્ધિ પમાડીને પછી છેલ્લે શરીરનો ત્યાગ કરીને (અનશન) કર્મરૂપ મળનો નાશ કરનાર થાય.

જેમ શિક્ષા પામેલો અને બખ્તરને ધારણ કરનારો અશ્વ શિક્ષકની ઇચ્છા પ્રમાણે ચાલવાથી નિર્ભયસ્થાને પહોંચે છે તેમ મુનિ સ્વચ્છંદપણાના નિરોધથી (ગુરુપારતંત્ર્યતાથી) મોક્ષને પામે છે. તેથી પૂર્વવર્ષો સુધી પ્રમાદ રહિત થઈને સાધુમાર્ગે ચાલો...

(૪૯) બહિયા ઉઙ્ઢમાદાય, નાવકંખે કયાઇવિ ।
પુવ્વકમ્મખયટ્ઠાએ, ઈમં દેહં સમુદ્ધરે ॥૧૪॥

(૫૦) વિગિંચ કમ્મુણો હેઉં,
કાલકંખી પરિવ્વએ ।
માયં પિંડસ્સ પાણસ્સ,
કડં લદ્ધૂણ ભક્ખએ ॥૧૫॥

(૫૧) સન્નિહિં ચ ન કુવ્વિજ્જા, લેવમાયાઈ સંજએ ।
પક્ખી પત્તં સમાદાય, નિરવિક્ખો પરિવ્વએ ॥૧૬॥

(૫૨) એષણાસમિઓ લજ્જૂ, ગામે અણિયઓ ચરે ।
અપ્પમત્તો પમત્તેહિં, પિંડવાયં ગવેસએ ॥૧૭॥

મોક્ષનું લક્ષ્ય રાખનાર મુનિ ક્યારે પણ વિષયનો અભિલાષ ન કરે, આસક્તિ વગર પૂર્વે કરેલા કર્મનો ક્ષય કરવા માટે આ દેહનું ઉચિત આહારાદિ વડે પાલન કરવું યોગ્ય છે.

ક્રિયાના અવસરનો જાણ સાધુ કર્મના હેતુને (મિથ્યાત્વાદિ), આત્માથી જુદા કરીને સંયમમાર્ગમાં વિચરે. તથા આહાર-પાણીના પ્રમાણને જાણીને ગૃહસ્થીએ પોતાના માટે કરેલા આહાર-પાણીને મેળવીને ભક્ષણ કરે - વાપરે.

તથા સાધુ લેપની માત્રા વડે પણ સંનિધિ (ઘી ગોળ વગેરે પદાર્થોનો સંગ્રહ) કરે નહિં, પક્ષીની જેમ પાત્રાદિ ઉપકરણો ગ્રહણ કરીને અભિલાષારહિત (નિરપેક્ષ) સંયમમાર્ગમાં વિચરે.

તથા એષણાસમિતિના ઉપયોગમાં તત્પર અને લજ્જાવાન સાધુ ગામ નગરાદિને વિશે નિત્યવાસ રહિત વિચરે. તથા પ્રમાદ રહિત એવો સાધુ પ્રમાદી ગૃહસ્થોની પાસેથી નિર્દોષ ભિક્ષાની ગવેષણા કરે.

# કાપિલીયાખ્યમધ્યયન-૮

(૫૩) અધુવે અસાસયંમિ, સંસારંમિ દુકખપઉરાએ ।
કિં નામ હોજ્જ તં કમ્મયં, જેણાહં દુગ્ગઈ ન ગચ્છેજ્જા ।૧।

(૫૪) વિજહિત્તુ પુવ્વસંજોગં,
ન સિણેહં કહિંચિ કુવ્વિજ્જા ।
અસિણેહ સિણેહકરેહિં,
દોસપઓસેહિં મુચ્ચએ ભિકખુ ॥૨॥

(૫૫) સવ્વં ગન્થં કલહં ચ, વિપ્પજહે તહાવિહં ભિકખૂ ।
સવ્વેસુ કામજાએસુ, પાસમાણો ન લિપ્પઇ તાઈ ॥૪॥

(૫૬) સુદ્ધેસણાઓ નચ્ચાણં,
તત્થ ઠવિજ્જ ભિકખૂ અપ્પાણં ।
જાયાએ ઘાસમેસિજ્જા,
રસિગિદ્ધે ન સિઆ ભિકખાએ ॥૧૧॥

અધ્રુવ, (=સ્થિરતા રહિત) અશાશ્વત, તથા શારીરિક અને માનસિક પ્રચુર દુઃખવાળા આ સંસારને વિશે ક્યું એવું કર્મ (અનુષ્ઠાન) છે કે જે અનુષ્ઠાન વડે હું દુર્ગતિ પ્રત્યે ન જાઉં ?

સાધુ જે પૂર્વના સંયોગને (સ્વજનોને) તજીને કાંઈ પણ પરિગ્રહને વિશે સ્નેહને કરે નહિં. તથા સ્નેહને કરનારા સ્ત્રી પુત્રાદિને વિષે પણ સ્નેહ રહિત થયેલા એવા સાધુ દોષ (મનનો સંતાપ) અને પ્રદોષથી (=પરલોકમાં નરકાદિનાં દુઃખો) મૂકાય છે.

સાધુ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો તથા ક્રોધ વગેરેનો ત્યાગ કરે. તથા સર્વ શબ્દાદિ વિષયોના સમૂહને દુષ્ટ રીતે જોતો એવો રક્ષક સાધુ લેપાતો નથી તે વિષયોમાં આસક્ત થતો નથી.

શુદ્ધ એષણાને જાણીને તે નિર્દોષ એષણાને વિષે આત્માને સ્થાપન કરે, ભિક્ષાર્થી સાધુ સંયમનિર્વાહને માટે આહારની ગવેષણા કરે. પરંતુ સ્નિગ્ધ મધુરાદિ રસને વિષે આસક્ત થાય નહીં.

(૫૭) પંતાણિ ચેવ સેવિજ્જા, સીઅપિંડં પુરાણકુમ્માસં ।
અદુ બુક્કસં પુલાગં વા, જવણટ્ઠાએ નિસેવએ મંથું ॥૧૨॥

## નમિપ્રવ્રજ્યા અધ્યયન-૯

(૫૮) સુહં વસામો જીવામો, જેસિં મો નત્થિ કિંચણં ।
મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઇ કિંચણં ॥૧૪॥

(૫૯) ચત્તપુત્તકલત્તસ્સ, નિવ્વાવારસ્સ ભિક્ખુણો ।
પિયં ન વિજ્જએ કિંચિ, અપ્પિયં પિ ન વિજ્જએ ॥૧૫॥

(૬૦) બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો ।
સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ ॥૧૬॥

શરીરના નિર્વાહને માટે પ્રાંત (=નીરસ) આહારને જ સેવે. ઠંડો આહાર, અડદ તથા મગ વગેરેના કુસકા તથા વાલ ચણા વગેરે તથા બોર વગેરેનાં ચૂર્ણને સેવે-ખાય.

હે ઇન્દ્ર ! સુખેથી અમે વસીએ છીએ અને જીવીએ છીએ જે અમારી કાંઈ પણ વસ્તુ નથી. તેથી કરીને મિથિલાનગરી બળતાં મારું કાંઈ પણ બળતું નથી.

ત્યજી દીધા છે પુત્ર અને સ્ત્રી વગેરે જેણે એવા તથા વ્યાપાર રહિત એવા ભિક્ષુને કાંઈ પણ પ્રિય નથી તેમજ અપ્રિય પણ કાંઈ હોતું નથી.

બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહથી વિમુક્ત, હું એકલો જ છું એવા નિશ્ચયને જોતા-વિચારતા, તથા ઘર રહિત એવા મુનિને ભિક્ષુક છતાં પણ ઘણું જ સુખ છે.

(૬૧) જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિણે ।
એગં જિણિજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ ॥૩૪॥

(૬૨) અપ્પાણમેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ ।
અપ્પાણમેવ અપ્પાણં, જઈત્તા સુહમેહએ ॥૩૫॥

(૬૩) પંચિદિઆણિ કોહં, માણં માયં તહેવ લોભં ચ ।
દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વમપ્પે જિએ જિયં ॥૩૬॥

(૬૪) જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ ।
તસ્સાવિ સંજમો સેઓ, અદિંતસ્સાવિ કિંચણં ॥૪૦॥

જે દુર્જય એવા સંગ્રામને વિષે લાખો સુભટોને જીતે તે કરતાં જે એક આત્માને જ જીતે તો તે તેનો ઉત્કૃષ્ટ જય છે. એટલે કે સર્વ કરતાં એક આત્માને જીતવો તે જ દુર્જય છે.

આત્માની સાથે જ તું યુદ્ધ કર, તારે બાહ્યરાજાઓને આશ્રયીને યુદ્ધ કરવા વડે શું ફળ છે ? કેવળ આત્મા વડે જ આત્માને જીતીને સાધુ મુક્તિના સુખને પામે છે.

દુર્જય એવી પાંચ ઇંદ્રિય, ક્રોધ, માન, માયા, લોભ અને મન, એ સર્વ આત્મા જીતાવાથી જીતાયાં જ છે.

જે મનુષ્ય મહિને મહિને દશ લાખ ગાયોનું દાન આપે તેને પણ (આટલું બધું દાન આપનારને પણ) કાંઈ પણ દાન દીધા વિના સર્વવિરતિ અંગીકાર કરવી તે શ્રેયસ્કર છે.

(૬૫) માસે માસે ઉ જો બાલો, કુસગ્ગેણં તુ ભુંજએ ।
ન સો સુઅક્ખાયધમ્મસ્સ, કલં અગ્ઘઈ સોલસિં ॥૪૪॥

(૬૬) સુવ્વણ્ણરુપ્પસ્સ ઉ પવ્વયા,
ભવે સિયા હુ કેલાસસમા અસંખયા ।
નરસ્સ લુદ્ધસ્સ ન તેહિં કિંચિં,
ઈચ્છા ઉ આગાસસમા અણંતિયા ॥૪૮॥

(૬૭) પુઢવી સાલી જવા ચેવ,
હિરણ્ણં પસુભિસ્સહ ।
પડિપુણ્ણં નાલમેગસ્સ,
ઈઈ વિજ્જા તવં ચરે ॥૪૯॥

(૬૮) સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા ।
કામે પત્થેમાણા, અકામા જંતિ દુગ્ગઈં ॥ ૫૩ ॥

જે માણસ મહિના મહિનાના ઉપવાસ તપ કરી પારણાને દિવસે માત્ર ડાભના અગ્રભાગ પર રહે તેટલું જ ભોજન કરે તો પણ તે માણસ સાધુધર્મના સોળમા ભાગને (સોળમી કળાને) પણ પામે નહિં.

સુવર્ણ અને રૂપાના કદાચિત્ મેરુપર્વત જેવડા જ અસંખ્ય પર્વતો મળ્યા હોય તો પણ તેનાથી લોભી મનુષ્યને કાંઈ પણ તૃપ્તિ થતી નથી. કારણ કે મનુષ્યની ઈચ્છા આકાશ જેવડી અનંતી હોય છે.

સમગ્ર પૃથ્વી, સમગ્ર ડાંગર, જવ તથા બીજા ધાન્યો તથા સર્વ પશુઓ સહિત, તમામ સુવર્ણ આદિ સમસ્ત વસ્તુઓ પણ એક જીવની તૃપ્તિ માટે સમર્થ થતી નથી. એમ જાણીને બાર પ્રકારનો તપ આચરવો તે જ યોગ્ય છે.

શબ્દાદિ કામભોગો શલ્ય જેવા છે, કામો વિષ જેવા છે. કામો સર્પની ઉપમાવાળા છે. કામોની પ્રાર્થના કરવા છતાં પ્રાણીઓ કામની પ્રાપ્તિરહિત જ દુર્ગતિમાં જાય છે.

(૬૯) અહે વયઈ કોહેણં, માણેણં અહમા ગઈ ।
માયા ગઈપડિગ્ઘાઓ, લોહાઓ દુહઓ ભયં ॥૫૪॥

## દ્રુમપત્રક અધ્યયન-૧૦

(૭૦) દુમપત્તએ પણ્ડુયએ જહા,
નિવડઈ રાઈગણાણમચ્ચએ ।
એવં મણુયાણ જીવિયં,
સમયં ગોયમ ! મા પમાયએ ॥૧॥

(૭૧) વુછિન્દ સિણેહમપ્પણો,
કુમુઅં સારઈયં વ પાણિયં ।
સે સવ્વસિણેહવજ્જિએ,
સમયં ગોયમ ! મા પમાયએ ।૨૮।

(૭૨) ચિચ્ચા ધણં ચ ભારિયં,
પવ્વઈઓ હિ સિ અણગારિયં ।
મા વન્તં પુણો વિ આવિએ,
સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૯॥

પ્રાણી ક્રોધ વડે નીચે નરકગતિમાં જાય છે. માન વડે અધમગતિ થાય છે. માયા વડે સારી ગતિનો વિનાશ થાય છે. તથા લોભથી આ ભવ સંબંધી અને પરભવ સંબંધી એમ બન્ને પ્રકારનો ભય પ્રાપ્ત થાય છે.

જેમ ઘણા રાત્રિદિવસ પસાર થતાં કાળે કરીને પાકી જવાથી શ્વેત થયેલું વૃક્ષનું પાંદડું પડી જાય છે. એ જ પ્રમાણે મનુષ્યોનું આયુષ્ય ક્ષીણ થાય છે તેથી હે ગૌતમ ! એક સમય માત્ર પણ પ્રમાદ કરવો નહિં.

શરદઋતુ સંબંધી ચંદ્રવિકાસી કમલ જળને જેમ તજી દે છે તેમ તું મારા ઉપરનો પોતાનો સ્નેહ દૂર કર અને ત્યાર પછી સર્વ સ્નેહથી રહિત થઈ હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ ન કર.

કારણ કે ધન અને ભાર્યાને તજીને તું મુનિપણાને પામ્યો છે તેથી વમેલાને ફરીથી પી નહિં પરંતુ હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.

(૭૩) અવઉજ્જિય મિત્તબન્ધવં,
વિઉલં ચેવ ધણોહસંચયં ।
મા તં બિઇયં ગવેસએ,
સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૦॥

(૭૪) તિણ્ણો હુ સિ અણ્ણવં મહં,
કિં પુણ ચિટ્ઠસિ તીરમાગઓ ।
અભિતુર પારં ગમિત્તએ,
સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૪॥

## બહુશ્રુતપૂજા અધ્યયન-૧૧

(૭૫) અહ પંચહિં ઠાણેહિં, જેહિં સિક્ખા ન લબ્ભઇ ।
થંભા કોહા પમાએણં, રોગેણાલસ્સએણ ય ॥૩॥

(૭૬) અહ અટ્ઠહિં ઠાણેહિં,
સિક્ખાસીલે ત્તિ વુચ્ચઇ ।
અહસ્સિરે સયા દન્તે,
ન ય મમ્મમુદાહરે ॥૪॥

મિત્રો તથા બાંધવોને અને વિપુલ સુવર્ણાદિ ધનના સમૂહને તજીને તે મિત્રાદિનો ફરીથી શોધ ન કર. કારણ તે વમન કરીને ફરીથી વમનપાન કરવા જેવું છે. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.

મોટા-ઘણા સંસાર સમુદ્રને તું તરી ગયો જ છે. હવે કાંઠે આવીને કેમ અટકી રહે છે ? કેમ ઉદાસીનતાને ધારણ કરે છે ? પાર પામવાને માટે ઉતાવળ કર. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.

પાંચ સ્થાનો વડે કરીને ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા પમાતી નથી. તે પાંચ સ્થાનો (૧) માનથી, (૨) ક્રોધથી, (૩) (મદ્યાદિ) પ્રમાદથી, (૪) રોગથી, (કુષ્ઠાદિ) (૫) અનુત્સાહથી, (આલસ)

આઠ સ્થાનો વડે કરીને ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા પમાય છે (૧) જેને નિરંતર હસવાનો સ્વભાવ ન હોય તે. (૨) જે સર્વદા ઇંદ્રિયનું દમન કરનાર હોય તે. (૩) જે અન્યની ગુપ્તવાતને કહેતો ન

(૭૭) નાસીલે ન વિસીલે ય,
ન સિયા અઈલોલુએ ।
અકોહણે સચ્ચરએ,
સિક્ખાસીલે ત્તિ વુચ્ચઈ ॥૫॥

(૭૮) અહ ચઉદસહિં ઠાણેહિં,
વટ્ટમાણે ઉ સંજએ ।
અવિણીએ વુચ્ચઇ સો ઉ,
નિવ્વાણં ચ ન ગચ્છઇ ॥૬॥
(૭૯) અભિક્ખણં કોહી હવઈ,
પબન્ધં ચ પકુવ્વઇ ।
મિત્તિજ્જમાણો વમઈ,
સુયં લદ્ધૂણ મજ્જઇ ॥૭॥
(૮૦) અવિ પાવપરિક્ખેવી,
અવિ મિત્તેસુ કુપ્પઈ ।
સુપ્પિયસ્સાવિ મિત્તસ્સ,
રહે ભાસઈ પાવગં ॥૮॥

હોય તે. (૪) જે સર્વથા શીલ રહિત ન હોય તે. (૫) જે અતિચાર વડે વ્રતને કલુષિત કરનાર ન હોય તે. (૬) તથા જે અત્યંત રસલંપટ ન હોય તે. (૭) જે અતિક્રોધી ન હોય તે. (૮) જે સત્યવ્રતમાં રક્ત હોય તે...

ચૌદ સ્થાનોમાં જે રહેતો હોય તે અવિનયી કહેવાય છે. (૧) કારણ હોય કે નહિં પરંતુ વારંવાર ક્રોધ કરનાર.. (૨) અનેક રીતે શાંત પાડવા છતાં કોપને નિરંતર રાખનાર.... (૩) પહેલા મૈત્રી બાંધી પાછળથી તોડી નાંખનાર.... (૪) શ્રુતને ભણીને ગર્વ કરનાર... (૫) આચાર્ય વગેરેનાં છિદ્રો શોધી નિંદા કરનાર... (૬) મિત્રો ઉપર કોપ કરનાર.... (૭) અત્યંત પ્રિય પણ મિત્રની સમક્ષ પ્રિય બોલે અને એની ગેરહાજરીમાં એના દોષને પ્રગટ કરનાર... (૮) જે કાંઈ વાત કરે તેમાં ''આ આમ જ છે.'' એમ એકાંતવાદવાળી ભાષા બોલનાર... (૯) મિત્ર વગેરે પર દ્રોહ કરવાના સ્વભાવવાળો... (૧૦) સ્તબ્ધ = હું તપસ્વી છું એ પ્રમાણે ગર્વ કરનાર... (૧૧) લુબ્ધ = ભોજનમાં લુબ્ધ... (૧૨) વિષયોનો ગુલામ - ઈંદ્રિયોનો નિગ્રહ ન કરનાર... (૧૩) મનોહર આહાર વગેરે

(૮૧) પઇણ્ણવાઇ દુહિલે,
થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।
અસંવિભાગી અવિયત્તે,
અવિણીએ ત્તિ વુચ્ચઇ ॥૯॥

(૮૨) અહ પન્નરસહિં ઠાણેહિં,
સુવિણીએ ત્તિ વુચ્ચઈ ।
નીઆવિત્તી અચવલે,
અમાઈ અકુઉહલે ॥૧૦॥
(૮૩) અપ્પં ચ અહિક્ખિવઈ,
પબન્ધં ચ ન કુવ્વઇ ।
મિત્તિજ્જમાણો ભયઈ,
સુયં લદ્ધું ન મજ્જઇ ॥૧૧॥
(૮૪) ન ય પાવપરિક્ખેવી,
ન ય મિત્તેસુ કુપ્પઇ ।
અપ્પિયસ્સાવિ મિત્તસ્સ,
રહે કલ્લાણ ભાસઈ ॥૧૨॥
(૮૫) કલહડમરવજ્જએ, બુદ્ધે અભિજાઇગે ।
હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઇ ॥૧૩॥

અતિ લોલુપતાને લીધે બીજાને જરા પણ ન આપનાર... (૧૪) અપ્રીતિકર : જોવાથી કે બોલાવવાથી સર્વને અપ્રીતિ જ ઉપજાવે-સર્વને અળખામણો બનેલો. આવો અવિનીત મોક્ષને પામતો નથી.

પંદર સ્થાનોમાં રહેલો સાધુ વિનયી કહેવાય છે. (૧) નીચવર્તી = ઉદ્ધતાઈ વગરનો... ગુરુજનને વિશે નમ્રતાવાળો (૨) અચપળ = ગતિ, સ્થાન, ભાષા અને ભાવની અપેક્ષાએ ચપલતા વગરનો (૩) અમાયી = માયારહિત. (૪) અકુતુહલી = કુતુહલ જોવામાં તત્પર ન હોય તે... (૫) કોઈનો તિરસ્કાર ન કરે તે. (૬) ક્રોધ ન કરે તે... (૭) મિત્ર વગેરેના ઉપકારને નહિં ભૂલનાર... મૈત્રીને ભજનાર... (૮) શ્રુતજ્ઞાનને ભણીને અભિમાન ન કરે તે... (૯) આચાર્ય, ગુરુ વગેરેના છિદ્રોને ન જોનાર (૧૦) અપરાધી મિત્ર ઉપર ક્રોધ ન કરનાર (૧૧) અપ્રિય એવા મિત્રનું પણ એકાંતમાં સારું બોલે તે... (૧૨) જીભાજોડી અને હાથોહાથથી યુદ્ધને વર્જનાર (૧૩) બુદ્ધિમાન (૧૪) લજ્જાવાળો (૧૫) પ્રતિસંલીન અંગોપાંગને ગોપવનારો એટલે ગુરુની પાસે અથવા બીજે ઠેકાણે રહ્યો હોય તો ય કામવિના જેમ તેમ ચેષ્ટા કરે નહિં તે...

(૮૬) વસે ગુરુકુલે નિચ્ચં, જોગવં ઉવહાણવં ।
પિયંકરે પિયંવાઈ, સે સિક્ખં લદ્ધુમરિહઈ ॥૧૪॥

## સભિક્ષુ અધ્યયન-૧૫

(૮૭) મોણં ચરિસ્સામિ સમેચ્ચ ધમ્મં,
સહિએ ઉજ્જુકડે નિયાણછિન્ને ।
સંથવં જહિજ્જ અકામકામે,
અન્નાએસી પરિવ્વએ સ ભિક્ખૂ ॥૧॥

(૮૮) રાઓવરયં ચરિજ્જ લાઢે,
વિરએ વેદવિયાયરક્ખિએ ।
પન્ને અભિભૂય સવ્વદંસી,
જે કમ્હિવિ ન મુચ્છિએ સ ભિક્ખૂ ॥૨॥

નિરંતર ગુરુકૂળમાં વસનાર, ધર્મના વ્યાપારવાળો, ઉપધાનતપ કરનાર. બધાનું પ્રિય કરનાર, પ્રિય બોલનાર, એવો તે વિનયી સાધુ ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા શીખવાને માટે લાયક થાય છે.

હું મુનિપણાનું પાલન કરીશ એવી ઈચ્છાથી ધર્મને સ્વીકારી બીજા સાધુઓની સાથે રહેતો હોય, તથા ઋજુતાથી ક્રિયાદિ કરતો હોય, નિયાણાને ન કરતો હોય, સ્વજનાદિ પરિચયને તજતો હોય. તથા ઈચ્છા વગરનો હોય, અજ્ઞાતકુળમાં ભિક્ષા ગ્રહણ કરવાને ઈચ્છતો એવો જે વિચરે. તે જ ભિક્ષુ છે.

સમ્યગ્ અનુષ્ઠાન કરવાથી પ્રધાન એવો જે સાધુ રાગ રહિતપણે વિચરે તથા વિરત, આગમને જાણનાર, આત્માનું રક્ષણ કરનાર, પ્રાજ્ઞ, પરિષહ વગેરેનો પરાભવ કરનાર, તથા સર્વપ્રાણીને પોતાના આત્માની જેવો જ જોતો, કોઈમાં પણ મૂર્ચ્છાવાલો ન હોય તે ભિક્ષુ કહેવાય છે.

(૮૯) અક્કોસવહં વિઈત્તુ ધીરે,
મુણી ચરે લાઢે નિચ્ચમાયગુત્તે ।
અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે,
જે કસિણં અહિઆસએ સ ભિક્ખૂ ॥૩॥

(૯૦) પંતં સયણાસણં ભઈત્તા,
સીઉણ્હં વિવિહં ચ દંસમસગં ।
અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે,
જે કસિણં અહિઆસએ સ ભિક્ખૂ ॥૪॥

(૯૧) નો સક્કયમિચ્છઇ ન પૂયં,
નો વિય વંદણગં કઓ પસંસં ।
સે સંજએ સુવ્વએ તવસ્સી,
સહિએ આયગવેસએ સ ભિક્ખૂ ॥૫॥

(૯૨) જેણ પુણ જહાઇ જીવિયં,
મોહં વા કસિણં નિઅચ્છઇ ।
નરનારિં પજહે સયા તવસ્સી,
ન ય કોઉહલં ઉવેઇ સ ભિક્ખૂ ॥૬॥

આક્રોશ અને વધને પામેલો મુનિ સ્વકૃત કર્મનું ફળ છે એમ જાણી ધીર સાધુ સંયમપાલનમાં તત્પર, નિરંતર આત્માનું રક્ષણ કરતો વિચરે. તથા અશુભધ્યાન વગરના મનવાળો, આક્રોશ વગેરેમાં હર્ષ ન પામતો એવો જે સાધુ સમગ્ર આક્રોશાદિને સહન કરે તે ભિક્ષુ કહેવાય છે.

નિઃસાર એવા શયન, આસન વગેરેને સેવીને તથા વિવિધ પ્રકારના શીત-ઉષ્ણ-ડાંસ-મચ્છર વગેરે પરિષહોમાં આકુળ નથી મન જેનું એવા અને આક્રોશાદિમાં હર્ષ ન પામે એવો જે સાધુ તે સમગ્રને સમભાવે સહન કરે તે ભિક્ષુ કહેવાય છે.

જે સત્કારને, પૂજાને, તથા વંદનને ઈચ્છતો ન હોય, તો પછી પ્રશંસાને તો ઈચ્છે જ ક્યાંથી ? સંયત, સારા વ્રતવાળો હોય, ઉત્કૃષ્ટ તપવાળો હોય, તથા જ્ઞાન અને ક્રિયાવાળો હોય, શુદ્ધ આત્માની ગવેષણા કરનાર હોય તે જ ભિક્ષુ કહેવાય છે.

જે નિમિત્ત દ્વારા સંયમજીવનને છોડે છે. કષાય વગેરે સઘલાં મોહનીયકર્મ બાંધે છે. તે નિમિત્ત રૂપ નરનારીનો હંમેશા જે તપસ્વી છે તે ત્યાગ કરે અને જે વિષયાદિ સંબંધી કુતુહલનો ત્યાગ કરે તે ભિક્ષુ છે.

(૯૩) છિન્નં સરં ભોમમંતલિક્ખં,

સુવિણં લક્ખણદંડવત્થુવિજ્જં ।

અંગવિયારં સરસ્સ વિજયં,

જે વિજ્જાહિં ન જીવઇ સ ભિક્ખૂ ॥૭॥

(૯૪) મંતં મૂલં વિવિહં વિજ્જચિન્તં,

વમણવિરેયણધૂમનિત્તસિણાણં ।

આઉરે સરણં તિગિચ્છિત્તં ચ,

તં પરિન્નાય પરિવ્વએ સ ભિક્ખૂ ॥૮॥

(૯૫) ખત્તિયગણઉગ્ગરાયપુત્તા,

માહણ ભોઇય વિવિહા ય સિપ્પિણો ।

નો તેસિં વયઇ સલોગપૂયં,

તં પરિન્નાય પરિવ્વએ સ ભિક્ખૂ ॥૯॥

(૯૬) ગિહિણો જે પવ્વઇએણ દિટ્ઠા,

અપવ્વઈએણ વ સંથુઆ હવિજ્જા ।

તેસિં ઇહલોઇઅફલટ્ઠા,

જો સંથવં ન કરેઇ સ ભિક્ખૂ ॥૧૦॥

જે સાધુ, છિન્નવિદ્યા, સ્વરવિદ્યા, ભૌમવિદ્યા, અન્તરિક્ષ વિદ્યા, સ્વપ્નવિદ્યા, લક્ષણવિદ્યા, દંડવિદ્યા, વાસ્તુવિદ્યા, અંગસ્ફૂરણાદિવિચાર, સ્વરવિજ્ઞાન આદિ વિદ્યાઓ દ્વારા જીવિકા નથી ચલાવતો તે ભિક્ષુ છે.

મંત્ર, મૂલ (જડી-બુટ્ટી) આદિ વિવિધ પ્રકારની વૈદ્યક સંબંધી વિચારણા, વમન, વિરેચન માટે ધૂમાડો દેવો તે, પુત્ર પ્રાપ્તિ માટે મંત્ર અથવા જડીબુટ્ટીના જળથી સ્નાન આદિ બતાવવું, પોતે રોગપીડિત હોય ત્યારે હે મા ! હે બાપ ! ઈત્યાદિ બોલવું અને રોગની ચિકિત્સા કરવી, કરાવવી આ બધું જ ભિક્ષુએ ત્યજવું જોઈએ, જાણે અને છોડે.

ક્ષત્રિય, ગણ, ઉગ્ર (કોટવાલ), રાજપુત્ર, બ્રાહ્મણ, સામંત આદિ જુદા જુદા શિલ્પ કરનાર શિલ્પીઓ આ બધાથી મુનિ પ્રભાવિત ન બને, તેમની પ્રશંસા યા તેમનો સત્કાર કરે નહિં. સાધુને એમાં કાંઈ લાભ નથી તેથી તે કરવા નહિં. તે ભિક્ષુ કહેવાય છે.

દીક્ષા પછી અથવા દીક્ષા પહેલાંના જે પરિચિત ગૃહસ્થો છે તેમની સાથે વસ્ત્ર, પાત્ર, ભિક્ષા વગેરે આલોકના ફળને માટે જે સાધુ પરિચયને ન કરે તે ભિક્ષુ કહેવાય છે.

(૯૭) સયણાસણપાણભોયણં,

વિવિહં ખાઇમ-સાઇમં પરેસિં ।

અદએ પડિસેહિએ નિયણ્ઠે,

જે તત્થ ન પઉસ્સઈ સ ભિક્ખૂ ॥૧૧॥

(૯૮) જં કિંચિ આહારપાણં વિવિહં,

ખાઇમસાઇમં પરેસિં લદ્ધું ।

જો તં તિવિહેણ નાણુકંપે,

મણવઈકાયસુસંવુડે સ ભિક્ખૂ ॥૧૨॥

(૯૯) આયામગં ચેવ જવોદણં ચ,

સીઅં સોવીરજવોદગં ચ ।

નો હીલએ પિંડં નીરસં તુ,

પંતકુલાણિ પરિવ્વએ સ ભિક્ખૂ ॥૧૩॥

(૧૦૦) સદ્દા વિવિહા ભવન્તિ લોએ,

દિવ્વા માણુસ્સા તહા તિરિચ્છા ।

ભીમા ભયભેરવા ઉરાલા,

જો સોચ્ચા ન બિહિજ્જઇ સ ભિક્ખૂ ॥૧૪॥

શયન, આસન, પાન, પાણી અને ભોજન તથા વિવિધ પ્રકારનું ખાદિમ અને સ્વાદિમ આ વસ્તુઓને ગૃહસ્થો સાધુને ન આપે ત્યારે તથા માંગવા છતાંયે ધરાર ઈન્કાર કરી દે તો પણ જે સાધુ ગૃહસ્થ ઉપર દ્વેષ ન કરે તે ભિક્ષુ કહેવાય છે.

ગૃહસ્થો પાસેથી ખાવાનું, પીવાનું લાવ્યા પછી જે મન, વચન, કાયા વડે ગ્લાન આદિ મુનિઓને આમંત્રતા નથી યા આહારાદિ આપતા નથી તે ભિક્ષુ નથી પરંતુ જે મન, વચન, કાયાના સંવરવાળા મુનિ બાળ, ગ્લાન વગેરેને આહારાદિ આપે છે તે ભિક્ષુ છે.

ઓસામણ, જવથી બનેલ ભોજન, ઠંડુ ભોજન, કાંજીનું પાણી અને જવનું પાણી જેવા નિરસ આહારની નિંદા ન કરે અને ભિક્ષા માટે સામાન્ય ઘરોમાં જાય તે ભિક્ષુ છે.

આ લોકમાં દેવ, મનુષ્ય, અને તિર્યંચ સંબંધી વિવિધ પ્રકારના પરીક્ષા કરવા માટે અથવા દ્વેષ વગેરેથી ભયંકર ભય વડે મહાભયને ઉત્પન્ન કરનારા મોટા શબ્દો થાય છે. તે શબ્દોને સાંભળીને જે સાધુ ભય ન પામે તે ભિક્ષુ કહેવાય છે.

(૧૦૧) વાયં વિવિહં સમિચ્ચ લોએ,
સહિએ ખેયાણુગએ ય કોવિઅપ્પા ।
પન્નો અભિભૂય સવ્વદંસી,
ઉવસંતે અવિહેડએ સ ભિક્ખૂ ॥૧૫॥

(૧૦૨) અસિપ્પજીવી અગિહે અમિત્તે,
જિઈન્દિએ સવ્વઓ વિપ્પમુક્કે ।
અણુક્કસાઈ લહુઅપ્પભક્ખી,
ચિચ્ચા ગિહં એગચરે સ ભિક્ખૂ ॥૧૬॥
॥ત્તિ બેમિ॥

## પાપશ્રમણીય અધ્યયન-૧૭

(૧૦૩) જે કેઈ ઉ પવ્વઈએ નિઅંઠે,
ધમ્મં સુણિત્તા વિણઓવવણ્ણે ।
સુદુલ્લહં લહિઉં બોહિલાભં,
વિહરિજ્જ પચ્છા ય જહાસુહં તુ ॥૧॥

લોકમાં વિવિધ પ્રકારના વાદને જાણીને મુનિ જ્ઞાનસહિત, ચારિત્રવાન, કર્મને ખેદ પમાડનાર, પંડિત, પ્રાજ્ઞ, પરીષહવિજેતા, સર્વદર્શી, ઉપશાંત, કોઈને પીડા ન કરનાર જે હોય છે તે ભિક્ષુ છે.

જે સાધુ શિલ્પ વડે ન જીવનાર, ઘર વગરનો મિત્ર વગરનો, જિતેન્દ્રિય, બાહ્ય અને અભ્યંતર ગ્રન્થિથી વિપ્રમુક્ત, અલ્પ કષાયવાળી, અલ્પ અને નિઃસાર ભોજન લેનાર, મુનિ બહારના અને ભીતરના (મમત્વરૂપ) ઘરને છોડીને રાગ-દ્વેષ વિના વિચરે તે ભિક્ષુ કહેવાય, એમ કહું છું.

જે કોઈ મુમુક્ષુ ધર્મનુ શ્રવણ કરી વિનયને પામીને દુર્લભ બોધિલાભને મેળવીને દીક્ષા લીધી હોય અને પછીથી જેમ સુખ ઉપજે તેમજ વિચરે (પ્રમાદને વશ થઈ શિથિલાચારી બને છે) તે પાપશ્રમણ કહેવાય છે.

(૧૦૪) સિજ્જા દઢા પાઉરણં મે અત્થિ,
ઉપ્પજ્જઇ ભોત્તું તહેવ પાઉં ।
જાણામિ જં વટ્ટઇ આઉસો ત્તિ,
કિં નામ કાહામિ સુએણ ભંતે ॥૨॥

(૧૦૫) જે કેઇ પવ્વઇએ, નિદ્દાસીલે પગામસો ।
ભોચ્ચા પેચ્ચા સુહં સુઅઇ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૩॥

(૧૦૬) આયરિયઉવજ્ઝાએહિં, સુઅં વિણયં ચ ગાહએ ।
તે ચેવ ખિંસઇ બાલે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૪॥

(૧૦૭) આયરિયઉવજ્ઝાયાણં, સમ્મં નો પરિતપ્પઇ ।
અપ્પડિપૂયએ થદ્ધે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૫॥

મારી પાસે વસતિ વગેરે દઢ છે. વસ્ત્રાદિ છે અને ખાવા-પીવાનું પણ મળી જાય છે. જે જીવ વગેરે તત્ત્વો છે તે હું જાણું છું તો અમારે આગમનો અભ્યાસ કરીને શું કામ છે ? આ પ્રમાણે જે બોલે તે પાપશ્રમણ કહેવાય છે.

જે કોઈ સાધુ નિદ્રા લેવાના સ્વભાવવાળો હોય અને અત્યંત આહાર કરનારો, હોય, તથા તક્રાદિનું પાન કરીને સુખે કરીને સૂઈ રહે છે તે પાપશ્રમણ કહેવાય છે.

જે આચાર્યે કે ઉપાધ્યાયે શ્રુત અને વિનય શીખવ્યો હોય તેમની જે વિવેકરહિત અજ્ઞાની નિંદા કરે છે તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ આચાર્ય કે ઉપાધ્યાયની સમ્યક્પ્રકારે વૈયાવચ્ચ વગેરેની ચિંતા ન કરે, તથા જે સાધુ અપ્રતિપૂજક (=પ્રભુની ભાવપૂજા કરવામાં વિમુખ) હોય તથા ઉપકારી ઉપર ઉપકાર કરવામાં વિમુખ હોય, તથા જે સાધુ ગર્વિષ્ઠ હોય તે પાપશ્રમણ કહેવાય છે.

(૧૦૮) સમ્મદ્દમાણે પાણાણિ, બીઆણિ હરિયાણિ અ ।
અસંજએ સંજયમન્નમાણે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૬॥

(૧૦૯) સંથારં ફલગં પીઢં, નિસિજ્જં પાયકંબલં ।
અપ્પમજ્જિઅં આરુહઇ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૭॥

(૧૧૦) દવદવસ્સ ચરઇ, પમત્તે અ અભિક્ખણં ।
ઉલ્લંઘણે અ ચંડે અ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૮॥

(૧૧૧) પડિલેહેઇ પમત્તે, અવઉજ્ઝઇ પાયકંબલં ।
પડિલેહણાઅણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૯॥

બેઇન્દ્રિયાદિ પ્રાણીઓનું, બીજોનું, તથા વનસ્પતિનું મર્દન કરતો અને તેથી સંયમ રહિત હોવા છતાં પણ જે પોતાને "હું સાધુ છું" એમ માનતો હોય તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ સંથારાને, પાટપાટલાને, આસનને, સ્વાધ્યાય-ભૂમિને, તથા પાદકંબલને (પગલૂંછણીયાને) પ્રમાર્જન કર્યા વિના, પડિલેહણ કર્યા વિના તે તે વસ્તુઓને વાપરે તો તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ જમીન પર ધબ ધબ કરતો ચાલે, (ઇર્યાસમિતિને સાચવે નહિં) વારંવાર પ્રમાદી થાય, બધાનો તિરસ્કાર કરે, તથા મનમાં ક્રોધથી ધમધમતો રહે તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ ઉપકરણાદિને પ્રમાદ કરતો પડિલેહે, (મન વગરનું પડિલેહણ કરે) પાત્રા અને કાંમળીને જ્યાં ત્યાં મૂકે. તથા પડિલેહણમાં આળસુ હોય તે પાપશ્રમણ કહેવાય છે.

(૧૧૨) પડિલેહેઇ પમત્તે, જં કિંચિ હુ નિસામિઆ ।
ગુરુપરિભાવએ નિચ્ચં, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૦॥

(૧૧૩) બહુમાઇ પમુહરી, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।
અસંવિભાગી અચિઅત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૧॥

(૧૧૪) વિવાયં ચ ઉદીરેઇ, અધમ્મે અત્તપણહા ।
વુગ્ગહે કલહે રત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૨॥

(૧૧૫) અથિરાસણે કુક્કુઇએ, જત્થ તત્થ નિસીઅઇ ।
આસણંમિ અણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૩॥

પ્રમાદી એવો સાધુ વાતોને સાંભળતો સાંભળતો પડિલેહણા કરે, તથા નિરંતર ગુરુનો પરાભવ કરનાર હોય (એટલે કે ગુરુમહારાજ કાંઈ કહે ત્યારે સામું બોલે કે "તમે જ કરોને" અથવા તમે જ અમને આવું શીખવ્યું છે) તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ ઘણો માયાવી હોય, વાચાળ હોય, ગર્વિષ્ઠ હોય, લોભી હોય, મન અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર ન હોય, ગુરુ, ગ્લાન વગેરેનો સંવિભાગ કરનાર ન હોય, તથા ગુર્વાદિને વિષે પ્રીતિવાળો ન હોય તે પાપશ્રમણ કહેવાય છે.

તથા જે વિવાદને કરનારો હોય, અસદાચારમાં રક્ત હોય, હિતકારક બુદ્ધિને હણનાર હોય, દંડાદિ યુદ્ધને વિષે રક્ત હોય, ક્લેશને વિષે રક્ત હોય, તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ આસન પર સ્થિર રહે નહિં, હાસ્ય વિકથાદિ કરી ભાંડ જેવી ચેષ્ટા કરે, જ્યાં ત્યાં સચિત્ત પૃથ્વ્યાદિ ઉપર બેસે, તથા આસન વિષે ઉપયોગવાળો ન હોય તે પાપશ્રમણ કહેવાય છે.

(૧૧૬) સસરક્ખપાઓ સુઅઇ, સિજ્જં ન પડિલેહઇ ।
સંથારએ અણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૪॥

(૧૧૭) દુદ્ધદહી વિગઈઓ, આહારેઈ અભિક્ખણં ।
અરએ અ તવોકમ્મે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૫॥

(૧૧૮) અત્થંતમ્મિ અ સૂરમ્મિ, આહારેઇ અભિક્ખણં ।
ચોઈઓ પડિચોએઇ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૬॥

(૧૧૯) આયરિયપરિચ્ચાઇ, પરપાસંડસેવએ ।
ગાણંગણિએ દુબ્ભૂએ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૭॥

(૧૨૦) સયં ગેહં પરિચ્ચજ્જ, પરગેહંસિ વાવરે ।
નિમિત્તેણ ય વવહરઈ, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥૧૮॥

જે સાધુ ધૂળથી ખરડાયેલા પગવાળો જ સંથારામાં શયન કરે, ઉપાશ્રયને ન પડિલેહે, સંથારામાં સૂતી વખતે ઉપયોગ વગરનો હોય અથવા પોરસી ભણાવ્યા વિના અવિધિએ સુવે તે પાપશ્રમણ કહેવાય છે.

તથા જે વિગઈઓનું કારણ વિના વારંવાર સેવન કરે અને તેથી જ તપમાં પ્રીતિવાળો ન બને તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ સૂર્યાસ્ત સમયે લગભગ આહાર કરે, તથા જો કોઈ ગીતાર્થ ગુરુ પ્રેરણા કરે તો સામું બોલે કે તમો કેમ તપ કરતાં નથી ? આ પ્રમાણે જવાબ આપે તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ આહારાદિ લોલુપતાના કારણે આચાર્ય વગેરેનો ત્યાગ કરે, પર પાખંડીઓની સેવા કરે, તથા ગાણંગણિક = છ માસની અંદર જ એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જાય છે તેથી દુરાચાર વડે નિંદાને પાત્ર થયો હોય છે તે પાપશ્રમણ કહેવાય છે.

જે સાધુ દીક્ષા સમયે પોતાના ઘરનો ત્યાગ કરીને પછી આહારાદિના લોભથી બીજાના ઘરનાં કામકાજ કરે (ચરવળા વગેરે કરે) તથા જ્યોતિષ વગેરેનાં મદદથી શુભાશુભ કહે, દ્રવ્ય ઉપાર્જન કરે તે પાપશ્રમણ કહેવાય છે.

(૧૨૧) સંનાઈપિંડં જેમેઈ, નેચ્છઈ સામુદાણિયં ।
ગિહિનિસિજ્જં ચ વાહેઈ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૯॥

## મૃગાપુત્રીય અધ્યયન-૧૯

(૧૨૨) સમયા સવ્વભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે ।
પાણાઈવાયવિરઈ, જાવજ્જીવાએ દુક્કરં ॥૨૬॥

(૧૨૩) નિચ્ચકાલપ્પમત્તેણં, મુસાવાયવિવજ્જણં ।
ભાસિઅવ્વં હિઅં સચ્ચં, નિચ્ચાઉત્તેણ દુક્કરં ॥૨૭॥

(૧૨૪) દંતસોહણમાઈસ્સ, અદિન્નસ્સ વિવજ્જણં ।
અણવજ્જેસણિજ્જસ્સ, ગિણ્હણા અવિ દુક્કરં ॥૨૮॥

જે સાધુ પોતાના સંબંધીઓએ પ્રેમથી આપેલા આહારને જમે, તથા ઘર ઘરની લાવેલી સામુદાયિક ભિક્ષાને ઇચ્છે નહિં. તથા ગૃહસ્થીના પલંગ વગેરે આસન ઉપર સુખશીલતાથી બેસે તે પાપશ્રમણ કહેવાય છે.

હે પુત્ર ! સર્વજીવોને વિષે તથા જગતમાં શત્રુ અને મિત્ર ઉપર સમતા ધારણ કરવાની છે. તથા જાવજ્જીવ પર્યંત જીવહિંસાની (પ્રાણાતિપાત) વિરતિ ધારણ કરવાની છે. તે અતિ-દુષ્કર છે.

નિરંતર અપ્રમત્તપણે મૃષાવાદનું પણ વર્જન કરવાનું છે. તથા જીવોને હિતકારક એવું સત્યવચન જ બોલવાનું છે. તથા નિરંતર સત્યતાના ઉપયોગ સહિત રહેવાનું છે. તે દુષ્કર છે.

દાંતને ખોતરવાની સળી વગેરે અદત્ત વસ્તુને વર્જવાની છે. તૃણની સળી વગેરે ચીજ પણ કોઈના દીધા વિના ગ્રહણ કરવાની નથી. તથા દીધેલી વસ્તુમાં પણ નિર્દોષ અને એષણીય વસ્તુનું જ ગ્રહણ કરવાનું છે તે પણ દુષ્કર છે.

(૧૨૫) વિરઈ અબંભચેરસ્સ, કામભોગરસણ્ણુણા ।
ઉગ્ગં મહવ્વયં બંભં, ધારેયવ્વં સુદુક્કરં ॥૨૯॥

(૧૨૬) ધણધન્નપેસવગ્ગેસુ, પરિગ્ગહવિવજ્જણં ।
સવ્વારંભપરિચ્ચાઓ, નિમ્મમત્તં સુદુક્કરં ॥૩૦॥

(૧૨૭) ચઉવ્વિહે વિ આહારે, રાઈભોયણવજ્જણા ।
સંનિહિસંચઓ ચેવ, વજ્જેયવ્વો સુદુક્કરં ॥૩૧॥

(૧૨૮) કાવોઆ જા ઈમા વિત્તી,
કેસલોઓ અ દારુણો ।
દુક્ખં બંભવ્વયં ઘોરં,
ધારેઉં અ મહપ્પણા ॥૩૪॥

(૧૨૯) અહીવેગંતદિટ્ઠીએ, ચરિત્તે પુત્ત ! દુચ્ચરે ।
જવા લોહમયા ચેવ, ચાવેયવ્વા સુદુક્કરં ॥૩૯॥

કામભોગના રસને જાણનાર તારે મૈથુનની વિરતિ કરવી અતિદુષ્કર છે. તથા ઉગ્ર એવું બ્રહ્મચર્યરૂપ મહાવ્રત ધારણ કરવું અતિદુષ્કર છે.

ધન-ધાન્ય અને નોકરવર્ગને વિષે પરિગ્રહનો ત્યાગ કરવાનો છે તથા સર્વ પ્રકારના આરંભનો ત્યાગ કરવાનો છે. તથા મમતા રહિત રહેવું તે સર્વ અતિદુષ્કર છે.

ચારે પ્રકારના આહારમાં રાત્રિભોજનનું વર્જન કરવાનું છે. સંનિધિનો (દવા વગેરે) સંગ્રહ વર્જવાનો છે.

સાધુધર્મમાં કાપોતીવૃત્તિ (કાપોતીવૃત્તિ = કબૂતર ભયની શંકા સાથે જ ભક્ષ્ય ગ્રહણ કરે તેમ સાધુએ આહારના દોષની શંકા (ભય) સાથે જ આહાર ગ્રહણ કરે) રાખવાની છે. તથા કેશનો લોચ અને બ્રહ્મચર્યને ધારણ કરવું કઠીન છે.

દુઃખેથી આચરી શકાય તેવા ચારિત્રમાર્ગમાં સર્પની જેમ નિશ્ચયદૃષ્ટિ વડે (એકાગ્રદૃષ્ટિ વડે) ચાલવાનું છે. તથા લોઢાના જવ ચાવવા જેમ દુષ્કર છે તેમ ચારિત્ર પાળવું દુષ્કર છે.

(૧૩૦) સારીરમાણસા ચેવ, વેયણાઓ અનંતસો ।
મએ સોઢાઓ ભીમાઓ, અસઈં દુક્ખભયાણિ અ ॥૪૬॥

(૧૩૧) જરામરણકંતારે, ચાઉરંતે ભયાગરે ।
મએ સોઢાણિ ભીમાણિ, જમ્માણિ મરણાણિ અ ॥૪૭॥

(૧૩૨) જહા ઈહં અગણી ઉણ્હો, એત્તોણંતગુણા તહિં ।
નરએસુ વેઅણા ઉણ્હા, અસ્સાયા વેઈયા મએ ॥૪૮॥

(૧૩૩) જહા ઈહં ઈમં સીઅં, એત્તોણંતગુણા તહિં ।
નરએસુ વેયણા સીઆ, અસાયા વેઈયા મએ ॥૪૯॥

(૧૩૪) કંદંતો કંદુકુંભીસુ, ઉઢ્ઢપાઓ અહોસિરો ।
હુઆસણે જલંતમ્મિ, પક્કપુવ્વો અણંતસો ॥૫૦॥

હે માતાપિતા ! મેં અનંતવાર નિશ્ચે શરીર અને મન સંબંધી ભયંકર વેદનાઓ તથા વારંવાર દુઃખને ઉત્પન્ન કરનારાં ભયો અથવા દુઃખ અને ભયો સહન કર્યાં છે.

જરા અને મરણરૂપી અરણ્યવાળા તથા ચારગિતરૂપ અને ભયની ખાણ રૂપ આ સંસારમાં મેં ભયંકર જન્મો અને મરણો સહન કર્યાં છે.

આ મનુષ્યલોકમાં જેવો અગ્નિ ઉષ્ણ છે, તેથી તે કરતાં તે નરકોમાં અનંતગુણી ઉષ્ણ અશાતા-દુઃખ ઉપજાવનારી વેદના મેં અનુભવી છે.

આ મનુષ્યલોકમાં જેવું આ શીત છે. તેનાથી પણ તે નરકોમાં અનંતગુણી અશાતા દુઃખ ઉપજાવનારી શીતવેદના મેં અનુભવી છે.

આક્રંદ કરતો ઊંચા પગવાળો અને નીચે મસ્તકવાળો એવો હું લોઢાની કુંભીમાં દેદીપ્યમાન અગ્નિમાં અનંતવાર પૂર્વે પકાવાયો છું.

(૧૩૫) મહાદવગ્ગિસંકાસે, મરુમ્મિ વઈરવાલુએ ।
કલંબવાલુઆએ અ, દઢ્ઢપુવ્વો અણંતસો ॥૫૧॥

(૧૩૬) રસંતો કંદુકુંભીસુ, ઉડ્ઢં બદ્ધો અબંધવો ।
કરવત્તકરકયાઈહિં, છિન્નપુવ્વો અણંતસો ॥૫૨॥

(૧૩૭) અઈતિક્ખકંટયાઈણ્ણે, તુંગે સિંબલિપાયવે ।
ખેવિઅં પાસબદ્ધેણં, કઢ્ઢોકઢ્ઢાહિં દુક્કરં ॥૫૩॥

(૧૩૮) મહાજંતેસુ ઉચ્છૂ વ, આરસંતો સુભેરવં ।
પીલિઓમ્મિ સકમ્મેહિં, પાવકમ્મો અણંતસો ॥૫૪॥

(૧૩૯) કૂયંતો કોલસુણએહિં, સામેહિં સબલેહિ અ ।
પાડિઓ ફાલિઓ છિન્નો, વિપ્ફુરંતો અણેગસો ॥૫૫॥

મહાદાવાનળની જેવા તથા મરુદેશની રેતી જેવા વજ્રનાલુકા નદી અને કલંબવાલુકા નદીના કાંઠે અનંતીવાર હું પૂર્વે નરકમાં બળ્યો છું - ભુંજાયો છું.

આક્રંદ કરતો, બંધુરહિત એવો હું કંદુકુંભીમાં ઊંચે વૃક્ષની શાખામાં બંધાયો અને પછી કરવત અને ક્રકચ નામની નાની કરવત વડે અનંતીવાર પૂર્વે છેદાયો છું.

અતિ તીક્ષ્ણ કાંટા વડે વ્યાપ્ત અને ઊંચા એવા શાલ્મલિ વૃક્ષ ઉપર પાશથી બંધાયેલા મેં પરમાધામીએ કરેલા આકર્ષણ અને અપકર્ષણ વડે દુઃખે સહન થઈ શકે તેવો ખેદ અનુભવ્યો છે.

અત્યંત ભયાનક આક્રંદ કરતો અને પાપકર્મવાળો હું મારા પોતાના કર્મો વડે અનંતીવાર મહાયંત્રોમાં શેરડીની જેમ પીલાયો છું.

શ્યામ, શબલ પરમાધામી ભૂંડ અને કૂતરારૂપે આક્રંદ કરતાં મને અનેકવાર નીચે પટક્યો, તથા ચીરી નાંખ્યો અને તરફડતાં મને છેદ્યો-ભેદ્યો.

(૧૪૦) અસીહિં અયસિવણ્ણેહિં, ભલ્લીહિં પટ્ટિસેહિ આ
છિન્નો ભિન્નો વિભિન્નો અ, ઉવવણ્ણો પાવકમ્મુણા ॥૫૬॥

(૧૪૧) અવસો લોહરહે જુત્તો, જલંતે સમિલાજુએ ।
ચોઈઓ તોત્તજોત્તેહિં, રોજ્ઝો વા જહ પાડિઓ ॥૫૭॥

(૧૪૨) હુઆસણે જલંતમ્મિ, ચિયાસુ મહિસો વિવ ।
દઢ્ઢો પક્કો અ અવસો, પાવકમ્મેહિં પાવિઓ ॥૫૮॥

(૧૪૩) બલા સંડાસતુંડેહિં, લોહતુંડેહિં પક્ખિહિં ।
વિલુત્તો વિલવંતોઽહં, ઢંકગિદ્ધેહિંઽણંતસો ॥૫૯॥

પાપકર્મો વડે નરકમાં ઉત્પન્ન થયેલો હું અતસીપુષ્પ જેવા ખડ્ગો વડે તથા ભાલાઓ વડે તથા પટ્ટિશ નામના શસ્ત્ર વડે છેદાયો છું ભેદાયો છું અને સૂક્ષ્મ કકડારૂપે કરાયો છું.

અગ્નિ વડે જાજવલ્યમાન ઝુસરી અને જોતરવાળા લોઢાના રથમાં પરાધીન એવા મને જોડ્યો છે પછી પરોણા અને રાશ વડે (નાસિકાએ બાંધેલા દોરડા વડે) મને હાંકવામાં આવ્યો છે અને પછી રોઝ નામના પશુની જેમ મને પાડી દીધો છે.

પાપકર્મો વડે નરકને પામેલા અને પરાધીન એવા મને ચિત્તામાં પાડાની જેમ જાજવલ્યમાન એવા અગ્નિમાં બાળવામાં આવ્યો છે અને રાંધવામાં આવ્યો છે.

સાંડસી જેવા મુખવાળા અને લોઢાના (વજ્ર જેવા) મુખવાળા એવા ઢંક અને ગીધ પક્ષીઓ વડે વિલાપ કરતો એવો હું અનંતીવાર બળાત્કારે વિવિધ પ્રકારે છેદાયો છું.

(૧૪૪) તણ્હાકિલંતો ધાવંતો, પત્તો વેઅરણિં નઈં ।
જલં પાહં તિ ચિંતંતો, ખુરધારાહિં વિવાઈઓ ॥૬૦॥

(૧૪૫) ઉણ્હાભિતત્તો સંપત્તો, અસિપત્તં મહાવણં ।
અસિપત્તેહિં પડંતેહિં, છિન્નપુવ્વો અણેગસો ॥૬૧॥

(૧૪૬) મુગ્ગરેહિં મુસંઢીહિં, સૂલેહિં મુસલેહિ અ ।
ગયાસં ભગ્ગગત્તેહિં, પત્તં દુક્ખમણંતસો ॥૬૨॥

(૧૪૭) ખુરેહિં તિક્ખધારાહિં, છુરિઆહિં કપ્પણીહિ અ ।
કપ્પિઓ ફાલિઓ છિન્નો, ઉક્કિતો અ અણેગસો ।૬૩।

(૧૪૮) પાસેહિં કૂડજાલેહિં, મિઓ વા અવસો અહં ।
વાહિઓ બદ્ધરુદ્ધો અ, બહુસો ચેવ વિવાઈઓ ॥૬૪॥

તૃષા વડે વ્યાપ્ત થયેલો હું દોડતો દોડતો વૈતરણી નદીએ ગયો. ત્યાં જળને હું પીઉં એમ વિચાર કરતો હતો તેટલામાં (જળતરંગ ક્ષુરધારા જેવા હોવાથી) ક્ષુરની ધારા વડે હું હણાયો.

તાપથી તપેલો એવો હું અસિપત્ર નામના મહાવનમાં છાયાને માટે ગયો. તો ત્યાં વૃક્ષો પરથી પડતાં એવા ખડ્ગ જેવા પાંદડાઓ વડે અનેકવાર પૂર્વે છેદાયો છું.

શરીરને ભાંગી નાંખનારા મુદ્દગર વડે, મુસંઢી નામના શસ્ત્ર વડે, ત્રિશૂલવડે તથા મુશળ વડે રક્ષણની આશા રહિતપણે મેં અનંતીવાર દુઃખ પ્રાપ્ત કર્યું છે.

તીક્ષ્ણ ધારવાળા ક્ષુર નામના શસ્ત્ર વડે તથા છુરિકા વડે તથા કાતર વડે અનેકવાર હું કપાયો છું તથા વસ્ત્રની જેમ ફડાયો છું તથા છેદાયો છું તથા ચામડી દૂર કરવા વડે ઉતરડાયો છું.

મૃગની જેમ પરાધીન એવો હું પાશ વડે તથા કપટયુક્ત જાળ વડે ઘણીવાર ઠગાયો છું. બંધન વડે બંધાયો છું અને બહાર જઈ ન શકું તેમ રુંધાયો છું તથા વિનાશ કરાયો છું.

(૧૪૯) ગલેહિં મગરજાલેહિં, મચ્છો વા અવસો અહં ।
ઉલ્લિઓ ફાલિઓ ગહિઓ, મારિઓ અ અણંતસો ॥૬૫॥

(૧૫૦) વિદંસએહિં જાલેહિં, લિપ્પાહિં સઉણો વિવ ।
ગહિઓ લગ્ગો અ બદ્ધો અ, મારિઓ અ અણંતસો ॥૬૬॥

(૧૫૧) કુહાડપરસુમાઈહિં, વઢ્ઢઈહિં દુમો વિવ ।
કુટ્ટિઓ ફાલિઓ છિન્નો, તચ્છિઓ અ અણંતસો ॥૬૭॥

(૧૫૨) ચવેડમુટ્ઠિમાઈહિં, કુમારેહિં અયં પિ વ ।
તાડિઓ કુટ્ટિઓ ભિન્નો, ચુણ્ણિઓ અ અણંતસો ॥૬૮॥

(૧૫૩) તત્તાઈં તંબલોહાઈં, તઉઆણી સીસગાણિ અ ।
પાઈઓ કલકલંતાઈં આરસંતો સુભેરવં ॥૬૯॥

પરાધીન એવો હું મત્સ્યની જેમ માંસયુક્ત સોય વડે, મગરો વડે અને જાળ વડે અનંતીવાર વિંધાયો છું, ચીરાયો છું, ગ્રહણ કરાયો છું અને મરાયો છું.

પક્ષીની જેમ હું દંશ કરનારા પક્ષીઓ વડે, જાળ વડે તથા વજ્રલેપાદિ લેપ વડે અનુક્રમે અનંતીવાર ગ્રહણ કરાયો છું તથા લેપ વડે આશ્લેષ કરાયો છું, બંધાયો છું અને અનંતીવાર મરાયો છું.

વૃક્ષની જેમ હું કુહાડા અને પરશુ વગેરે વડે સુથારોથી અનંતીવાર કૂટાયો એટલે સૂક્ષ્મ કકડા કરાયો છું, ફડાયો છું, છેદાયો છું તથા છોલાયો છું.

લુહારો ઘણ વગેરે વડે લોઢાને કૂટે તેમ મને પરમાધામીઓએ લાત અને મુઠ્ઠી વગેરે વડે અનંતીવાર તાડના કરી છે, કુટ્યો છે, ભેદ્યો છે તથા ચૂર્ણ રૂપ કર્યો છે.

અતિ ભયંકર આક્રંદ કરતા એવા મને પરમાધામીઓએ વિકુર્વેલા તપાવેલા અને કલકલ શબ્દ કરતા એટલે અત્યંત ઉકાળેલા ખદખદતા તાંબા, લોઢા, કથીર અને સીસાનો રસ અનેકવાર પાયો છે.

(૧૫૪) તુહં પિયાઈ મંસાઈં, ખંડાઈં સોલ્લગાણિ ય ।
ખાઈઓમિ સમંસાઈં, અગ્ગિવણ્ણાઈં ણેગસો ॥૭૦॥

(૧૫૫) તુહં પિયા સુરા સીહૂ, મેરઓ અ મહૂણિ અ ।
પાઈઓમિ જલંતીઓ, વસાઓ રુહિરાણિ અ ॥૭૧॥

(૧૫૬) નિચ્ચં ભીએણ તત્થેણં, દુહિએણં વહિએણ ય ।
પરમા દુહસંબદ્ધા, વેયણા વેઈયા મએ ॥૭૨॥

(૧૫૭) તિવ્વચંડપ્પગાઢાઓ, ઘોરાઓ અઈદુસ્સહા ।
મહાભયાઓ ભીમાઓ, નરએસું વેઈઆ મએ ॥૭૩॥

(૧૫૮) જારિસા માણુસે લોએ, તાયા ! દીસંતિ વેયણા ।
એત્તો અણંતગુણિયા, નરએસું દુક્ખવેયણા ॥૭૪॥

‘‘તને માંસ બહુ પ્રિય હતું’’ એ પ્રમાણે બોલીને મને મારા પોતાના જ માંસને કકડારૂપ કરી શેકી તથા અગ્નિ જેવા વર્ણવાળું કરી અનેકવાર મને ખવરાવ્યું છે.

તને સુરા, તાડી, મેરૈયા, તથા મધુ-પુષ્પની બનેલી મદિરા બહુ પ્રિય હતી, એ પ્રમાણે બોલીને તપાવેલી મારી પોતાની જ ચરબી તથા રૂધિર મને પાયાં છે.

નિરંતર ભય પામેલા, ત્રાસ પામેલા, દુઃખી થયેલા, તથા વ્યથા પામેલા એવા મેં નરકમાં દુઃખના સંબંધવાળી ઉત્કૃષ્ટ વેદના અનુભવી છે.

મેં નરકમાં તીવ્ર, ઉત્કટ, ઘણી સ્થિતિવાળી, ઘોર, અત્યંત દુઃસહ, તેથી જ મહાભય આપનારી તથા સાંભળતા પણ ભય આપનારી એવી વેદનાઓ અનેકવાર વેદી છે - અનુભવી છે.

હે તાત ! આ મનુષ્યલોકમાં જેવા પ્રકારની શીતોષ્ણાદિ વેદના જોવામાં આવે છે તેનાથી અનંતગુણી નરકમાં દુઃખની વેદનાઓ છે.

(૧૫૯) સવ્વભવેસુ અસાયા, વેયણા વેઈયા મએ ।
નિમેસંતરમિત્તં પિ, જં સાયા નત્થિ વેયણા ॥૭૫॥

(૧૬૦) જહા મિએ એગ અણેગચારી,
અણેગવાસે ધુવગોઅરે અ ।
એવં મુણી ગોઅરિઅં પવિટ્ઠે,
નો હીલએ નો વિ અ ખિંસઈજ્જા ॥૮૪॥

(૧૬૧) ઈડ્ઢી વિત્તં ચ મિત્તે અ, પુત્ત દારં ચ નાયઓ ।
રેણુઅં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ ॥૮૮॥

(૧૬૨) નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તગારવો ।
સમો અ સવ્વભૂએસુ, તસેસુ થાવરેસુ અ ॥૯૦॥

(૧૬૩) લાભાલાભે સુહે દુહે, જીવિએ મરણે તહા ।
સમો નિંદાપસંસાસુ, સમો માણાવમાણઓ ॥૯૧॥

મેં સર્વ ત્રસ અને સ્થાવર ભવોમાં અશાતાવેદના અનુભવી છે જે કારણે નિમેષનું આંતરુ પડે તેટલો વખત પણ શાતા વેદના વેદી જ નથી.

જેમ મૃગ એકલો, અનિયત વિહાર કરનાર, અનેક સ્થાને નિવાસ કરનાર તથા નિરંતર ગોચરમાં જ મળેલી વસ્તુનો આહાર કરનાર હોય છે. એ જ રીતે મુનિ પણ તેવા જ વિશેષણવાળો ગોચરીમાં ગયેલો કોઈની હીલના ન કરે અને નિંદા ન કરે.

વસ્ત્રમાં લાગેલી-ચોંટેલી રજની જેમ સમૃદ્ધિને, ધનને તથા મિત્રોને, પુત્રોને, સ્ત્રીઓને, અને જ્ઞાતિને તજીને મૃગાપુત્ર દીક્ષિત થયા.

મમતા રહિત, અહંકારરહિત, બાહ્ય અને અભ્યંતર સંગ રહિત ત્રણ ગારવ રહિત, તથા સર્વપ્રાણીઓને વિષે (ત્રસ+સ્થાવર) સમાન પરિણામવાળા થયા.

લાભ અને અલાભમાં, સુખ અને દુઃખમાં, જીવિત અને મરણમાં, તથા નિંદા અને પ્રશંસામાં, સમાન તથા માન અને અપમાનમાં સમાન થયા.

(૧૬૪) અનિસ્સિઓ ઈહં લોએ, પરલોએ અણિસ્સિઓ।
વાસીચંદણકપ્પો અ, અસણે અણસણે તહા ॥૯૩॥

## મહાનિર્ગ્રન્થીય અધ્યયન-૨૦

(૧૬૫) અપ્પા નઈ વેઅરણી, અપ્પા મે કૂડસામલી ।
અપ્પા કામદુહા ધેણૂ, અપ્પા મે નંદણં વણં ॥૩૬॥

(૧૬૬) અપ્પા કત્તા વિકત્તા ય, દુહાણ ય સુહાણ ય ।
અપ્પા મિત્તમમિત્તં ચ, દુપ્પટ્ઠિઅ સુપટ્ઠિઓ ॥૩૭॥

(૧૬૭) ઈમા હુ અન્ના વિ અણાહયા નિવા !,
તમેગચિત્તો નિહુઓ સુણાહિ ।
નિયંઠધમ્મં લહિઆણ વિ જહા,
સીદંતિ એગે બહુ કાયરા નરા ॥૩૮॥

આ લોકમાં પણ કોઈની નિશ્રા (રાજ્યાદિની વાંછા) રહિત તથા પરલોકમાં પણ નિશ્રા (સ્વર્ગસુખની વાંછા) રહિત થયા, તથા વાસી (વાંસલા વડે છેદે) અને ચંદનમાં (ચંદનથી પૂજે) સમદષ્ટિવાળા, તથા આહાર અને અનશનમાં પણ સમાનદષ્ટિવાળા થયા.

મારો આત્મા જ નરકમાં રહેલી વૈતરણી નદીરૂપ છે, મારો આત્મા જ નરકમાં રહેલું કૂટશાલ્મલી નામનું વૃક્ષ છે મારો આત્મા જ કામદુધા ગાય છે તથા મારો આત્મા જ નંદનવન રૂપ છે.

આત્મા જ દુઃખ અને સુખનો કર્ત્તા-કરનાર અને વિકર્ત્તા-નાશ કરનાર છે, આત્મા જ મિત્ર અને અમિત્ર છે, તથા આત્મા જ દુરાચારી અને સદાચારી છે.

હે રાજા ! આ નિશ્ચે બીજી પણ અનાથતા છે. તેને તમે એકાગ્રચિત્તવાળા અને નિશ્ચળ થઈને સાંભળો. તે એ કે કેટલાક ઘણા કાયર મનુષ્યો સાધુધર્મને પામીને પણ સીદાય છે આ સીદન નામની બીજી અનાથતા જાણવી.

(૧૬૮) જો પવ્વઈત્તાણ મહવ્વયાઈ,
સમ્મં ચ નો ફાસયઈ પમાયા ।
અણિગહપ્પા ય રસેસુ ગિદ્ધે,
ન મૂલઓ છિંદઈ બંધણં સે ॥૩૯॥

(૧૬૯) આઉત્તયા જસ્સ ય નત્થિ કાઈ,
ઈરિયાઈ ભાસાઈ તહેસણાએ ।
આયાણનિક્ખેવ દુગુંછણાએ,
ન ધીરજાયં અણુજાઈ મગ્ગં ॥૪૦॥

(૧૭૦) ચિરં પિ સે મુંડરુઈ ભવિત્તા,
અથિરવ્વએ તવનિયમેહિ ભટ્ઠે ।
ચિરં પિ અપ્પાણ કિલેસઈત્તા,
ન પારએ હોઈ હુ સંપરાએ ॥૪૧॥

(૧૭૧) પોલ્લેવ મુટ્ઠી જહ સે અસારે,
અયંતિએ કૂડકહાવણે વા ।
રાઢામણી વેરુલિઅપ્પગાસે,
અમહગ્ઘએ હોઈ હુ જાણએસુ ॥૪૨॥

હે રાજા ! જે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પછી પ્રમાદથી પાંચ મહાવ્રતોને સમ્યક્પ્રકારે સેવતો નથી. તે નથી વશ કર્યો આત્મા જેણે એવો, તથા મધુરાદિ રસમાં ગૃદ્ધિવાળો, સંસારના કારણરૂપ કર્મબંધનને મૂળથી છેદી શકતો નથી.

વળી જે સાધુને ઈર્યાસમિતિમાં, ભાષાસમિતિમાં, એષણાસમિતિમાં, આદાનભંડમત્ત- નિક્ષેપણાસમિતિમાં તથા પારિષ્ઠાપનસમિતિમાં કાંઈ પણ ઉપયોગ નથી, તે સાધુ ધીરયાત એટલે ધીરપુરુષોએ પામેલા મોક્ષમાર્ગને પામતો નથી.

પૂર્વે કહેલ પાંચ સમિતિ વગરનો સાધુ અસ્થિરવ્રતવાળો, તપ અને નિયમથી ભ્રષ્ટ, ચિરકાળ સુધી માત્ર મુંડનમાં જ રૂચિવાળો થઈને ચિરકાળ સુધી પોતાના આત્માને ક્લેશ પમાડીને સંસારનો પારગામી થતો જ નથી.

મણિને જાણનારાઓમાં જેમ વૈડૂર્યમણિ જેવા પ્રકાશવાળો કાચમણિ મૂલ્યવાન્ થતો નથી તેમ તે મુંડરુચિવાળો દ્રવ્ય સાધુ પોલી મુઠીની જેમ અસાર છે. તથા ખોટા રૂપિયાની જેમ અનાદર કરવા લાયક છે.

(૧૭૨) ઉદ્દેસિઅં કીઅગડં નિયાગં,
ન મુંચઈ કિંચિ અણેસણિજ્જં
અગ્ગી વિવા સવ્વભક્ખી ભવિત્તા ।
ઈઓ ચુઓ ગચ્છઈ કટ્ટુ પાવં ॥૪૭॥

(૧૭૩) કુસીલલિંગં ઇહ ધારઈત્તા,
ઈસિજ્ઝયં જીવિય વૂહઈત્તા ।
અસંજએ સંજયલપમાણો,
વિણિઘાયમાગચ્છઇ સે ચિરં પિ ॥૪૩॥

## સમુદ્દપાલીય અધ્યયન-૨૧

(૧૭૪) ઉવેહમાણો ઉ પરિવ્વએજ્જા,
પિઅમપ્પિઅં સવ્વ તિતિક્ખએજ્જા ।
ન સવ્વ સવ્વત્થ અભિરોઅઈજ્જા,
ન યાવિ પૂઅં ગરહં ચ સંજએ ॥૧૫॥

જે સાધુ ઔદ્દેશિક, (સાધુને ઉદ્દેશીને કરેલો) ક્રીત (સાધુ માટે ખરીદેલ), આહૃત, (સામે લાવેલ), નિત્યકં (હંમેશ એક જ ઘેરથી લાવવું) આવો જે કાંઈ અનેષણીય ભિક્ષા જે તજે નહિં તે અગ્નિની જેમ સર્વને ભક્ષણ કરનારો થઈને અહિંથી મરણ પામીને પાપ કરીને દુર્ગતિમાં જાય છે.

સાધુના આચારરહિત એવો તે કુશીલીયાના લિંગને ધારણ કરીને તથા આજીવિકા માટે રજોહરણને અને મુખવસ્ત્રિકા દ્વારા સંયમી નહિં છતાં પણ ''હું સંયમી છું'' એમ બોલતો આ સંસારમાં ચિરકાળ સુધી વિવિધપ્રકારની પીડાને પામે છે.

બીજાએ કહેલા અશુભ વચનની ઉપેક્ષા કરતાં વિચરવું, લોકોના પ્રિય અપ્રિય સર્વ વચનોને સહન કરવા. સર્વ વસ્તુને વિષે સર્વ ઠેકાણે રુચિ ન કરવી તથા પૂજા અને નિંદા કરનાર પર રાગ-દ્વેષ કરવો નહીં.

(૧૭૫) અણુન્નએ નાવણએ મહેસી,
ન યાવિ પૂઅં ગરિહં ચ સંજએ ।
સે ઉજ્જુભાવં પડિવજ્જ સંજએ,
નિવ્વાણમગ્ગં વિરએ ઉવેઈ ॥૨૦॥

(૧૭૬) અરઈરઈસહે પહીણસંથવે,
વિરએ આયહિએ પહાણવં ।
પરમટ્ઠપએહિં ચિટ્ઠઈ,
છિન્નસોએ અમમે અકિંચણે ॥૨૧॥

## રથનેમીય અધ્યયન-૨૨

(૧૭૭) પક્ખંદે જલિઅં જોઈ, ધૂમકેઉં દુરાસયં ।
નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે ॥૪૨॥

(૧૭૮) ધિગત્થુ તે જસો કામી, જો તં જીવિઅકારણા ।
વંતં ઈચ્છસિ આવેઉં, સેઅં તે મરણં ભવે ॥૪૩॥

અણુન્નત, (અભિમાન રહિત) નાવનત (દીનતા રહિત) એવા જે મહર્ષિ સ્તુતિ સાંભળી હર્ષ ન કરે, નિંદા સાંભળી દુઃખ ન પામે, તે સાધુ સરળતા અંગીકાર કરીને પાપથી વિરામ પામી મોક્ષમાર્ગને પામે છે.

સંયમમાં અરતિ અને અસંયમમાં રતિનો નાશ કરનાર, નાશ પામ્યો છે પૂર્વનો અને પછીનો ગૃહસ્થી પરિચય જેનો એવા, પાપક્રિયાથી નિવૃત્ત, આત્માને હિતકારક, સંયમવાળા, તથા નાશ કર્યો છે શોક જેને એવા, એ જ કારણે મમતારહિત, પરિગ્રહરહિત એવો તે સાધુ મોક્ષના સ્થાનમાં રહે છે.

હે રથનેમિ ! અગંધન નામના કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો જાજવલ્યમાન અને દુઃસહ એવી અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરે છે પરંતુ વમેલું વિષ ખાવાને ઈચ્છતા નથી.

હે કામાંધ ! તારા યશને ધિક્કાર હો કે જે તું અસંયમરૂપ જીવિતને કારણે વમેલાને ફરીથી પીવાને ઈચ્છે છે. જે ભોગને તજી દીક્ષા ગ્રહણ કરી, તે જ ભોગને ફરી ભોગવવા ઈચ્છે છે. તેથી તારું પંડિત મરણ શ્રેયસ્કર છે.

(૧૭૯) અહં ચ ભોગરાયસ્સ,
તં ચ સિ અંધગવણ્હિણો ।
મા કુલે ગંધણા હોમો,
સંજમં નિહુઓ ચર ॥૪૪॥

# કેશિગૌતમીય અધ્યયન-૨૩

(૧૮૦) એગે જિએ જિઆ પંચ, પંચ જિએ જિઆ દસ ।
દસહા ઉ જિણિત્તાણં, સવ્વસત્તૂ જિણામહં ॥૩૬॥

(૧૮૧) એગપ્પા અજિએ સત્તૂ, કસાયા ઈંદિઆણિ અ ।
તે જિણીત્તુ જહાણાયં, વિહરામિ અહં મુણી ! ॥૩૮॥

હે રથનેમિ ! હું ભોગરાજની (ઉગ્રસેનની) પુત્રી છું અને તું અંધકવૃષ્ણિના કુળમાં ઉત્પન્ન થયેલો છે, તેથી આપણા કુલમાં આપણે ગંધજાતિના સર્પતુલ્ય ન થઈએ (ગંધન જાતિના સર્પો વમેલા વિષને ભયથી પાછું ચૂસે છે જ્યારે અગંધન જાતિના સર્પો વિષને પાછું ચૂસતાં નથી) તેથી વ્રતમાં સ્થિર થઈને તું સંયમનું આચરણ કર.

એક શત્રુ જીતાવાથી પાંચે શત્રુ જીતાયા એમ જાણવું તથા પાંચ શત્રુ જીતાવાથી દશે શત્રુ જીતાયા જાણવા, તથા દશ પ્રકારના શત્રુને જીતીને સર્વશત્રુઓને હું જીતું છું.

એક [૧]આત્મા (=મન), ચારે [૪]કષાયો તથા પાંચ [૫]ઇન્દ્રિયો નહિં જીતાવાથી આ દશ શત્રુરૂપ છે. તે સર્વ શત્રુઓને શાસ્ત્રમાં કહેલી નીતિ વડે જીતીને હે કુશીકુમાર મુનિ ! હું વિચરું છું.

# પ્રવચનમાતૃ અધ્યયન-૨૪

(૧૮૨) આલંબણેણ કાલેણ,
મગ્ગેણ જયણાઈ અ ।
ચઉકારણપરિસુદ્ધં,
સંજએ ઈરિઅં રિએ ॥૪॥

(૧૮૩) તત્થ આલંબણં નાણં,
દંસણં ચરણં તહા ।
કાલે અ દિવસે વુત્તે,
મગ્ગે ઉપ્પહવજ્જિએ ॥૫॥

(૧૮૪) દવ્વઓ ખેત્તઓ ચેવ,
કાલઓ ભાવઓ તહા ।
જયણા ચઉવ્વિહા વુત્તા,
તં મે કિત્તયઓ સુણ ॥૬॥

(૧૮૫) દવ્વઓ ચક્ખુસા પેહે,
જુગમિત્તં તુ ખેત્તઓ ।
કાલઓ જાવ રીએજ્જા,
ઉવઉત્તે અ ભાવઓ ॥૭॥

સાધુએ આલંબન, કાળ, માર્ગ અને યતના, એ ચાર કારણ વડે શુદ્ધ એવી ઈર્યાસમિતિ પાળવી જોઈએ.

તે ચાર કારણોમાં → (૧) આલંબન → જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ આલંબન કહેવાય છે.

આલંબન = જેને આશ્રયીને ગમનાગમન કરવું તે... ભગવાને જ્ઞાન-દર્શન-ચારિત્રના કારણે જ ગમનાગમન કરવાની આજ્ઞા આપી છે.. જેથી આલંબન જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.

(૨) કાળ → દિવસને કાળ કહ્યો છે (રાત્રિને નહિં) એટલે સાધુને ગમનાગમન કરવાનો કાળ દિવસ કહ્યો છે પણ રાત્રિએ ઈર્યાની શુદ્ધિ થઈ શકે નહિં તેથી રાત્રિનો કાળ કહ્યો નથી.

(૩) માર્ગ → ઉન્માર્ગને વર્જીને માર્ગ કહ્યો છે - ઉન્માર્ગે જવાથી આત્માની વિરાધના વગેરે દોષો લાગે છે.

(૪) ચોથું કારણ, યતના, આ યતના ચાર પ્રકારે કહી છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ,

દ્રવ્યયતના = → આંખથી જીવો વગેરેને જોઈને ચાલવું તે...

(૧૮૬) ઈંદિઅત્થે વિવજ્જિત્તા, સજ્ઝાયં ચેવ પંચહા ।
તમ્મુત્તી તપ્પુરક્કારે, સંજએ ઈરિઅં રિએ ॥૮॥

(૧૮૭) કોહે માણે અ માયાએ, લોભે અ ઉવઉત્તયા ।
હાસે ભયમોહરિએ, વિકહાસુ તહેવ ય ॥૯॥
(૧૮૮) એયાઈ અટ્ઠ ઠાણાઈં, પરિવજ્જિત્તુ સંજએ ।
અસાવજ્જં મિઅં કાલે, ભાસં ભાસિજ્જ પણ્ણવં ॥૧૦॥

ક્ષેત્રયતના = → સાડા ત્રણ હાથ પ્રમાણ જમીનને જોતાં ચાલવું તે....

કાળયતના = જેટલા કાલ સુધી જવાનું હોય તેટલો કાલ ચાલવું તે....

ભાવયતના = સાવધાન થઈને (ઉપયોગવાળા થઈને) ચાલવું તે....

ભાવયતના વિશે વિશેષથી → ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોને તથા પાંચ પ્રકારના સ્વાધ્યાયને વર્જીને (સ્વાધ્યાય કરવાથી ઉપયોગ ન રહે તેથી) માત્ર ઈર્યામાં જ શરીરના વ્યાપારને જોડીને અને ઈર્યામાં જ મનનો ઉપયોગ રાખીને સંપૂર્ણપણે કાયા અને મનનું એકાગ્રપણું રાખતો એવો સાધુ ગતિ કરે. (ચાલે)...

બોલતી વખતે આઠસ્થાનકોને અવશ્ય છોડવા (૧) ક્રોધને વિષે (૨) માનને વિષે (૩) માયાને વિષે (૪) લોભને વિષે (૫) હાસ્યને વિષે (૬) ભયને વિષે (૭) મૌખર્યને વિષે (૮) વિકથાને વિષે ઉપયોગ રાખવો. આ આઠ સ્થાનકોને છોડીને બુદ્ધિમાન સાધુએ બોલવાને વખતે પાપરહિત-નિર્દોષ પરિમિત (= કાર્ય જેટલી) જ ભાષા બોલવી.

(૧૮૯) ગવેસણાએ ગહણે અ,
પરિભોગેસણા ય જા ।
આહારોવહિસેજ્જાએ,
એએ તિણ્ણિ વિ સોહએ ॥૧૧॥

(૧૯૦) ઉગ્ગમુપ્પાયણં પઢમે,
બીએ સોહિજ્જ એષણં ।
પરિભોગમ્મિ ચઉક્કં,
વિસોહિજ્જ જયં જઇ ॥૧૨॥

(૧૯૧) ઓહોવહોવગ્ગહિઅં,
ભંડગં દુવિહં મુણી ।
ગિણ્હંતો નિક્ખિવંતો અ,
પઉંજિજ્જ ઇમં વિહિં ॥૧૩॥

એષણાસમિતિ....એષણા ત્રણ પ્રકારની (૧) ગવેષણૈષણા = (ગવેષણા = ગાય જેવી એષણા.) ગાયની જેમ વિશુદ્ધ આહાર જોવામાં (એષણા=) વિચાર કરવો તે... (૨) ગ્રહણૈષણા = વિશુદ્ધ આહારને ગ્રહણ કરવામાં જે વિચાર તે... (૩) પરિભોગૈષણા = માંડલીમાં ભોજનના સમયે જે વિચાર તે... આ ત્રણ પ્રકારની એષણા ઉપધિ, વસ્ત્ર પાત્રાદિ અને ઉપાશ્રય આ ત્રણમાં પણ શોધવાની છે. માત્ર આહારને વિષે જ નહિં..

એષણાની શુદ્ધિ કેવી રીતે કરવી ? યતના કરતાં સાધુએ પહેલી ગવેષૈષણામાં સોળ ઉદ્‌ગમના અને સોળ ઉત્પાદનાના દોષોનો વિચાર કરવાનો છે. તથા બીજી ગ્રહણૈષણામાં શંકિત આદિ દશ દોષોનો વિચાર કરવાનો છે. ત્રીજી પરિભોગૈષણામાં માંડલીના પાંચ દોષોનો વિચાર કરવાનો છે.

ચોથી સમિતિ → આદાનભંડમત્તાનિક્ષેપા સમિતિ... ઉપધિ બે પ્રકારની છે (૧) ઓઘોપધિ (૨) ઔપગ્રહિકોપધિ... રજોહરણ વગેરે ઓઘોપધિ... દંડ વગેરે ઔપગ્રહિકોપધિ..

આ બન્ને પ્રકારના ઉપકરણને ગ્રહણ કરતાં અને મૂકતાં એવા સાધુએ આ પ્રમાણેની વિધિ કરવાની છે.

(૧૯૨) ચક્ખુસા પડિલેહિત્તા,
પમજ્જિજ્જ જયં જઇ ।
આઇએ નિક્ખિવિજ્જા વા,
દુહઓ વિ સમિએ સયા ।૧૪।

(૧૯૩) ઉચ્ચારં પાસવણં,
ખેલં સિંઘાણ જલ્લિઅં ।
આહારં ઉવહિં દેહં,
અન્નં વાવિ તહાવિહં ॥૧૫॥

(૧૯૪) અણાવાયમસંલોએ,
પરસ્સણુવઘાઇએ ।
સમે અઝુસિરે આવિ,
અચિરકાલકયમ્મિ અ ॥૧૭॥

(૧૯૫) વિચ્છિણ્ણે દૂરમોગાઢે,
નાસન્ને બિલવજ્જિઓ।
તસપાણબીઅરહિએ,
ઉચ્ચારાઇણિ વોસિરે ॥૧૮॥

વિધિ → સમિતિવાળા અને યતનાવાળા સાધુએ ઔધિક અને ઔપગ્રહિક આ બન્ને પ્રકારની ઉપધિને સદા પ્રથમ ચક્ષુ વડે પડિલેહણ કરીને એટલે જોઈને રજોહરણાદિ વડે પ્રમાર્જન કરવી અને પછી તે ઉપધિને ગ્રહણ કરવી અથવા મૂકવી.

પારિષ્ઠાપનિકા સમિતિ.

કેવી ભૂમિમાં પરઠવવું ? તે બતાવે છે.

(૧) અનાપાત અસંલોક = લોકોની આવ-જા ન હોય અને લોકો દૂરથી પણ ન જોઈ શકે તેવી જગ્યાએ પરઠવવું.

(૨) અનુપઘાત = સંયમઘાત અને આત્મઘાત ન થાય તેવી ભૂમિ.

(૩) સમ = જમીન સમાન હોય, ખાડા-ટેકરાવાળી જમીન ન જોઈએ.

(૪) અઝુસિર = અશુષિર = ઘાસ, પાંદડા વગેરેથી રહિત હોય.

(૫) અચિરકાલકૃતસ્થાન = દાહાદિ વડે થોડા કાળથી જ અચિત્ત થયેલી હોય તેવી જમીન.

(૬) વિસ્તીર્ણ = જઘન્યથી એક હાથ પ્રમાણ સ્થાનમાં....

(૧૯૬) સચ્ચા તહેવ મોસા ય,
સચ્ચામોસા તહેવ ય ।
ચઉત્થી અસચ્ચમોસા ય,
મણગુત્તી ચઉવ્વિહા ॥૨૦॥

(૧૯૭) સંરંભસમારંભે,
આરંભમ્મિ તહેવ ય ।
મણં પવત્તમાણં તુ,
નિઅત્તિજ્જ જયં જઈ ॥૨૧॥

(૭) દૂરાવગાઢસ્થાન = જઘન્યથી પૃથ્વીમાં નીચે-અંદર ચાર આંગળ અચિત્ત હોય.

(૮) નાસન્ને → નજીક ન હોય... ગામ બગીચાથી દૂર હોય.

(૯) બિલવર્જિત → ઉંદર વગેરેના બિલ વગરની હોય.

(૧૦) ત્રસપ્રાણબીજરહિત → બેઇન્દ્રિયાદિ ત્રસજીવો અને સચિત્ત બીજ વગરની હોય...

આ પ્રમાણે દશ પ્રકારની ભૂમિને વિષે સ્થંડિલ-માત્રુ, મુખનો બળખો, શ્લેષ્મ, શરીરનો મેલ, આહાર, ઉપધિ, શરીર તથા છાણ વગેરે જે જે પરઠવવાને લાયક હોય તે તે આવી ભૂમિમાં પરઠવવું....

મનોગુપ્તિ → ચાર પ્રકારની છે.

(૧) સત્યમનોગુપ્તિ = જગતમાં જીવતત્ત્વ છે એમ સત્ય પદાર્થનું ચિંતવન કરવું તે....

(૨) મૃષા મનોગુપ્તિ = જીવતત્ત્વ નથી એમ સત્‌નું અસ્‌તપણે ચિંતવન કરવું તે...

(૩) સત્યામૃષામનોગુપ્તિ = આંબા વગેરે વિવિધ પ્રકારના વૃક્ષોનું વન જોઈને તેને આંબાનું જ વન છે એમ વિચારવું તે...

(૪) અસત્યામૃષા મનોગુપ્તિ = તથા જે વિચાર

(૧૯૮) સચ્ચા તહેવ મોસા ય,
સચ્ચામોસા તહેવ ય ।
ચઉત્થી અસચ્ચમોસા ઉ,
વયગુત્તી ચઉવ્વિહા ॥૨૨॥

(ચિંતવન) સત્ય પણ ન હોય અને અસત્ય પણ ન હોય તે.. જેમકે હે દેવદત્ત ! ઘડો લાવ, ''મારે માટે અમુક વસ્તુ લાવ'' આ પ્રમાણે આદેશ નિર્દેશાદિનું મનમાં વિચારવું તે...

સંરંભ = હું તેવું ધ્યાન કરું છું અથવા કરીશ કે જેથી તે મરે કે મરશે.

યતનાવાન્ સાધુ સમારંભ = પરની પીડા કરનારું ઉચ્ચાટનાદિ સંબંધી ધ્યાન.

આરંભ = પરના પ્રાણનો નાશ કરે તેવો અશુભ પરિણામ... આ પ્રમાણે... સંરંભ, સમારંભ, આરંભને વિશે પ્રવર્તતા એવા મનને અટકાવીને શુભ સંકલ્પમાં મનને રાખે તે મનોગુપ્તિ.

વચનગુપ્તિ ૪ પ્રકારની

(૧) સત્યાવચનગુપ્તિ = જગતમાં જીવ પદાર્થ છે તેમ સત્ય પદાર્થોનું કહેવું તે...

(૨) મૃષાવચન ગુપ્તિ = જીવતત્ત્વ નથી એમ સત્નું અસત્પણે કહેવું તે...

(૩) સત્યામૃષા = આંબા વગેરે વિવિધ વૃક્ષોનું વન જોઈને આ આંબાનું વન છે તેમ બોલવું તે.

(૧૯૯) સંરંભસમારંભે,
આરંભમ્મિ તહેવ ય ।
વયં પવત્તમાણં તુ,
નિઅત્તિજ્જ જયં જઇ ॥૨૩॥

(૨૦૦) ઠાણે નિસીયણે ચેવ,
તહેવ ય તુઅટ્ટણે ।
ઉલ્લંઘણ પલ્લંઘણ,
ઈંદિઆણં ચ જુંજણે ॥૨૪॥

(૨૦૧) સંરંભસમારંભે,
આરંભમ્મિ તહેવ ય ।
કાયં પવત્તમાણં તુ,
નિઅત્તિજ્જ જયં જઇ ॥૨૫॥

(૪) અસત્યામૃષા વચન ગુપ્તિ = સત્ય પણ ન બોલવું અને અસત્ય પણ ન બોલવું તે...

સંરંભ = પરનો નાશ કરવા માટે મંત્ર વગેરે કરવા માટે તૈયાર થવું તે...

સમારંભ = પરને પીડા કરનાર મંત્રાદિ ગણવા તે...

આરંભ = પરનો વિનાશ કરવાના કારણરૂપ મંત્રાદિનો જાપ કરવો તે...

યતનાવાન્ સાધુ સંરંભ, સમારંભ, આરંભમાં પ્રવર્તતા વચનને અટકાવે અને શુભમાં વચનને પ્રવર્ત્તાવે તે વચનગુપ્તિ...

ઊભા રહેવામાં, બેસવામાં, શયનમાં (સુવામાં) તથા ખાડો વગેરે ઓળંગવામાં, સીધું ગમન કરવામાં, તથા ઇંદ્રિયોના વ્યાપારમાં વર્તતો સાધુ કાયગુપ્તિ કરે.

સંરંભ = કોઈને મારવા માટે તૈયાર થવું તે...

સમારંભ = વેલડી વગેરેથી મારવામાં....

આરંભ = પ્રાણીના વધને માટે લાકડી વગેરેનો ઉપયોગ કરવામાં...

આ પ્રમાણે સંરંભ, સમારંભ, આરંભમાં પ્રવર્તતા શરીરને અટકાવે તે કાયગુપ્તિ....

# યજ્ઞીય અધ્યયન-૨૫

(૨૦૨) જહા પઉમં જલે જાયં, નોવિલિપ્પઈ વારિણા।
એવં અલિત્તં કામેહિં, તં વયં બૂમ માહણં ॥૨૭॥

(૨૦૩) અલોલુઅં મુહાજીવી, અણગારં અકિંચણં।
અસંસત્તં ગિહત્થેસુ, તં વયં બૂમ માહણં ॥૨૮॥

(૨૦૪) જહિત્તા પુવ્વસંજોગં, નાતિસંગે અ બંધવે।
જો ન સજ્જઈ એએસુ, તં વયં બૂમ માહણં ॥૨૯॥

(૨૦૫) ન વિ મુંડિએણ સમણો, ન ઓંકારેણ બંભણો।
ન મુણી રણ્ણવાસેણં, કુસચીરેણ ન તાવસો ॥૩૧॥

(૨૦૬) સમયાએ સમણો હોઈ, બંભચેરેણ બંભણો।
નાણેણ ય મુણી હોઈ, તવેણં હોઈ તાવસો ॥૩૨॥

જેમ કમળ જળમાં ઉત્પન્ન થયાં છતાં પણ જળવડે લેપાતું નથી, એ જ પ્રમાણે જે કામથી ઉત્પન્ન થયા છતાં પણ કામો વડે લેપાતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે આહારાદિમાં લોલુપતારહિત હોય, મુધાજીવી હોય, ઘરરહિત હોય, પરિગ્રહરહિત હોય, ગૃહસ્થો સાથેનાં સંબંધરહિત હોય, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

પૂર્વના સંયોગને, જ્ઞાતિના સંગને તથા બંધુઓને તજીને જે પાછળથી તે માતાદિમાં રાગી-પ્રીતિવાળો ન થાય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

માત્ર મુંડન વડે કે લોચ વડે જ સાધુ કહેવાય નહીં, ઓંકારાદિ ગાયત્રી મંત્રથી જ બ્રાહ્મણ કહેવાય નહીં, અરણ્યમાં વસવા માત્રથી જ મુનિ કહેવાય નહીં તથા દર્ભમય વસ્ત્ર વડે જ તાપસ કહેવાય નહીં.

શત્રુ તથા મિત્ર પર સમાનપણાથી શ્રમણ-સાધુ કહેવાય છે, જ્ઞાન વડે મુનિ કહેવાય છે તથા તપ વડે તાપસ કહેવાય છે.

(૨૦૭) ઉવલેઓ હોઈ ભોગેસુ, અભોગી નોવલિપ્પઈ ।
ભોગી ભમઈ સંસારે, અભોગી વિપ્પમુચ્ચઈ ॥૪૧॥

(૨૦૮) ઉલ્લો સુક્કો અ દો છૂઢા, ગોલયા મટ્ટિઆમયા ।
દો વિ આવડિઆ કુડ્ડે, જો ઉલ્લો સોડત્થ લગ્ગઈ ॥૪૨॥

(૨૦૯) એવં લગ્ગંતિ દુમ્મેહા,
જે નરા કામલાલસા ।
વિરત્તા ઉ ન લગ્ગંતિ,
જહા સુક્કે ઉ ગોલએ ॥૪૩॥

## સામાચારી અધ્યયન-૨૬

(૨૧૦) પઢમા આવસ્સિઆ નામ,
બિઈયા ય નિસીહિઆ ।
આપુચ્છણા ય તઈયા,
ચઉત્થી પડિપુચ્છણા ॥૨॥

ભોગ ભોગવવાથી ઉપલેપ એટલે કર્મનો લેપ થાય છે અને ભોગરહિત પુરૂષ કર્મથી લેપાતો નથી. ભોગી માણસ સંસારમાં ભમે છે અને ભોગરહિત માણસ કર્મથી મૂકાય છે.

આર્દ્ર-લીલો અને સુકો બે માટીના ગોળા કોઈ ભીંત પર ફેંક્યા, તે બન્ને ગોળા ભીંત ઉપર પડ્યા, તેમાં-તે બન્નેમાં જે આર્દ્ર ગોળો હોય તે ભીંત સાથે લાગે છે - ચોંટી જાય છે.

એ જ પ્રમાણે - આર્દ્રગોળાની જેમ દુર્બુદ્ધિવાળા જે મનુષ્યો કામને વિષે લાલસાવાળા થાય છે તેઓ સંસારમાં આસક્ત થાય છે - ચોંટી જાય છે પરંતુ જેમ સુક્કો ગોળો ભીંત સાથે લાગતો નથી - ચોટીં જતો નથી તેમ કામભોગથી વિરક્ત પુરૂષો સંસારમાં આસક્ત થતા નથી.

દશ સામાચારી → (૧) આવશ્યકી (૨) નૈષેધિકી (૩) આપૃચ્છના (૪) પ્રતિપૃચ્છના (૫) છંદના (૬) ઈચ્છાકાર (૭) મિથ્યાકાર (૮) તથાકાર (૯) અભ્યુત્થાન (૧૦) ઉપસંપદા. આ દશ પ્રકારની સાધુઓની સામાચારી કહેલી છે.

(૨૧૧) પંચમી છંદણા નામં,
ઈચ્છાકારો અ છટ્ઠઓ ।
સત્તમો મિચ્છાકારો ઉ,
તહક્કારો ઉ અટ્ઠમો ॥૩॥

(૨૧૨) અબ્ભૂટ્ઠાણં નવમં,
દસમા ઉવસંપયા ।
એસા દસંગા સાહૂણં,
સામાયારી પવેઈઆ ॥૪॥

(૨૧૩)ગમણે આવસ્સિઅં કુજ્જા,
ઠાણે કુજ્જા નિસીહિઅં ।
આપુચ્છણા સાયં કરણે,
પરકરણે પડિપુચ્છણા ॥૫॥

(૨૧૪) છંદણા દવ્વજાએણં,
ઈચ્છાકારો અ સારણે ।
મિચ્છાકારો અ નિંદાએ,
તહક્કારો પડિસ્સુએ ॥૬॥

(૨૧૫) અબ્ભુટ્ઠાણં ગુરુપૂઆ,
અચ્છણે ઉવસંપયા ।
એવં દુપંચસંજુત્તા,
સામાયારી પવેઈયા ॥૭॥

(૧) આવશ્યકી = અવશ્ય કરવા લાયક કાર્ય તે....
(૨) નૈષેધિકી = ઉપાશ્રયાદિ સ્થાનમાં પ્રવેશ કરતી વખતે ગમનાદિના નિષેધરૂપ....
(૩) આપૃચ્છના = પોતાનું કાર્ય કરતી વખતે ગુરુની આજ્ઞા માંગવી તે...
(૪) પ્રતિપૃચ્છના = બીજાનું કાર્ય કરતી વખતે ગુરુની ફરીથી આજ્ઞા લેવી તે... (એકવાર મળી ગઈ હોય પણ એ કાર્ય કરતી વખતે ફરીથી પૂછવું તે)
(૫) છંદના = પોતે આહાર પાણી લાવેલા અન્ય સાધુઓને નિમંત્રે તે...
(૬) ઈચ્છાકાર = પોતાની ઈચ્છાથી કાર્ય કરવાનું છે પણ બળાત્કારથી કરવાનું નથી જેથી પોતે કાર્ય કરવું હોય તો ''હું તમારું અમુક કાર્ય મારી ઈચ્છાથી કરું છું એમ કહેવું અને બીજા પાસે કરાવવું હોય તો મારું અમુક કાર્ય તમારી ઈચ્છાથી કરો એમ કહેવું તે...
(૭) મિથ્યાકાર → ભૂલ થઈ ગઈ હોય ત્યારે વારંવાર મિચ્છામિદુક્કડમ્.....
(૮) તથાકાર = તહત્તિ કરવું તે...
(૯) અભ્યુત્થાન = આચાર્ય, ગ્લાન વગેરેને આહારાદિ આપવા તે...

(૨૧૬) પુવ્વિલ્લમ્મિ ચઉબ્ભાગે, આઈચ્ચમ્મિ સમુટ્ઠિએ।
ભંડગં પડિલેહિત્તા, વંદિત્તા ય તઓ ગુરું ॥૮॥
(૨૧૭) પુચ્છિજ્જા પંજલિઉડો, કિં કાયવ્વં મએ ઈહ।
ઈચ્છં નિઓઈઉં ભંતે !, વેઆવચ્ચે વ સજ્ઝાએ ॥૯॥

(૨૧૮) વેયાવચ્ચે નિઉત્તેણં, કાયવ્વં અગિલાયઓ।
સજ્ઝાએ વા નિઉત્તેણં, સવ્વદુક્ખવિમોક્ખણે ॥૧૦॥

(૨૧૯) દિવસ્સ ચઉરો ભાએ, કુજ્જા ભિક્ખૂ વિઅક્ખણો।
તઓ ઉત્તરગુણે કુજ્જા, દિનભાગેસુ ચઉસુવિ ॥૧૧॥

(૨૨૦) પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઈયં ઝાણં ઝિઆયઈ।
તઈઆએ ગોઅરકાલં, પુણો ચઉત્થિએ સજ્ઝાયં ॥૧૨॥

(૧૦) ઉપસંપદા = જ્ઞાનાદિ ગુણ ઉપાર્જન કરવા માટે બીજા ગચ્છમાં જવું તે...

પૂર્વદિશાએ આકાશના કાંઈક ન્યૂન એવા ચોથા ભાગે સૂર્ય ચડે ત્યારે (પાદોનપોરસી થાય ત્યારે) પાત્રાદિ ઉપકરણને પડિલેહીને ત્યાર પછી ગુરુને વાંદીને મસ્તક પર બે હાથ જોડીને પૂછે કે મારે અત્યારે શું કરવું ? હે ભગવાન ! વૈયાવચ્ચમાં અથવા સ્વાધ્યાયમાં મારા આત્માને જોડી દેવાની આજ્ઞા આપો એમ હું ઈચ્છું છું.

વૈયાવચ્ચમાં આજ્ઞા અપાયેલા સાધુએ શરીરનો શ્રમ વિચાર્યા વિના જ વૈયાવચ્ચ કરવું, તથા જો સ્વાધ્યાયની આજ્ઞા ગુરુએ આપી હોય તો સર્વદુઃખનો નાશ થાય છે એવા સ્વાધ્યાયમાં ગ્લાનિપણા રહિત સ્વાધ્યાય કરવો.

ક્રિયાકુશળ એવા સાધુએ દિવસના ચાર ભાગ કરવા, ત્યાર પછી તે ચારે દિવસના ભાગોમાં સ્વાધ્યાયાદિ ઉત્તરગુણ કરવા.

પહેલી પોરસીમાં સૂત્રાદિનો (સૂત્રપોરસી) સ્વાધ્યાય કરવો, બીજી પોરસીમાં અર્થના વિષયનું ધ્યાન કરવું (અર્થપોરસી) ત્રીજી પોરસીમાં ભિક્ષાચર્યા અને બહિર્ભૂમિ જવું વગેરે..અને ચોથી પોરસીમાં ફરીથી સ્વાધ્યાય કરવો.

(૨૨૧) ઉડ્ઢં થિરં અતુરિઅં, પુવ્વં તા વત્થમેવ પડિલેહે।
તો બિઈયં પપ્ફોડે, તઈઅં ચ પુણો પમજ્જિજ્જા ॥૨૪॥

(૨૨૨) અનચ્ચાવિઅં અવલિઅં,
અણાણુબંધિં અમોસલિં ચેવ ।
છપ્પુરિમા નવખોડા,
પાણીપાણિવિસોહણં ॥૨૫॥

(૨૨૩) આરભડા સંમદ્દા,
વજ્જેઅવ્વા ય મોસલી તઈઆ।
પપ્ફોડણા ચઉત્થી,
વિક્ખિત્તા વેઈયા છટ્ઠી ॥૨૬॥

પડિલેહણ કેવી રીતે કરવું ? તે બતાવે છે.

પ્રથમ ઉત્કટિક (ઊભા પગે) આસને બેસીને તથા વસ્ત્ર તિર્ચ્છું રાખી દૃઢ રીતે વસ્ત્રને પકડે ત્યાર પછી ઉતાવળ કર્યા વિના વસ્ત્રને પડિલેહે, પ્રથમ વસ્ત્રને સવળા અને અવળા કરીને માત્ર દૃષ્ટિથી જુએ, પણ પફ્ફોડા કરે નહિં, જોયા પછી પફ્ફોડા કરે ત્યાર પછી પ્રમાર્જન કરે. એટલે કે પડિલેહીને, તથા પ્રસ્ફોટન કરીને પછી પ્રમાર્જન કરે.

પ્રસ્ફોટન, પ્રમાર્જન કેવી રીતે કરવું ?

(૧) અનર્તિત=શરીર અથવા વસ્ત્ર નાચ ન કરે તેવી રીતે.

(૨) અવલિત=શરીર અથવા વસ્ત્ર વળે નહિં તેવી રીતે.

(૩) અનાનુબંધિ = અનુબંધ રહિત. (આંતરા સહિત)

(૪) અમોસલિ = ઊંચું, નીચું કે તિર્ચ્છું જોયા સિવાય, ઊંચે માળ વગેરેને અને નીચે જમીન વગેરેને સ્પર્શ ન થાય તેમ વસ્ત્રનું પ્રસ્ફોટન કરવું.

હવે પડિલેહણના દોષો બતાવે છે.

(૧) આરભડા = બીજા બીજા વસ્ત્રોને જલ્દીથી ગ્રહણ કરીને પડિલેહણા કરવી તે.

(૨) સંમર્દા = વસ્ત્રના છેડા પરસ્પર ભેગા કરવા અથવા ઉપધિ ઉપર બેસવું તે....

(૩) મૌશલી=તિર્ચ્છો, ઊંચો, કે નીચે સંઘટ્ટો કરવો તે...

(૨૨૪) પસિઢિલપલંબલોલા,
એગામોસા અણેગરૂવધુણા ।
કુણઇ પમાણિ પમાયં,
સંકિએ ગણણોવગં કુજ્જા ॥૨૭॥

(૪) પ્રસ્ફોટના = ધૂળથી ખરડાયેલા વસ્ત્રોની જેમ પડિલેહણના વસ્ત્રને અત્યંત ઝાપટવું તે...

(૫) વિક્ષિપ્તા = પડિલેહણ કર્યા વિનાના વસ્ત્ર ઉપર પડિલેહણ કરેલું વસ્ત્ર મૂકવું તે...

(૬) વેદિકા → પાંચ પ્રકારે...

(i) ઉર્ધ્વવેદિકા = બંને ઢીંચણ ઉપર બંને હાથ રાખીને પડિલેહણા કરવી તે...

(ii) અધોવેદિકા = ઢીંચણથી ઘણા નીચે હાથ રાખવા તે....

(iii) તિર્યગ્વેદિકા = તિર્છા હાથ રાખીને પડિલેહણા કરવી તે...

(iv) ઉભયવેદિકા = બે હાથની અંદર બે ઢીંચણ રાખીને પડિલેહણા કરવી તે...

(v) એકવેદિકા = બે હાથની અંદર એક ઢીંચણ રાખીને પડિલેહણા કરવી તે.

(૭) પ્રશિથિલ = વસ્ત્રને શિથિલપણે પકડવું તે...

(૮) પ્રલંબ = વસ્ત્રના છેડા લાંબા લટકતાં રાખીને પડિલેહણ કરવું તે.

(૯) લોલ = જમીન ઉપર કે હાથમાં પડિલેહણ કરાતાં વસ્ત્રોને હલાવવા રૂપ દોષ.

(૨૨૫) પડિલેહણં કુણંતો,
મિહો કહં કુણઇ જણવયકહં વા ।
દેઇ વ પચ્ચક્ખાણં, વાએઇ સયં પડિચ્છઇ વા ॥૨૯॥
(૨૨૬) પુઢવી આઉક્કાએ, તેઉ વાઉ વણસ્સઇ તસાણં।
પડિલેહણાપમત્તો, છણ્હં પિ વિરાહઓ હોઇ ॥૩૦॥

(૨૨૭) પુઢવી આઉક્કાએ, તેઉ વાઉ વણસ્સઇ તસાણં ।
પડિલેહણા આઉત્તો, છણ્હં પિ આરાહઓ હોઇ ॥૩૧॥

(૧૦) અનેકરૂપધૂનના = એકી સાથે અનેક વસ્ત્રો પકડીને હલાવવા રૂપ દોષ.

(૧૧) એકામર્શા = એકી વખતે વસ્ત્રના બન્ને બાજુના છેડા ખેંચવા તે એકામર્શા.

(૧૨) પ્રમાદ = પ્રસ્ફોટના વગેરેની સંખ્યા રૂપ પ્રમાણમાં ઉપયોગના અભાવ રૂપ દોષ.

(૧૩) ગણનોપગ = પ્રમાદથી પ્રમાણ પ્રત્યે શંકા થતાં હાથની અંગુલિ રેખાનો સ્પર્શ વગેરે કરી એક-બે-ત્રણ સંખ્યા રૂપ ગણના કરી પ્રસ્ફોટના વગેરે કરે તે.

આ સર્વ દોષો પડિલેહણમાં વર્જવાના છે. તેર દોષોથી સહિત પડિલેહણ તે સદોષા પડિલેહણા છે.

જે પડિલેહણ કરતો સાધુ પરસ્પર કથાને અથવા દેશકથા આદિ કથાને કરે, અથવા બીજાને પચ્ચક્ખાણ આપે, અથવા બીજાને વાચના આપે અથવા પોતે આલાવાદિને ગ્રહણ કરે.

આ પ્રમાણે પડિલેહણમાં પ્રમાદી સાધુ પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એ છએ કાયનો વિરાધક થાય છે.

પડિલેહણ કરવામાં સાવધ - ઉપયોગવાળો એવો સાધુ પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય એ છએ કાયનો આરાધક થાય છે.

(૨૨૮) તઈઆએ પોરિસીએ,
ભત્તપાણં ગવેસએ ।
છણ્હમન્નયરાગમ્મિ,
કારણમ્મિ સમુટ્ઠિએ ॥૩૨॥
(૨૨૯) વેયણવેયાવચ્ચે,
ઈરિઅટ્ઠાએ અ સંજમટ્ઠાએ ।
તહ પાણવત્તિઆએ,
છટ્ઠં પુણ ધમ્મચિંતાએ ॥૩૩॥

(૨૩૦) આયંકે ઉવસગ્ગે, તિતિક્ખયા બંભચેરગુત્તીસુ।
પાણિદયાતવહેઉં, સરીરવોચ્છેઅણટ્ઠાએ ॥૩૫॥

ત્રીજી પોરસીએ છમાંથી કોઈ પણ એક કારણ પ્રાપ્ત થતાં ભાત-પાણીની-આહારની ગવેષણા કરે.

છ કારણ....

(૧) ક્ષુધા પિપાસાદિ વેદનાને દૂર કરવા માટે.

(૨) વૈયાવચ્ચ કરવા માટે... (ભૂખથી પીડિત હોય તો વૈયા. ન કરી શકે)

(૩) ઈર્યાસમિતિ સાચવવા. (ભૂખથી વ્યાકૂળ આંખથી બરોબર જોઈ ન શકે)

(૪) સંયમ પાળવાને માટે....

(૫) પ્રાણના રક્ષણને માટે....

(૬) ધર્મના ચિંતવનને માટે...

આહારની ગવેષણા ન કરવાના છ કારણો.

(૧) જ્વર - વ્યાધિ હોય ત્યારે (૨) ઉપસર્ગ થતો હોય ત્યારે (૩) બ્રહ્મચર્યની રક્ષાર્થે (૪) વરસાદમાં → અપ્કાયાદિ જીવોની રક્ષાને માટે. (૫) ઉપવાસાદિ તપને માટે (૬) આયુષ્યની સમાપ્તિમાં શરીરનો ત્યાગ કરવા માટે... (ઉચિત કાળે અનશન કરતી વખતે).... આ છ કારણે ભાત-પાણીની ગવેષણા કરવી નહિં.

(૨૩૧) અવસેસં ભંડગં ગિજ્ઝા, ચક્ખુસા પડિલેહએ।
પરમદ્ધજોઅણાઓ, વિહારં વિહરએ મુણી ॥૩૬॥

(૨૩૨) ચઉત્થીએ પોરિસીએ, નિક્ખિવિત્તાણ ભાયણં।
સજ્જાયં ચ તઓ કુજ્જા, સવ્વભાવવિભાવણં ॥૩૭॥

(૨૩૩) પોરિસીએ ચઉબ્ભાએ, વંદિત્તાણ તઓ ગુરું।
પડિક્કમિત્તા કાલસ્સ, સિજ્જં તુ પડિલેહએ ॥૩૮॥

(૨૩૪) પાસવણુચ્ચારભૂમિં ચ, પડિલેહિજ્જ જયં જઈ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૩૯॥

(૨૩૫) દેવસિઅં ચ અઈઆરં, ચિંતિજ્જ અણુપુવ્વસો।
નાણે અ દંસણે ચેવ, ચરિત્તમ્મિ તહેવ ય ॥૪૦॥

(૨૩૬) પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું।
દેસિઅં તુ અઈઆરં, આલોઈજ્જ જહક્કમં ॥૪૧॥

સમગ્ર ઉપકરણ ગ્રહણ કરીને તેને ચક્ષુ વડે જોઈને પછી તેની પડિલેહણા કરે. પછી તે સર્વ ઉપધિ લઈને ઉત્કૃષ્ટથી બે કોશ પ્રમાણ ક્ષેત્ર સુધી મુનિ ભાતપાણીની ગવેષણા માટે પર્યટન કરે.

ચોથી પોરસીએ પાત્રા-ઉપધિનું પડિલેહણ કરવા પૂર્વક સ્થાનકે મૂકીને ત્યાર પછી જીવાદિ સર્વ પદાર્થોને પ્રકાશ કરનાર સ્વાધ્યાય કરે.

ત્યાર પછી મુનિ ચોથી પોરસીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે ગુરુને વાંદીને કાળનું પ્રતિક્રમણ કરીને પછી વસતિનું (ઉપાશ્રયનું) પડિલેહણ કરે.

સાધુ સર્વ યત્નાવાળો થઈને પારિષ્ઠાપનિકાભૂમિને પડિલેહે (એટલે કે સાંજે વસતિ જોવે) ત્યાર પછી સર્વ દુ:ખને-પાપનો નાશ કરનાર કાયોત્સર્ગ કરે.

તે કાયોત્સર્ગમાં રહેલો સાધુ દિવસ દરમ્યાન જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી જે જે અતિચાર લાગ્યા હોય તે તે અતિચાર કાઉસ્સગ્ગમાં ચિંતવે.

અતિચાર ચિંતવ્યા પછી કાઉસગ્ગ પારીને ગુરુને દ્વાદશાવર્ત વંદન કરીને દિવસ સંબંધી ચિંતવેલા અતિચારને ગુરુ પાસે પ્રગટ કરે.

(૨૩૭) પડિક્કમિત્તુ નિસ્સલ્લો, વંદિત્તાણ તઓ ગુરું ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૪૨॥

(૨૩૮) પારિયકાઉસ્સગ્ગો, વંદિત્તાણં તઓ ગુરું ।
થુઈમંગલં ચ કાઉં, કાલં સંપડિલેહએ ॥૪૩॥

(૨૩૯) પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઈયં ઝાણં ઝિઆયઈ ।
તઈઆએ નિદ્દમોક્ખં તુ, સજ્ઝાયં તુ ચઉત્થીએ ॥૪૪॥

(૨૪૦) પોરિસીએ ચઉત્થીએ, કાલં તુ પડિલેહિઆ ।
સજ્જાયં તુ તઓ કુજ્જા, અબોહિંતો અસંજએ ॥૪૫॥

(૨૪૧) પોરિસીએ ચઉબ્ભાએ, વંદિત્તાણ તઓ ગુરું ।
પડિક્કમિત્તા કાલસ્સ, કાલં તુ પડિલેહએ ॥૪૬॥

(૨૪૨) આગએ કાયવુસ્સગ્ગે, સવ્વદુક્ખવિમોક્ખણે ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૪૭॥

પ્રતિક્રમણ કરીને એટલે (શ્રમણસૂત્ર કહીને) અપરાધના સ્થાનોથી પાછા ફરીને માયા શલ્યાદિ શલ્ય રહિત થઈને ત્યાર પછી ગુરુને વંદન પૂર્વક અબ્ભુટ્ઠિઓ ખમાવીને તથા વાંદીને ત્યાર પછી સર્વ દુઃખનો નાશ કરનાર કાઉસગ્ગને એટલે (જ્ઞાન, દર્શન ચારિત્રની શુદ્ધિને માટે) ત્રણ કાયોત્સર્ગ કરે.

કાયોત્સર્ગ પારીને ગુરુને વાંદીને સિદ્ધસ્તવરૂપ તથા ત્રણ સ્તુતિ રૂપ સ્તુતિમંગલ કરીને એટલે નમોસ્તુ વદ્ર્ધમાનાય કહીને પ્રાદોષિકકાળને પડિલેહે.

પહેલી પોરસીએ સ્વાધ્યાય કરે, બીજી પોરસીએ ધર્મધ્યાન ધ્યાવે, ત્રીજી પોરસીએ નિદ્રાને છૂટી મૂકે, ચોથી પોરસીએ ફરીથી સ્વાધ્યાય કરે.

ચોથી પોરસીએ વૈરાત્રિક કાળને પડિલેહીને તથા ગ્રહણ કરીને ત્યાર પછી અસંયતિઓને નહિં જગાડતો મૌનપણે સ્વાધ્યાય કરે.

ત્યાર પછી ચોથી પોરસીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે ગુરુને વાંદીને વૈરાત્રિક કાળને પડિક્કમીને પ્રભાતિક કાળને પડિલેહે તથા કાળગ્રહણ કરે.

સર્વ દુઃખનો નાશ કરનાર કાયોત્સર્ગનો કાળ પ્રાપ્ત થાય ત્યાર પછી સર્વ દુઃખનો નાશ કરનાર કાયોત્સર્ગને

(૨૪૩) રાઈઅં ચ અઈઆરં, ચિંતિજ્જ અણુપુવ્વસો ।
નાણંમિ દંસણમ્મિ, ચરિત્તમ્મિ તવમ્મિ ય ॥૪૮॥

(૨૪૪) પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
રાઈઅં તુ અઈઆરં, આલોએજ્જ અહક્કમં ॥૪૯॥
(૨૪૫) પડિક્કમિત્તુ નિસ્સલ્લો, વંદિત્તાણ તઓ ગુરું ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૫૦॥

(૨૪૬) કિં તવં પડિવજ્જામિ ?, એવં તત્થ વિચિંતએ ।
કાઉસ્સગ્ગં તુ પારિત્તા, વંદઈ ઉ તઓ ગુરું ॥૫૧॥
(૨૪૭) પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
તવં સંપડિવજ્જિત્તા, કરિજ્જ સિદ્ધાણ સંથવં ॥૫૨॥

કરે (કાયોત્સર્ગ મોટી નિર્જરાનું કારણ હોવાથી બે વાર વિશેષણ આપ્યું છે) કાયોત્સર્ગ જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ માટે ત્રણ કાઉસ્સગ્ગ કરવાના છે તેમાં છેલ્લા કાઉસ્સગ્ગમાં રાત્રિ સંબંધી અતિચાર વિચારવાના છે.

ત્રીજા કાઉસ્સગ્ગમાં જ્ઞાનને વિશે, દર્શનને વિશે ચારિત્રને વિશે, તપને વિશે, વીર્યને વિશે લાગેલા રાત્રિ સંબંધી અતિચાર અનુક્રમે ચિંતવવા.

કાયોત્સર્ગ પારીને ત્યાર પછી ગુરુને વાંદીને અનુક્રમે રાત્રિ સંબંધી અતિચારને આલોચે.

શ્રમણ સૂત્ર કહીને એટલે (અપરાધથી પાછા ફરીને) શલ્ય રહિત થઈને ત્યાર પછી ગુરુને વાંદીને, ગુરુને અબ્ભુટ્ઠિઓ વડે ખમાવીને પછી ફરીથી વાંદીને ત્યાર પછી સર્વ દુઃખનો નાશ કરનાર કાયોત્સર્ગ કરે.

આજે હું કયો તપ કરું ? એ પ્રમાણે કાઉસ્સગ્ગમાં ચિંતવે ત્યાર પછી કાઉસ્સગ્ગ પારીને ગુરુને વાંદે.

કાયોત્સર્ગ પારીને ત્યાર પછી ગુરુને વાંદીને કાઉસગ્ગમાં નિર્ણિત કરેલા તપને અંગીકાર કરીને સિદ્ધોના ત્રણ સ્તુતિ રૂપ વિશાલલોચન કરે. ત્યાર પછી શાશ્વત-અશાશ્વત ચૈત્યો છે તેને વંદના કરે - સકલતીર્થ કહે.

# મોક્ષમાર્ગગતિ અધ્યયન-૨૮

(૨૪૮) જો જિણદિટ્ઠે ભાવે, ચઉવ્વિહે સદ્દહાઈ સયમેવ।
એમેવ નન્નહ ત્તિ અ, નિસગ્ગરૂઈ ત્તિ નાયવ્વો ॥૧૮॥

(૨૪૯) એએ ચેવ ઉ ભાવે, ઉવઈટ્ઠે જો પરેણ સદ્દહઈ।
છઉમત્થેણ જિણેણ વ, ઉવએસરૂઈ ત્તિ નાયવ્વો ॥૧૯॥

(૨૫૦) રાગો દોસો મોહો, અણ્ણાણં જસ્સ અવગયં હોઈ।
આણાએ રોઅંતો, સો ખલુ આણારૂઈ નામ ॥૨૦॥

(૨૫૧) જો સુત્તમહિજ્જંતો, સુએણ ઓગાહઈ ઉ સમ્મત્તં।
અંગેણ બાહિરેણ વ, સો સુત્તરુઈ ત્તિ નાયવ્વો ॥૨૧॥

(૨૫૨) એગેણ અણેગાઈ, પયાઈ જો પસરઈ ઉ સમ્મત્તં।
ઉદએ વ તિલ્લબિંદૂ, સો બીઅરૂઈ ત્તિ નાયવ્વો ॥૨૨॥

જે પ્રાણી જીનેશ્વરે કહેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અથવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર પ્રકારના પદાર્થોને બીજાના ઉપદેશ વિના પોતાની મેળે જ "આ જીવાદિ તત્ત્વ જીનેશ્વરે કહ્યાં છે તે, તે જ પ્રમાણે છે, અન્યથા પ્રકારે નથી" એ પ્રમાણે શ્રદ્ધા કરે તે જીવ નિસર્ગરૂચિ છે એમ જાણવું.

જે પ્રાણી બીજાએ છદ્મસ્થ ગુરુએ અથવા કેવલજ્ઞાનીએ ઉપદેશ આપેલા એ જ જીવાદિ પદાર્થોને સદ્દહે-શ્રદ્ધા કરે, તે પ્રાણી ઉપદેશરૂચિ છે એમ જાણવું.

જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન, આંશિક ક્ષય થયેલા હોય અને તેથી ગુરુની આજ્ઞા વડે જ કોઈપણ ઠેકાણે હઠ કર્યા વિના માષતુષની જેમ આજ્ઞા ઉપર રૂચિ રાખતો હોય તે આજ્ઞારૂચિ કહેવાય.

જે સૂત્રને ભણતો અંગપ્રવિષ્ટ આચારાંગાદિ અથવા ઉત્તરાધ્યયનાદિ બાહ્ય એટલે અનંગ પ્રવિષ્ટ શ્રુતવડે સમકિતને અવગાહન કરે છે તે સૂત્રરૂચિ છે એમ જાણવું.

જળમાં તેલના બિંદુની જેમ જે સમ્યક્ત્વવાળો પુરૂષ એક જીવાદિ પદવડે અજીવાદિ અનેક પદોમાં પ્રસરે છે તે બીજરૂચિ છે એમ જાણવું.

(૨૫૩) સો હોઈ અભિગમરૂઈ,
સુઅનાણં જેણ અત્થઓ દિટ્ઠં ।
એક્કારસઅંગાઈ, પઈણગં દિટ્ઠિવાઓ અ ॥૨૩॥
(૨૫૪) દવ્વાણંસવ્વભાવા, સવ્વપમાણેહિં જસ્સઉવલદ્ધા॥
સવ્વાહિં નયવિહિહિ અ, વિત્થારરુઈ ત્તિ નાયવ્વો ॥૨૪॥

(૨૫૫) દંસણ નાણ ચરિત્તે,
તવ-વિણએ સચ્ચસમિઈગુત્તીસુ ।
જો કિરિઆભાવરૂઈ, સો ખલુ કિરિઆરુઈનામ ॥૨૫॥

(૨૫૬) અણભિગ્ગહિઅકુદિટ્ઠી,
સંખેવરુઈ ત્તિ હોઈ નાયવ્વો ।
અવિસારઓ પવયણે, અણભિગ્ગહિઓ અ સેસેસુ ॥૨૬॥

(૨૫૭) જો અત્થિકાયધમ્મં,
સુઅધમ્મં ખલુ ચરિત્તધમ્મં ચ ।
સદ્દહઈ જિણાભિહિઅં, સો ધમ્મરૂઈ ત્તિ નાયવ્વો ॥૨૭॥

આચારાંગાદિ અગ્યાર અંગ, પ્રકીર્ણકો, દૃષ્ટિવાદ તથા ઉપાંગો આ સર્વ શ્રુતજ્ઞાન જેણે અર્થથી જોયું-જાણ્યું હોય તે અભિગમરૂચિ હોય છે.

ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોના એકત્વ, પૃથક્ત્વ આદિ સર્વ ભાવો-પર્યાયો પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો વડે તથા નૈગમાદિ સર્વ નયના પ્રકારો વડે જેના જાણવામાં આવ્યા હોય તે વિસ્તારરૂચિ છે એમ જાણવું.

દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં, તપ અને વિનયમાં તથા સત્ય એવી સમિતિ અને ગુપ્તિમાં જે પ્રાણી તે દર્શનાદિના ક્રિયાનુષ્ઠાનમાં ભાવથી રૂચિવાળો હોય તે જીવ નિશ્ચે ક્રિયારૂચિ નામે કહેવાય છે.

જેણે સૌગતાદિના મતરૂપી કુદૃષ્ટિને અંગીકાર કરી ન હોય, જીવનપ્રવચનમાં કુશળ ન હોય, તથા કપિલાદિના શાસ્ત્રોમાં પણ પ્રેમવાળો ન હોય તે ચિલાતિપુત્રની જેમ સંક્ષેપરુચિ હોય છે એમ જાણવું.

જે જિનેશ્વરે કહેલા અસ્તિકાયધર્મને, શ્રુતધર્મને તથા ચારિત્રધર્મને સદ્દહે શ્રદ્ધા કરે તે ધર્મરૂચિ છે એમ જાણવું.

# સમ્યક્ત્વપરાક્રમઅધ્યયન-૨૯

(૨૫૮) ગુરુસાહમ્મિઅસુસ્સૂસણયાએણં વિનય-પડિવત્તિં જણયઇ, વિનયપડિવણ્ણે અ ણં જીવે અણચ્ચાસાયણાસીલે નેરઈઅતિરિક્ખજોણિ-અમણુસ્સદેવદુગ્ગઈઓ નિરુંભઇ વણ્ણસંજલણ-ભત્તિબહુમાણયાએ મણુસ્સદેવસુગ્ગઈઓ નિબંધઇ સિદ્ધિસોગ્ગઈં ચ વિસોહેઇ, પસત્થાઈં ચ ણં વિણયમૂલાઈં સવ્વકજ્જાઈં સાહેઇ, અન્ને અ બહવે જીવે વિણઈત્તા ભવઇ ॥૪॥

(૨૫૯)આલોયણયાએણં માયાનિયાણમિચ્છાદંસણ-સલ્લાણં મોક્ખમગ્ગવિગ્ઘાણં અણંતસંસારવદ્ધણાણં ઉદ્ધરણં કરેઇ, ઉજ્જુભાવં ચ ણં જણયઇ, ઉજ્જુ-ભાવપડિવન્ને અ ણં જીવે અમાઇ ઇત્થિવેયં નપુંસગવેયં ચ ન બંધઇ, પુવ્વબદ્ધં ચ ણં નિજ્જરેઈ ॥૫॥

ગુરુ અને સાધર્મિકની સેવા વડે વિનયને ઉત્પન્ન કરે છે. વિનય ઉત્પન્ન થવાથી સ્વભાવ કોઈની આશાતના કરવાનો રહેતો નથી. જેથી નારકી, તિર્યંચ, યોનિ, મ્લેચ્છાદિ મનુષ્ય, કિલ્બિષાદિ દેવરૂપ દુર્ગતિને રુંધે છે પ્રશંસા વડે જે ગુણની પ્રગટતા, ભક્તિ, બહુમાનથી મનુષ્ય દેવરૂપ સુગતિને પામે છે અને સિદ્ધિરૂપી સુગતિને વિશુદ્ધ કરે છે તથા પ્રશસ્ત અને વિનયના હેતુભૂત સર્વકાર્યોને સાધે છે. તથા બીજા ઘણા જીવોને વિનય શીખવનાર થાય છે.

આલોચના વડે જીવ મોક્ષમાર્ગના વિઘ્નરૂપ અને અનંત સંસારની વૃદ્ધિ કરનારા માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય એ ત્રણે શલ્યનો નાશ કરે છે. તથા ઋજુભાવને-સરળતાને ઉત્પન્ન કરે છે. ઋજુભાવને પામેલો જીવ માયા રહિત થયેલો સ્ત્રીવેદ અને નપુંસકવેદને બાંધતો નથી, તથા પૂર્વે બાંધેલા સર્વ કર્મને ખપાવે છે.

(૨૬૦) નિંદણયાએણં પચ્છાણુતાવં જણયઈ, પચ્છાણુતાવેણં વિરજ્જમાણે કરણગુણસેઢિં પડિવજ્જઈ, કરણગુણસેઢિં પડિવન્ને અ અણગારે મોહણિજ્જં કમ્મં ઉગ્ઘાએઈ ॥૬॥

(૨૬૧) ગરહણયાએણં અપુરક્કારં જણયઈ, અપુરક્કારગએ અ ણં જીવે અપ્પસત્થેહિંતો જોગેહિંતો નિઅત્તઈ, પસત્થજોગે અ પવત્તઈ, પસત્થજોગપડિવણ્ણે અ ણં અણગારે અણંતઘાઈ પજ્જવે ખવેઈ ॥૭॥

(૨૬૨) વંદણએણં નીઆગોઅં કમ્મં ખવેઈ, ઉચ્ચાગોઅં નિબંધઈ, સોહગ્ગં ચ ણં અપ્પડિહયં આણાફલં નિવ્વત્તેઈ, દાહિણભાવં ચ ણં જણયઈ ॥૧૦॥

પોતાના દોષના ચિંતન વડે સાધક "અહો ! મેં આ અકાર્ય કર્યું" એમ પશ્ચાત્તાપ ઉત્પન્ન કરે છે. પશ્ચાત્તાપ વડે વૈરાગ્યને પામેલો અપૂર્વ કરણ વડે (નિર્મળ મનના પરિણામ વડે) ગુણશ્રેણિને પામે છે. અપૂર્વકરણ વડે ક્ષપકશ્રેણિને પામેલો સાધુ મોહનીય કર્મને ખપાવે છે.

બીજાની પાસે પોતાના દોષ પ્રગટ કરવા વડે અપુરસ્કારને પામે છે. (અપુરસ્કાર = પોતે ગુણવાન છે એવી પ્રસિદ્ધિનો અભાવ રૂપ અવજ્ઞા સ્થાન)

અપુરસ્કારને પામેલો જીવ અશુભ અધ્યવસાય ઉત્પન્ન થયે છતે અપ્રશસ્ત મન, વચન અને કાયાના વ્યાપારથી પાછો ફરે છે અને પ્રશસ્ત યોગમાં રહે છે. આથી સારા યોગને પામેલો સાધુ જ્ઞાનાવરણીયાદિ કર્મના પરિણામોને ખપાવે છે.

ગુરુને દ્વાદશાવર્ત્ત વંદનથી જીવ નીચગોત્ર કર્મને ખપાવે છે અને ઉચ્ચગોત્રને બાંધે છે, તથા અપ્રતિહત = કોઈ પણ વિનાશ ન કરે એવું અને આજ્ઞાનું ફળ સૌભાગ્ય નીપજાવે છે. તથા દાક્ષિણ્યગુણને = લોકોની અનુકૂળતાને ઉત્પન્ન કરે છે.

(૨૬૩) પડિક્કમણેણં વયછિદ્દાઈં પિહેઈ, પિહિય-વયછિદ્દે પુણ જીવે નિરુદ્ધાસવે અસબલચરિત્તો અટ્ઠસુ પવયણમાયાસુ ઉવઉત્તે અપુહત્તે સુપ્પણિહિએ વિહરઈ ॥૧૧॥

(૨૬૪) ખમાવણયાએણં પલ્હાયણભાવં જણયઈ, પલ્હાયણભાવમુવગએ અ જીવે સવ્વપાણભૂઅજીવસત્તેસુ મિત્તીભાવં ઉપ્પાએઈ, મિત્તીભાવમુવગએ આવિ જીવે ભાવવિસોહિં કાઉણ નિબ્ભએ ભવઈ ॥૧૭॥

(૨૬૫) સજ્ઝાએણં નાણાવરણિજ્જં કમ્મં ખવેઈ ॥૧૮॥

(૨૬૬) એગગ્ગમનસંનિવેસણયાએણં ચિત્તનિરોહં કરેઈ ॥૨૫॥

(૨૬૭) અપ્પડિબદ્ધયાએણં નિસ્સંગત્તં જણયઈ, નિસ્સંગત્તગએ અ ણં જીવે એગે એગગ્ગચિત્તે દિઆ ય રાઓ અ અસજ્જમાણે અપડિબદ્ધે આવિ વિહરઈ ॥૩૦॥

પ્રતિક્રમણ વડે જીવ વ્રતનાં છિદ્રોને (અતિચારોને) રુંધે છે, જેથી આશ્રવને રોકનાર થાય છે અને આશ્રવનું રોકાવાથી નિર્મળ ચારિત્રવાળો થાય છે. તથા આઠ પ્રવચનની માતામાં ઉપયોગવાળો થાય છે તથા સંયમના યોગથી અભિન્ન અને સંયમના યોગમાં સારી રીતે સાવધાન થઈને વિહરે છે.

ખમાવવાવડે જીવ ચિત્તની પ્રસન્નતાને પામે છે. ચિત્તની પ્રસન્નતાને પામેલ જીવ સર્વપ્રાણ (બે. તેઈ. ચઉ. જીવો) ભૂત-વનસ્પતિકાય, પંચેન્દ્રિય જીવો અને બાકીના જીવો પ્રત્યે મૈત્રીભાવને ઉત્પન્ન કરે છે. તથા મૈત્રીભાવને પામેલો જીવ ભાવવિશુદ્ધિને (ચિત્તવિશુદ્ધિને) કરીને નિર્ભય થાય છે.

સ્વાધ્યાય વડે જીવ જ્ઞાનાવરણીયકર્મને ખપાવે છે.

એકાગ્રતામાં મન સ્થાપવા વડે (મનની એકાગ્રતા વડે) જીવ ઉન્માર્ગે ગયેલા ચિત્તનો નિરોધ કરે છે.

અપ્રતિબદ્ધતા = (અનાસક્તપણું...) કોઈ પદાર્થ પ્રત્યે રાગ નહિં, આસક્તિ નહિં.

અનાસક્તપણાથી નિઃસંગતાને ઉત્પન્ન કરે છે. નિસંગતાથી રાગદ્વેષ રહિત થાય છે. રાગ-દ્વેષ રહિત થવાથી એકાગ્રચિત્તવાળો થાય છે.

દિવસે અને રાત્રે બાહ્ય સંગનો ત્યાગ કરતો અને અપ્રતિબદ્ધ એવો વિચરે.

(૨૬૮) ઉવહિપચ્ચક્ખાણેણં અપલિમંથં જણયઈ,
નિરુવહિએ
ણં જીવે નિક્કંખે ઉવહિમંતરેણ ય ન સંકિલિસ્સઈ ॥૩૪॥

(૨૬૯) પડિરુવયાએણં લાઘવિઅં જણયઇ, લહુબ્ભૂએ અ ણં જીવે અપ્પમત્તે પાગડલિંગે પસત્થલિંગે વિસુદ્ધસમ્મત્તે સત્તાસમિઈસમ્મત્તો સવ્વપાણભૂઅજીવસત્તોસુ વીસસણિજ્જરૂવે અપ્પડિલેહે જિઈંદિએ વિઉલતવસમિઈસમન્નાગએ આવિ ભવઈ ॥૪૨॥

(૨૭૦) વેયાવચ્ચેણં તિત્થયરનામગોઅં કમ્મં
નિબંધઈ ॥૪૩॥
(૨૭૧) અજ્જવયાએણં કાઉજ્જુઅયં ભાવુજ્જુઅયં ભાસુજ્જુઅયં અવિસંવાયણં જણયઈ, અવિસંવાયણ-સંપન્નયાએ અ ણં જીવે ધમ્મસ્સ આરાહએ ભવઈ ॥૪૮॥

ઉપધિના પચ્ચક્ખાણથી સ્વાધ્યાયનો વિઘાત થતો નથી, (પરિમંથ = સ્વાધ્યાયનો વિઘાત) વસ્ત્રાદિમાં પ્રીતિ રહિત (કાંક્ષા વગરનો) થાય છે. તેથી ઉપધિ વિના ક્લેશ પામતો નથી.

(પ્રતિરૂપતા=) અધિક ઉપકરણના ત્યાગથી જીવ લાઘવપણાને ઉત્પન્ન કરે છે અને હળવો થયેલો જીવ પ્રમાદ રહિત, પ્રગટ લિંગવાળો, પ્રશસ્ત લિંગવાળો, વિશુદ્ધ સમકિતવાળો, સંપૂર્ણ સમિતિવાળો, સર્વ પ્રાણ, ભૂત જીવ અને સત્ત્વને વિષે વિશ્વસનીય અલ્પ પડિલેહણવાલો, જિતેંદ્રિય અને વિપુલ તપ અને સમિતિથી યુક્ત થાય છે.

વૈયાવચ્ચથી જીવ તીર્થંકરનામ અને ગોત્રકર્મને બાંધે છે.

આર્જવ વડે જીવ કાયાની ઋજુતાને, (શરીરની સરળતાને) ભાવની ઋજુતાને, (એટલે મનમાં કાંઈને બહાર કાંઈ દેખાડવું) (મનની સરળતાને) ભાષાની ઋજુતાને તથા અવિસંવાદને (બીજાને ઠગવું નહિં તેને) ઉત્પન્ન કરે છે. અવિસંવાદને પામેલો જીવ ધર્મનો આરાધક થાય છે.

(૨૭૨) મદ્દવયાએણં જીવે અણુસ્સિયત્તં જણયઇ, અણુસ્સિયત્તેણં જીવે મિઉમદ્દવસંપન્ને અટ્ઠમયઠાણાઈ નિટ્ઠવેઇ ॥૪૯॥

(૨૭૩) કરણસચ્ચેણં કરણસત્તિં જણયઈ, કરણસચ્ચે અ વટ્ટમાણે જીવે જહાવાઈ તહાકારી આવિ ભવઈ ॥૫૧॥

(૨૭૪) મણગુત્તાયાએણં જીવે એગગ્ગં જણયઇ, એગગ્ગચિત્તે ણં જીવે મણગુત્તે સંજમારાહએ ભવઈ ॥૫૩॥

(૨૭૫) વઈગુત્તયાએણં નિવ્વિઆરત્તં જણયઈ, નિવ્વિયારે ણં જીવે વઇગુત્તે અજ્ઝપ્પજોગસાહણજુત્તે આવિ ભવઈ ॥૫૪॥

(૨૭૬) કાયગુત્તયાએણં સંવરં જણયઇ, સંવરેણં કાયગુત્તે પુણો પાવાસવનિરોહં કરેઇ ॥૫૫॥

માર્દવ વડે જીવ અહંકારના અભાવને ઉત્પન્ન કરે છે. નિરહંકારીથી જીવ મૃદુતા અને કોમળતાને ઉત્પન્ન કરે છે અને એનાથી આઠ મદના સ્થાનોને ખપાવે છે.

કરણ સત્ય વડે (=પડિલેહણ વગેરે ક્રિયા કરવામાં) (સત્ય) વિધિ પ્રમાણે આરાધના કરવું તે...) જીવ કરણશકિતને (=અપૂર્વ અપૂર્વ શુભક્રિયા કરવાની શક્તિને) ઉત્પન્ન કરે છે. તથા કરણસત્યમાં વર્તતો જીવ જે પ્રમાણે બોલે તે પ્રમાણે કરનારો પણ થાય છે.

મન ગુપ્તિ વડે જીવ ધર્મમાં એકાગ્રતાને-તન્મયતાને ઉત્પન્ન કરે છે અને એકાગ્રચિત્તવાળો જીવ (મન ગુપ્તિવાળો) અશુભ અધ્યવસાયમાં જતા મનને રોકતો સંયમનો આરાધક થાય છે.

વચન ગુપ્તિવડે જીવ નિર્વિકારપણાને ઉત્પન્ન કરે છે (વિકથાદિ રૂપ દુર્વાણીનો અભાવ)નિર્વિકારપણાથી જીવ વચનગુપ્તિવાળો, અધ્યાત્મયોગના સાધનોથી (એકાગ્રતાદિ) યુક્ત બને છે.

શુભયોગમાં પ્રવૃત્તિ કરવા રૂપ કાયગુપ્તિથી (અશુભયોગના નિરોધ રૂપ) સંવરને ઉત્પન્ન કરે છે. સંવર વડે સર્વથા કાયાના વ્યાપારને અટકાવતો જીવ પાપાશ્રવનો નિરોધ કરે છે.

(૨૭૭) મણસમાહારણયાએણં એગગ્ગં જણયઈ, એગગ્ગં જણઈત્તા નાણપજ્જવે જણયઈ, નાણપજ્જવે જણઈત્તા સમ્મત્તં વિસોહેઈ, મિચ્છત્તં વિનિજ્જરેઈ ॥૫૬॥

(૨૭૮) વઈસમાહારણયાએણં વઈસાહારણદંસણ-પજ્જવે વિસોહેઈ, વઈસાહારણદંસણપજ્જવે વિસોહિત્તા, સુલહબોહિત્તં નિવ્વત્તેઈ, દુલ્લહબોહિત્તં નિજ્જરેઈ ॥૫૭॥

(૨૭૯) કાયસમાહારણયાએણં ચરિત્તપજ્જવે વિસોહેઈ, ચરિત્તપજ્જવે વિસોહિત્તા અહક્ખાયચરિત્તં વિસોહેઈ, અહક્ખાયચરિત્તં વિસોહિત્તા ચત્તારિ કેવલિકમ્મંસે ખવેઈ, તઓ પચ્છા સિજ્ઝઈ બુજ્ઝઈ મુચ્ચઈ પરિનિવ્વાઈ સવ્વદુક્ખાણમંતં કરેઈ ॥૫૮॥

## તપોમાર્ગગતિ અધ્યયન-30

(૨૮૦) જહા ઉ પાવગં કમ્મં, રાગદોસસમજ્જિઅં ।
ખવેઈ તવસા ભિક્ખૂ, તમેગગ્ગમણો સુણ ॥૧॥

મનની સમાધારણા વડે જીવ ચિત્તના એકાગ્રપણાને ઉત્પન્ન કરે છે. એકાગ્રતાને પામેલ જીવ જ્ઞાનના પર્યાયોને ઉત્પન્ન કરે છે. જ્ઞાનના પર્યાયોને પામેલ જીવ સમ્યક્ત્વને શુદ્ધ કરે છે. મિથ્યાત્ત્વને વિશેષ કરીને નિર્જરે છે.

વાણીની સમાધારણા વડે જીવ વાણીના વિષયવાળા દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરે છે. વાણીને સાધારણ એવા દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરીને સુલભબોધિપણાને ઉત્પન્ન કરે છે અને દુર્લભબોધિપણાને નિર્જરે છે.

કાયાની સમાધારણા વડે જીવ ક્ષાયોપશમિક ચારિત્રના ભેદરૂપ ચારિત્રના પર્યાયોને વિશુદ્ધ કરે છે. ચારિત્રના પર્યાયોને વિશુદ્ધ કરીને યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરે છે. યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરીને અઘાતી ચારકર્મોને ખપાવે છે. ત્યાર પછી સમાપ્ત કાર્યવાળા થાય છે, વસ્તુતત્ત્વને જાણે છે, સંસારથી મુક્ત થાય છે, કર્મના તાપરહિત થાય છે, સર્વદુઃખોનો અંત કરે છે.

જે પ્રકારે રાગદ્વેષથી ઉપાર્જન કરેલા પાપવાળા જ્ઞાનાવરણીયાદિ કર્મને સાધુ તપ વડે ખપાવે છે. તે તપને એકાગ્રમનવાળો થઈને તું સાંભળ...

(૨૮૧) અણસણમૂણોઅરિઆ,
ભિક્ખાયરિયા ય રસપરિચ્ચાઓ ।
કાયકિલેસો સંલીણયા,
ય બજ્ઝો તવો હોઈ ॥૮॥
(૨૮૨) ઓમોઅરણં પંચહા, સમાસેણ વિયાહિયં ।
દવ્વઓ ખિત્તકાલેણં, ભાવેણં પજ્જવેહિ અ ॥૧૪॥

(૨૮૩) જો જસ્સ ઉ આહારો, તત્તો ઓમં તુ જો કરે ।
જહણ્ણેણેગસિત્થાઈ, એવં દવ્વેણ ઊ ભવે ॥૧૫॥

(૨૮૪) પેડા ય અદ્ધપેડા,
ગોમુત્તિ પયંગવીહિઆ ચેવ।
સંબુક્કાવટ્ટાયય-
ગંતુંપચ્ચાગયા છટ્ઠા ॥૧૯॥

અનસન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા, આ બાહ્ય તપ છે.

ઉણોદરિ તપ સંક્ષેપથી પાંચ પ્રકારનો કહ્યો છે.

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને પર્યાયથી....

જેનો જેટલો આહાર હોય તે આહારમાંથી થોડું ઓછું કરે તે દ્રવ્ય ઉનોદરિ... ઓછામાં ઓછો એક દાણાથી માંડીને એક કોળિયા સુધીનું ઓછું કરે, ઓછું ખાય તે દ્રવ્ય ઉનોદરિ....

અમુક જ ક્ષેત્રોમાં અમુક રીતે હું ગોચરી વહોરવા જઈશ એ સંકલ્પ તે ક્ષેત્ર ઉણોદરિ... છ પ્રકારના ક્ષેત્રો.

(૧) પેટા = પેટીના આકારની જેમ સળંગ ચોતરફ સર્વ ઘરોમાં અટન કરવું તે...

(૨) અર્ધપેટા=તેના જ અર્ધભાગમાં ભિક્ષાટન કરવું તે.

(૩) ગોમૂત્રી = ગાયના મૂત્રના આકારે એટલે ડાબી બાજુ તથા જમણી બાજુ એક એક ઘર મૂકીને અટન કરવું તે...

(૨૮૫) દિવસસ્સ પોરિસીણં,
ચઉણ્હં પિ ઉ જત્તિઓ ભવે કાલો ।
એવં ચરમાણો ખલુ,
કાલોમાણં મુણેઅવ્વં ॥૨૦॥
(૨૮૬) ઈત્થી વા પુરિસો વા,
અલંકિઓ વા અણલંકિઓ વાવિ ।
અન્નયરવયત્થો વા
અન્નયરેણં વા વત્થેણં ॥૨૨॥
(૨૮૭) અન્નેણ વિસેસેણં, વણ્ણેણં ભાવમણુમુઅંતે ઉ ।
એવં ચરમાણો ખલુ, ભાવોમાણં મુણેયવ્વં ॥૨૩॥

(૪) પતંગવીથિકા = તીડની જેમ વચ્ચે વચ્ચે ઘણા ઘરો મૂકી મૂકીને ભિક્ષાટન કરવું તે.

(૫) શંબુકાવર્ત = શંખના આવર્તની જેમ ભિક્ષાટન કરવું તે.

(૬) આયતગંતુપ્રત્યાગતા = પ્રથમ સીધું દૂર જઈ પછી પાછા વળતાં ભિક્ષાટન કરવું એટલે ભિક્ષા ગ્રહણ કરવી તે...

દિવસની ચારે પોરસીની મધ્યે જેટલો કાળ હોય એટલે ''અમુક કાળે હું ભિક્ષાટન કરીશ'' એ રીતે અભિગ્રહ ધારીને પછી એ જ પ્રમાણે નિયમિત કાળે ભિક્ષાટન કરતા સાધુને નિશ્ચે કાળઉનોદરિ જાણવું.

સ્ત્રી અથવા પુરુષ, અલંકાર પહેરેલ અથવા નહીં પહેરેલ હોય, કોઈ અમુક વયમાં રહેલો, અમુક વસ્ત્રવાળો, વિશેષથી હસતો અથવા કોપ પામેલો, કૃષ્ણાદિ વર્ણવાળો, અલંકાર વગેરે ભાવને નહિં મૂકતો, એવો વહોરાવનાર હોય અને મને વહોરાવે તો હું વહોરીશ. આ પ્રમાણે અભિગ્રહ લઈને વહોરવા જાય તે ભાવ-ઉનોદરિ કહેવાય.

(૨૮૮) અટ્ઠવિહગોઅરગ્ગં તુ,
તહા સત્તેવ એષણા ।
અભિગ્ગહા ય જે અન્ને,
ભિક્ખાયરિઅમાહિઆ ॥૨૫॥

અષ્ટવિધાગ્રગોચર અને, સાત પ્રકારની એષણા તથા દ્રવ્યાદિ અભિગ્રહો છે તે સર્વે ભિક્ષાચર્યા જાણવી.

### અષ્ટવિધાગ્રગોચર.

(૧) પેટા, (૨) અર્ધપેટા (૩) ગોમૂત્રી (૪) પતંગવીથિકા (૫) બાહ્યશંબૂકાવર્ત (૬) અભ્યંતર શંબૂકાવર્ત (૭) આયતગંતુ (૮) પ્રત્યાગમા.

### સાત એષણા

(૧) સંસૃષ્ટા = ભિક્ષાથી ખરડાયેલા હાથ કે પાત્ર હોય, તેના વડે જ ભિક્ષા ગ્રહણ કરવી તે.

(૨) અસંસૃષ્ટા = હાથ કે પાત્ર ખરડાયેલા ન હોય અને તે વડે ભિક્ષા ગ્રહણ કરવી તે.

(૩) ઉદ્ધૃતા = રસોડામાંથી પોતાને ખાવા માટે જે પાત્રમાં ભોજન કાઢ્યું હોય તેમાંથી જ ભિક્ષાગ્રહણ કરવી તે.

(૪) અલ્પલેપા=ચણા વગેરે લેપ રહિત વસ્તુ લેવી તે.

(૫) ઉદ્ગૃહીતા = ભોજન સમયે ભોજન કરનારને માટે પીરસવાની વસ્તુ જે પાત્રમાં નાંખીને લાવે તેમાંથી જ ગ્રહણ કરવી તે.

(૬) પ્રગૃહીતા=ભોજન સમયે ભોજન કરનારને આપવા માટે પીરસનારે હસ્તાદિ વડે જે વસ્તુ ગ્રહણ કરી

(૨૮૯) ખીરદહિસપ્પિમાઈ,
પણીયં પાણભોયણં ।
પરિવજ્જણં રસાણં તુ,
ભણિઅં રસવિવજ્જણં ॥૨૬॥

(૨૯૦) ઠાણા વીરાસણાઈઆ, જીવસ્સ ઉ સુહાવહા ।
ઉગ્ગા જહા ધરિજ્જંતિ, કાયકિલેસં તમાહિઅં ॥૨૭॥

(૨૯૧) એગંતમણાવાએ,
ઇત્થીપસુવિવજ્જિએ ।
સયણાસણસેવણયા,
વિવિત્તસયણાસણં ॥૨૮॥

હોય અથવા ભોજન કરનારે પોતાના હસ્તાદિમાં ગ્રહણ કરી હોય તેમાંથી જ ગ્રહણ કરવી તે.

(૭) ઉજ્ઝિતધર્મા = જે ભોજનની વસ્તુ ત્યાગ કરવા યોગ્ય હોય અને તેને બીજા કોઈ મનુષ્યાદિ લેવાને ઈચ્છતા ન હોય તેવી વસ્તુ લેવી અથવા તે વસ્તુ અર્ધી નાંખી દીધી હોય અને અર્ધી બાકી હોય તે લેવી તે.

અભિગ્રહ - દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને જે અભિગ્રહો કરવા તે.

દૂધ, દહીં, ઘી વગેરે વિગઈઓ, પુષ્ટિકારક પીણા વગેરે સર્વ રસોનો જે ત્યાગ કરવો તે રસત્યાગ નામનો તપ છે.

જીવને સુખકારક એવાં જ અને દુષ્કર હોવાથી અતિ ઉત્કટ એવા વીરાસન વગેરે સ્થાનો (આસનો) તથા લોચ વગેરે જે પ્રકારે ધારણ કરાય તે પ્રકારે ગ્રહણ કરવા તેને કાયક્લેશ કહ્યો છે.

સંલીનતા ચાર પ્રકારની છે.

(૧) ઇંદ્રિયસંલીનતા = સુંદર કે અસુંદર શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન કરવો તે.

(૨) કષાયસંલીનતા = કષાય ન કરવો તે.

(૨૯૨) અબ્ભુટ્ઠાણં અંજલિકરણં,
તહેવાસણદાયણં ।
ગુરુભત્તિભાવસુસ્સૂસા,
વિણઓ એસ વિયાહિઓ ॥૩૨॥

## પ્રમાદસ્થાન અધ્યયન-૩૨

(૨૯૩) તસ્સેસ મગ્ગો ગુરુવિદ્ધસેવા,
વિવજ્જણા બાલજણસ્સ દૂરા ।
સજ્જાયએગંતનિસેવણા ય,
સુત્તત્થસંચિંતણયા ધિઈ ય ॥૩॥

(૨૯૪) આહારમિચ્છે મિઅમેસણિજ્જં,
સહાયમિચ્છે નિઉણટ્ઠબુદ્ધિં ।
નિકેઅમિચ્છેજ્જ વિવેગજોગં,
સમાહિકામે સમણે તવસ્સી ॥૪॥

(૩) યોગસંલીનતા = મન, વચન, કાયાની શુભમાં પ્રવૃત્તિ, અશુભમાં નિવૃત્તિ તે.

(૪) વિવિક્તચર્યાસંલીનતા = એકાંત હોય, આવ, જા, ન હોય, સ્ત્રી, પશુ વગેરે રહેતા ન હોય, એવા શૂન્યઘરોને વિશે શયન અને આસન સેવવાથી વિવિક્તશયનાસન કહેવાય.

ગુરુ વગેરે આવે ત્યારે ઊભા થવું, હાથ જોડવા, તથા આસન આપવું, ગુરુની ભક્તિ, અંતઃકરણ વડે શુશ્રૂષા, (એટલે ગુરુની આજ્ઞા સાંભળવાની ઇચ્છા, અથવા ગુરુની સેવા) આ પાંચ પ્રકારે વિનય તપ કહેલો છે.

સદ્‌ગુરુ અને સ્થવિરની સેવા, અજ્ઞાની જનનો દૂરથી ત્યાગ, સ્વાધ્યાયની એકાંતપણે સેવા, સૂત્ર અને અર્થનું ચિંતવન, તથા ધૃતિ, (=મનની સ્વસ્થતા) આ પાંચ જ્ઞાન મેળવવાનાં માર્ગ છે.

સમાધિને ઇચ્છનાર, ક્રિયાદિમાં શ્રમ કરનાર, અને તપ કરનાર એવો સાધુ પરિમિત અને નિર્દોષ આહારને ઇચ્છે. તથા અર્થોને વિશે નિપુણબુદ્ધિવાળા શિષ્યને ઇચ્છે, તથા વિવેક વડે યોગ્ય ઉપાશ્રયને ઇચ્છે.

(૨૯૫) ણ વા લભિજ્જા નિઉણં સહાયં,
ગુણાહિઅં વા ગુણઓ સમં વા ।
એક્કો વિ પાવાઈ વિવજ્જયંતો,
વિહરિજ્જ કામેસુ અસજ્જમાણો ॥૫॥
(૨૯૬) દુક્ખં હયં જસ્સ ન હોઈ મોહો,
મોહો હઓ જસ્સ ન હોઈ તણ્હા ।
તણ્હા હયા જસ્સ ન હોઈ લોહો,
લોહો હઓ જસ્સ ન કિંચણાઈ ॥૮॥
(૨૯૭) જે ઈંદિયાણં વિસયા મણુણ્ણા,
ન તેસુ ભાવં નિસિરે કયાઈ ।
ન યા મણુણ્ણેસુ મણં પિ કુજ્જા,
સમાહિકામે સમણે તવસ્સી ॥૨૧॥
(૨૯૮) ચક્ખુસ્સ રૂવં ગહણં વયંતિ,
તં રાગહેઉં તુ મણુણ્ણમાહુ ।
તં દોસહેઉં અમણુણ્ણમાહુ,
સમો ઉ જો તેસુ સ વીયરાઓ ॥૨૨॥

(૨૯૯) રૂવસ્સ ચક્ખું ગહણં વયંતિ,
ચક્ખુસ્સ રૂવં ગહણં વયંતિ ।
રાગસ્સ હેઉં સમણુણ્ણમાહુ,
દોસસ્સ હેઉં અમણુણ્ણમાહુ ॥૨૩॥

જો કદાચ પોતાથી ગુણાધિક અથવા ગુણથી સમાન એવો નિપુણ શિષ્ય ન પામે તો પોતે એકલો પણ પાપને વર્જતો તથા ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ રહિત થઈને વિચરે.

જેણે મોહ નથી હોતો, તેણે દુઃખ હણ્યું છે, જેને તૃષ્ણા નથી તેણે મોહ હણ્યો છે, જેને લોભ નથી તેણે તૃષ્ણા હણી છે અને જેણે કાંઈ પણ ધન નથી તેણે લોભને હણ્યો છે.

સમાધિને ઇચ્છનાર, ક્રિયાદિમાં શ્રમ કરનાર, તપસ્વી, સાધુ જે ઇંદ્રિયોના વિષયો સુંદર છે તેમાં ક્યારે પણ ન કરે અને અસુંદર વિષયોમાં દ્વેષને ન કરે.

આંખનું આકર્ષણ રૂપ છે તેમ ભગવાન કહે છે તે રૂપ રાગનું કારણ હોવાથી મનોજ્ઞ છે, અને તે રૂપ દ્વેષના હેતુરૂપ હોવાથી અમનોજ્ઞ છે. વળી જે મનુષ્ય મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપમાં જે સમાન (રાગ-દ્વેષ રહિત) હોય તે વીતરાગ-વીતદ્વેષ છે.

આંખ રૂપનું ગ્રહણ કરે છે રૂપ આંખનું ગ્રહણ કરે છે રૂપ અને આંખ બન્ને પરસ્પર ગ્રાહ્ય અને ગ્રાહક છે. તેથી જેમ રૂપ રાગદ્વેષનું કારણ છે તેમ આંખ પણ રાગદ્વેષનું કારણ છે. તે જ કારણથી કહ્યું છે કે રાગના

(૩૦૦) રૂવેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં,
અકાલિઅં પાવઈ સે વિણાસં ।
રાગાઉરે સે જહ વા પયંગે,
આલોઅલોલે સમુવેઇ મચ્ચું ॥૨૪॥
(૩૦૧) જે યાવિ દોસં સમુવેઈ તિવ્વં,
તંસિ ખણે સે ઉ ઉવેઈ દુક્ખં ।
દુદ્દંતદોસેણ સએણ જંતૂ,
ન કિંચિ રૂવં અવરજ્ઝઈ સે ॥૨૫॥
(૩૦૨) એગંતરત્તો રુઈરંસિ રૂવે,
અતાલિસે સે કુણઈ પઓસં ।
દુક્ખસ્સ સંપીલમુવેઈ બાલે,
ન લિપ્પઈ તેણ મુણી વિરાગો ॥૨૬॥
(૩૦૩) રૂવે અતિત્તે અ પરિગ્ગહે અ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં ॥૨૯॥

કારણ રૂપ ચક્ષુને મનોજ્ઞ એવા રૂપની સાથે વર્તનારું હોવાથી સમનોજ્ઞ કહ્યું છે અને દ્વેષના હેતુરૂપ આંખને મનોજ્ઞ એવા રૂપની સાથે વર્તનારું નહિં હોવાથી અમનોજ્ઞ કહ્યું છે. આ કારણથી આંખનો નિગ્રહ કરવો તે યોગ્ય છે.

રૂપમાં જે મનુષ્ય રાગ પામે છે, તે અકાળે તીવ્ર વિનાશને પામે છે. જેમ અતિસ્નિગ્ધ દીપશિખા જોવામાં લંપટ એવું તે પતંગિયું રાગાતુર થયેલ મૃત્યુ પામે છે.

જે પ્રાણી રૂપમાં તીવ્ર દ્વેષને પામે છે તે પ્રાણી તે જ સમયે પણ પોતાના દુર્દાંતપણાના દોષ વડે દુઃખ પામે છે પરંતુ રૂપ તેને જોનારને કાંઈ પણ અપરાધ કરતું નથી.

મનોહર રૂપમાં જે એકાંત રાગી હોય છે તે તેવા પ્રકારના મનોહર રૂપ ન હોય ત્યાં પ્રદ્વેષ કરે છે તથા મૂઢ એવો તે દુઃખનો સમૂહ પામે છે પરંતુ તે દ્વેષથી થતા દુઃખ વડે રાગરહિત મુનિ લેપાતાં નથી.

પ્રશસ્તરૂપમાં અતૃપ્ત અને પરિગ્રહમાં સામાન્ય આસક્તિ અને ગાઢ આસક્તિવાળો (ઉપસક્ત) તુષ્ટિને (સંતોષને) પામતો નથી. અને અસંતોષરૂપ દોષ વડે ''મને આ વસ્તુ મળે તો ઠીક'' એમ વિચારીને દુઃખી એવો અને લોભથી કલુષ થયેલો એવો તે પરના અદત્તને પણ ગ્રહણ કરે છે.

# લેશ્યા અધ્યયન-૩૪

(૩૦૪) પંચાસવપ્પવત્તો, તીહિં અગુત્તો છસુ

અવિરઓ અ ।

તિવ્વારંભપરિણઓ, ખુદ્દો સાહસ્સિઓ નરો ॥૨૧॥

(૩૦૫) નિદ્ધંધસપરિણામો, નિસ્સંસો અજિઈંદિઓ ।

એઅજોગસમાઉત્તો, કિણ્હલેસં તુ પરિણમે ॥૨૨॥

(૩૦૬) ઈસ્સા અમરિસ અતવો,

અવિજ્જ માયા અહીરિયા ।

ગેહી પઓસે ય સઢે, પમત્તે રસલોલુએ ॥૨૩॥

(૩૦૭) સાયગવેસએ અ આરંભાવિરઓ,

ખુદ્દો સાહસ્સિઓ નરો ।

એઅજોગસમાઉત્તો, નીલલેસં તુ પરિણમે ॥૨૪॥

કૃષ્ણલેશ્યાવાળાના લક્ષણો...

હિંસાદિ પાંચ આશ્રવમાં પ્રવૃત્તિવાળો, ત્રણ ગુપ્તિ રહિત, છજીવનિકાયની અવિરતિવાળો, તીવ્ર આરંભના પરિણામવાળો, ક્ષુદ્ર, વિચાર્યા વગર સહસા કાર્ય કરનાર, નિર્ધ્વંસ પરિણામવાળો, જીવોની હિંસા કરતાં જરા પણ ખચકાટ ન અનુભવનાર, અજિતેંદ્રિય, આ લક્ષણવાળો જીવ કૃષ્ણલેશ્યાવાળો છે.

નીલલેશ્યાવાળાના લક્ષણો...

ઈર્ષ્યા, (પરના ગુણ સહન ન કરવા તે), અમર્ષ, (અત્યંત ક્રોધ) તપસ્યા રહિતપણું, અવિદ્યા, (કુશાસ્ત્રની વિદ્યા) માયા, દુરાચાર સેવવામાં નિર્લજ્જપણું, ગૃદ્ધિ = વિષયમાં લંપટતા, પ્રદ્વેષ, તથા શઠ, મદોન્મત્ત, રસમાં લુબ્ધ, સુખની ગવેષણા કરનાર, જીવોપમર્દાદિ આરંભથી નિવૃત્તિ નહિં પામેલો, ક્ષુદ્ર અને વિચાર્યા વગર સાહસ કરનાર, આવા લક્ષણથી યુક્ત જીવ નીલલેશ્યાવાળો છે.

(૩૦૮) વંકે વંકસમાયારે, નિઅડિલ્લે અણુજ્જુએ ।
પલિઉંચગ ઓવહિએ, મિચ્છદિટ્ઠી અણારિએ ॥૨૫॥
(૩૦૯) ઉપ્ફાલગદુટ્ઠવાઈ અ, તેણે આવિ અ મચ્છરી।
એઅજોગસમાઉત્તે, કાઉલેસં તુ પરિણમે ॥૨૬॥

(૩૧૦) નીઆવિત્તી અચવલે, અમાઈ અકુઊહલે ।
વિણીયવિણએ દંતે, જોગવં ઉવહાણવં ॥૨૭॥
(૩૧૧) પિયધમ્મે દઢધમ્મે-વજ્જભીરુ હિએસએ ।
એયજોગસમાઉત્તે, તેઉલેસં તુ પરિણમે ॥૨૮॥

(૩૧૨) પયણુક્કોહમાણે અ, માયાલોભે અ પયણુએ।
પસંતચિત્તે દંતપ્પા, જોગવં ઉવહાણવં ॥૨૯॥
(૩૧૩) તહા પયણુવાઈ અ, ઉવસંતે જિઈંદિએ ।
એયજોગસમાઉત્તે, પમ્હલેસં તુ પરિણમે ॥૩૦॥

કાપોતલેશ્યાવાળાના લક્ષણો...

વચન બોલવામાં વક્ર, વક્ર ક્રિયા કરનાર, મનમાં માયાવાળો, સરળ ન કરી શકાય તેવો, પોતાનો દોષ ઢાંકનાર (પરિકુંચન), સર્વત્ર કપટથી જ પ્રવૃત્તિ કરનાર, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, બીજાને ત્રાસ ઉપજે તેવું અને દુષ્ટ (=રાગાદિ દોષવાળું) બોલનાર, ચોર, તથા વળી મત્સરવાળો, (=બીજાની સંપદા જોઈ ન શકે તેવો,) આવા લક્ષણવાળા જીવને કાપોતલેશ્યા હોય છે.

તેજોલેશ્યાવાળાના લક્ષણો,

નમ્ર વૃત્તિવાળો, ચપલતા રહિત, માયા રહિત કુતૂહલ રહિત, વિનીત, ઇંદ્રિયોનું દમન કરનાર, સ્વાધ્યાયાદિના વ્યાપારવાળો, ઉપધાનવાળો, ધર્મમાં પ્રીતિવાળો, ધર્મમાં દૃઢ, પાપથી ભય પામનાર, હિતને (મોક્ષને) ઈચ્છનાર, આવા લક્ષણવાળા જીવને તેજોલેશ્યા હોય છે.

પદ્મલેશ્યાવાળાના લક્ષણો

જેને ક્રોધ અને માન અલ્પ હોય, માયા તથા લોભ પણ અલ્પ હોય, ચિત્તં પ્રશાંત હોય, આત્માને દમનાર, યોગ વહન કરનાર, ઉપધાનવાળો, થોડું બોલનાર, શાંત આકારવાળો તથા જિતેંદ્રિય હોય આવા લક્ષણવાળા જીવને પદ્મલેશ્યા હોય છે.

(૩૧૪) અટ્ટરુદ્દાણિ વજ્જિત્તા, ધમ્મસુક્કાણિ ઝાયએ।
પસંતચિત્તે દંતપ્પા, સમિએ ગુત્તે ય ગુત્તિસુ ॥૩૧॥
(૩૧૫) સરાગે વીયરાગે વા, ઉવસંતે જિઈંદિએ।
એયજોગસમાઉત્તે, સુક્કલેસં તુ પરિણમે ॥૩૨॥

## અનગાર માર્ગગતિ અધ્યયન-૩૫

(૩૧૬) ગિહવાસં પરિચ્ચજ્જ, પવ્વજ્જં અસ્સિએ મુણી।
ઈમે સંગે વિયાણેજ્જા, જેહિં સજ્જંતિ માણવા ॥૨॥

(૩૧૭) તહેવ હિંસં અલિઅં, ચોજ્જં અબંભસેવણં।
ઈચ્છાકામં ચ લોભં ચ, સંજઓ પરિવજ્જએ ॥૩॥

(૩૧૮) મનોહરં ચિત્તઘરં, મલ્લધૂવેણ વાસિઅં।
સકવાડં પંડુરુલ્લોઅં, મણસા વિ ન પત્થએ ॥૪॥

(૩૧૯) ઈંદિયાણિ ઉ ભિક્ખુસ્સ, તારિસમ્મિ ઉવસ્સએ।
દુક્કરાઈ નિવારેઉં, કામરાગવિવઢ્ઢણે ॥૫॥

આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી, ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું જે ધ્યાન કરે, જેનું ચિત્ત પ્રશાંત હોય; જેણે આત્માનું દમન કર્યું હોય, પાંચ સમિતિવાળો, ત્રણ ગુપ્તિવાળો, સરાગ કે વીતરાગ સંયમવાળો, શાંત આકારવાળો, તથા જે જિતેન્દ્રિય હોય, આવા લક્ષણવાળા જીવને શુક્લલેશ્યા હોય છે.

ગૃહવાસનો ત્યાગ કરીને દીક્ષિત થયેલો સાધુ જેના વડે મનુષ્યો આસક્ત થાય છે એવા આ પુત્ર, સ્ત્રી વગેરે સંગોનો ત્યાગ કરે.

તથા જીવહિંસાને, મૃષાવાદને, ચોરીને, મૈથુનના સેવનને, ન મળેલી વસ્તુની ઇચ્છાને તથા લોભને (મળેલી વસ્તુ પર આસક્તિ) સાધુ વર્જે.

મનોહર, પુષ્પની માળા, ધૂપ વડે વાસિત કમાડ સહિત ઉજ્જ્વલ ઉલ્લોચવાળા, તથા ચિત્રવાળા એવા ઘરને સાધુ મન વડે પણ (પ્રાર્થના ન કરે,) ઈચ્છે નહિં.

કારણ કે તેવા પ્રકારની કામરાગની વૃદ્ધિ કરનારા ઉપાશ્રયમાં વસવાથી સાધુને પોતપોતાના વિષયમાં પ્રવર્તતી ઇંદ્રિયોને નિવારવી દુષ્કર થઈ પડે છે.

(૩૨૦) સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વા એગગો ।
પઇરિક્કે પરકડે વા, વાસં તત્થાભિરોઅએ ॥૬॥

(૩૨૧) ન સયં ગિહાઈં કુવ્વિજ્જા, નેવ અન્નેહિં કારવે ।
ગિહકમ્મસમારંભે, ભૂઆણં દિસ્સએ વહો ॥૮॥

(૩૨૨) તસાણં થાવરાણં ચ, સુહુમાણં બાયરાણ ય ।
ગિહકમ્મસમારંભં, સંજઓ પરિવજ્જએ ॥૯॥

(૩૨૩) તહેવ ભત્તપાણેસુ, પયણપયાવણેસુ અ ।
પાણભૂયદયટ્ઠાએ, ન પએ ન પયાવએ ॥૧૦॥

(૩૨૪) જલધન્નનિસ્સિઆ પાણા, પુઢવિકટ્ઠનિસ્સઆ ।
હમ્મંતિ ભત્તપાણેસુ, તમ્હા ભિક્ખૂ ન પયાવએ ॥૧૧॥

શ્મશાનમાં, શૂન્યઘરમાં, વૃક્ષની નીચે, અથવા ગૃહસ્થે પોતાના માટે કરેલા અને સ્ત્રી આદિથી રહિત, તેવા સ્થાનમાં સાધુ એકલો (કોઈની સહાય વિના) રહેવાનું પસંદ કરે.

સાધુ પોતે ઘર વગેરે કરે નહિં, તથા બીજા પાસે ઘર વગેરે કરાવે નહિં, તથા ઘર વગેરે જે કરતાં હોય એને અનુમોદે નહિં, કારણ કે ગૃહકાર્યના આરંભમાં માટી, ઈંટ વગેરે લાવવા કરવામાં અનેક પ્રાણીઓનો વધ દેખાય છે.

ઘર વગેરેના આરંભ કરવામાં ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ અને બાદર જીવોનો વધ થાય છે. તેથી સાધુ ઘર વગેરેનાં સમારંભને વર્જે.

તેમજ વળી ભાત-પાણી રાંધવા કે રંધાવવામાં પણ જીવવધ જોવામાં આવે છે તેથી (પ્રાણ એટલે) ત્રસજીવો અને (ભૂત એટલે) સ્થાવર જીવોની દયાને અર્થે સાધુ રાંધે નહિં તથા રંધાવે પણ નહિં.

ભાત-પાણી રંધાતાં પાણી અને ધાન્યમાં ઉત્પન્ન થયેલા અને અન્ય સ્થળે ઉત્પન્ન થઈ તેમાં રહેલા એવા તથા પૃથ્વી અને લાકડામાં રહેલા જીવો હણાય છે તેથી સાધુ રંધાવે પણ નહિં, તો પછી રાંધે તો કેમ ?

(૩૨૫) વિસપ્પે સવ્વઓ ધારે, બહુપાણિવિણાસણે ।
નત્થિ જોઈસમે સત્થે, તમ્હા જોઈં ન દીવએ ॥૧૨॥

(૩૨૬) હિરણ્ણં જાયરૂવં ચ, મણસા વિ ન પત્થએ ।
સમલેટ્ઠુકંચણે ભિક્ખૂ, વિરએ કયવિક્કએ ॥૧૩॥

(૩૨૭) કિણંતો કઈઓ હોઇ, વિકિણંતો અ વાણિઓ ।
કયવિક્કયમ્મિ વટ્ટંતો, ભિક્ખૂ હવઈ ન તારિસો ॥૧૪॥

(૩૨૮) ભિક્ખિઅવ્વં ન કેઅવ્વં,
ભિક્ખુણા ભિક્ખવત્તિણા।
કયવિક્કઓ મહાદોસો, ભિક્ખાવિત્તી સુહાવહા ॥૧૫॥
(૩૨૯) સમુઆણં ઉંછમેસિજ્જા, જહાસુત્તમણિંદિઅં ।
લાભાલાભમ્મિ સંતુટ્ટે, પિંડવાયં ચરે મુણી ॥૧૬॥

અલ્પ છતાં પણ બહુ પ્રસરવાના સ્વભાવવાળું, ચોતરફ ધારવાળું અને ઘણા જીવોનો વિનાશ કરનારું, અગ્નિ જેવું બીજું કોઈ પણ શસ્ત્ર નથી. તેથી અગ્નિને સાધુ સળગાવે નહિં.

ઢેફૂં-પથ્થર અને સુવર્ણને બન્નેયને સમાન દષ્ટિથી જોનાર સાધુ ખરીદવું અને વહેંચવામાં વ્યાપારથી અટકેલા હોવાથી સુવર્ણ, રૂપું અને સમગ્ર ધન-ધાન્યાદિને મનથી પણ પ્રાર્થના ન કરે, ઈચ્છે નહિં.

કારણ કે સાધુ ખરીદ કરતો અન્ય મનુષ્યની જેમ ખરીદ કરનારો થાય છે અને વેચતો વણિક વેપારી થાય છે તેથી ક્રય-વિક્રયને વિશે પ્રવર્તતો સાધુ જેવો શાસ્ત્રમાં કહ્યો છે તેવો થઈ શકતો નથી.

ભિક્ષાની વૃત્તિવાળા સાધુએ ભિક્ષા માંગવી પરંતુ ખરીદ કરવું નહિં, વેંચવું પણ નહિં, કારણ કે કયવિક્રય કરવામાં મોટો દોષ છે અને ભિક્ષાવૃત્તિ સુખકારક છે.

સાધુ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નિંદારહિત (નિર્દોષ) અને (ઉંછના જેવી) જુદા જુદા ઘરથી થોડું થોડું લેવારૂપ ભિક્ષાની ગવેષણા કરે. તથા ભિક્ષાના લાભમાં કે અલાભમાં પણ સંતોષવાળો થઈને ભિક્ષાટનને સેવે.

(૩૩૦) અલોલે ન રસે ગિદ્ધે, જિબ્ભાદંતે અમુચ્છિએ ।
ન રસટ્ઠાએ ભુંજિજ્જા, જવણટ્ઠાએ મહામુણી ॥૧૭॥

(૩૩૧) અચ્ચણં રયણં ચેવ, વંદણં પૂઅણં તહા ।
ઈડ્ઢીસક્કારસમ્માણં, મણસાવિ ન પત્થએ ॥૧૮॥

(૩૩૨) સુક્કં ઝાણં ઝિઆએજ્જા, અનિયાણે અકિંચણે।
વોસટ્ઠકાએ વિહરેજ્જા, જાવ કાલસ્સ પજ્જઓ ॥૧૯॥

(૩૩૩) નિજ્જૂહિઊણ આહારં, કાલધમ્મે ઉવટ્ઠિએ ।
જહિઊણ માણુસં બોંદિં, પભૂ દુક્ખે વિમુચ્ચઇ ॥૨૦॥

(૩૩૪) નિમ્મમે નિરહંકારે, વીયરાગે અણાસવે ।
સંપત્તે કેવલં નાણં, સાસયં પરિનિવ્વુડે ॥૨૧॥ ત્તિ બેમિ

આહાર પ્રત્યે લાલસા રહિત, ગૃદ્ધિ રહિત જીભને દમન કરનાર અને સંનિધિ નહિં કરવાથી મૂર્છા રહિત એવો સાધુ રસને માટે (પૌષ્ટિકતા માટે) ન વાપરે, પરંતુ સંયમના નિર્વાહને માટે જ આહાર કરે.

વળી મુનિ શ્રાવક દ્વારા કરાતી પુષ્પાદિની પૂજા, આસનાદિની રચના, વંદના, વસ્ત્રાદિ વડે પૂજા, તથા ઋદ્ધિ, સત્કાર, સન્માન, એ સર્વને મનથી પણ પ્રાર્થના ન કરે, ઇચ્છે નહિં.

શુક્લધ્યાનને ધ્યાવે, તથા નિયાણા રહિત, પરિગ્રહ રહિત અને શરીર પર પણ મમતા રહિત એવો સાધુ જયાં સુધી મરણનો પર્યાય આવે ત્યાં સુધી એટલે જાવજ્જીવ અપ્રતિબદ્ધ વિહાર કરે.

કાલધર્મ પ્રાપ્ત થતાં ચતુર્વિધ આહારનો ત્યાગ કરી આ મનુષ્ય સંબંધી શરીરને તજીને વિશેષ સામર્થ્યવાળો થઈને સર્વ દુઃખથી મૂકાય છે.

મમતા રહિત, અહંકાર રહિત, રાગ રહિત, આશ્રવ રહિત થયેલો તથા શાશ્વતા કેવલજ્ઞાનને પામેલો સિદ્ધિસ્થાનને પામે છે. એમ હું કહું છું.

(૩૩૫) તઓ બહૂણિ વાસાણિ, સામણ્ણમણુપાલિઆ।
ઈમેણ કમ્મજોગેણં, અપ્પાણં સંલિહે મુણી ॥૨૪૮॥

(૩૩૬) બારસેવ ઉ વાસાઈ, સંલેહુક્કોસિઆ ભવે।
સંવચ્છરં મજ્ઝિમિઆ, છમ્માસે અ જહણ્ણિઆ ॥૨૪૯॥

(૩૩૭) પઢમે વાસચઉક્કમ્મિ, વિગઈનિજ્જૂહણં કરે।
બિઈએ વાસચઉક્કમ્મિ, વિચિત્તં તુ તવં ચરે ॥૨૫૦॥
(૩૩૮) એગંતરમાયામં, કટ્ટૂ સંવચ્છરે દુવે।
તઓ સંવચ્છરદ્ધં તુ, નાઈવિગિટ્ઠં તવં ચરે ॥૨૫૧॥

(૩૩૯) તઓ સંવચ્છરદ્ધં તુ, વિગિટ્ઠં તુ તવં ચરે।
પરિમિઅં ચેવ આયામં, તમ્મિ સંવચ્છરે કરે ॥૨૫૨॥

ત્યાર પછી ઘણા વર્ષો સુધી સંયમને પાળીને મુનિ આ ક્રમવ્યાપારથી-તપના અનુષ્ઠાન વડે પોતાના આત્માની સંલેખના કરે.

ઉત્કૃષ્ટ સંલેખના બાર વર્ષની હોય છે. મધ્યમ સંલેખના એક વર્ષની હોય છે અને જઘન્ય સંલેખના છ માસની છે.

પહેલા ચાર વર્ષમાં વિગઈનો ત્યાગ કરે. બીજા ચાર વર્ષમાં વિચિત્ર પ્રકારનો છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપ કરે.

ત્યાર પછી બે વર્ષ એકાંતર આંબિલ (એક ઉપવાસ અને એક આંબિલ) કરીને ત્યાર પછી અર્ધ વર્ષ (છ મહિના) નાતિવિકૃષ્ટ એટલે અઠ્ઠમ, દશમ વગેરે ઉત્કૃષ્ટ નહીં એવો તપ કરે.

ત્યાર પછી અર્ધવર્ષ (છ મહિના) ઉત્કૃષ્ટ એવો તપ કરે, પરંતુ તે આખા વર્ષમાં પરિમિત જ (અલ્પ જ) આંબિલ કરે.

(બારમા વર્ષમાં કોટિ સહિત આંબિલ કરવાનું છે અને અહીં અગ્યારમા વર્ષમાં ઉપવાસાદિના પારણામાં જ આંબિલ કરવાનું છે તેથી પરિમિત શબ્દ છે.)

(૩૪૦) કોડીસહિઅમાયામં, કટ્ટૂ સંવચ્છરે મુણી ।
માસદ્ધમાસિએણં તુ, આહારેણં તવં ચરે ॥૨૫૩॥

(૩૪૧) કંદપ્પમાભિઓગં ચ, કિવ્વિસિઅં-
મોહમાસુરત્તં ચ ।
એઆઓ દુગ્ગઈઓ, મરણમ્મિ વિરાહિયા
હુંતિ ॥૨૫૪॥

(૩૪૨) મિચ્છાદંસણરત્તા, સનિઆણા હુ હિંસગા ।
ઈઈ જે મરંતિ જીવા, તેંસિ પુણ દુલ્લહા બોહી ॥૨૫૫॥

(૩૪૩) સમ્મદંસણરત્તા, અનિઆણા સુક્કલેસમોગાઢા ।
ઈઈ જે મરંતિ જીવા, સુલભા તેસિં ભવે બોહી ॥૨૫૬॥

(૩૪૪) મિચ્છાદંસણરત્તા, સનિઆણા કણ્હલેસમોગાઢા।
ઈઈ જે મરંતિ જીવા, તેસિં પુણ દુલ્લહા બોહી ॥૨૫૭॥

ત્યાર પછી મુનિ બારમે વર્ષે (નિરંતર બે આંબિલ કરવાથી પહેલા દિવસનો અંત અને બીજા દિવસનો આરંભ એ બે કોટિ-અગ્ર મળવાથી) કોટિ સહિત આંબિલ કરીને છેવટે આયુષ્યની સમાપ્તિને સમયે માસ કે અર્ધમાસનું સર્વ આહારના પ્રત્યાખ્યાન વડે તપ (ભક્ત પરિજ્ઞાદિ અનશન) કરે.

કંદર્પભાવના, આભિયોગ્યભાવના, કિલ્બિષ ભાવના, મોહભાવના, આસુરભાવના આ પાંચ ભાવનાઓ વિરાધિકા હોવાથી મરણ સમયે ભાવવાથી દુર્ગતિને આપનાર થાય છે.

મિથ્યાદર્શનમાં રાગી થયેલા, નિયાણાસહિત અને પ્રાણીની હિંસા કરનારા આ પ્રમાણે કાર્ય કરનારા જે જીવો મરે છે, તેઓને ફરીને પરભવમાં બોધિ દુર્લભ થાય છે.

સમ્યગ્દર્શનમાં રક્ત, નિયાણા રહિત અને શુક્લલેશ્યાથી વ્યાપ્ત એવા પ્રકારના જે જીવો મરે છે તેમને બોધિ સુલભ થાય છે.

મિથ્યાદર્શનમાં રક્ત, નિયાણા સહિત અને કૃષ્ણલેશ્યાને પામેલા આવા પ્રકારના જે જીવો મરે છે તેઓને ફરીથી બોધિ (જિનધર્મની પ્રાપ્તિ) દુર્લભ છે.

(૩૪૫) જિણવયણે અનુરત્તા, જિણવયણં જે કરિંતિ
ભાવેણં ।
અમલા અસંકિલિટ્ઠા, તે હોંતિ પરિત્તસંસારી ॥૨૫૮॥

(૩૪૬) કંદપ્પકુક્કુઆઈં,
તહ સીલસહાવહાસવિગહાહિં ।
વિમ્હાયંતો અ પરં, કંદપ્પં ભાવણં કુણઈ ॥૨૬૧॥

(૩૪૭) મંતાજોગં કાઉં, ભૂઈકમ્મં ચ જે પઉંજંતિ ।
સાયરસઈડ્ઢિહેઉં, અભિઓગં ભાવણં કુણઈ ॥૨૬૨॥

(૩૪૮) નાણસ્સ કેવલીણં, ધમ્માયરિઅસ્સ સંઘસાહૂણં ।
માઈ અવણ્ણવાઈ, કિવ્વિસિઅં ભાવણં કુણઈ ॥૨૬૩॥

(૩૪૯) અણુબદ્ધરોસપસરો,
તહ ય નિમિત્તમ્મિ હોઈ પડિસેવી ।
એએહિં કારણેહિં, આસુરિઅં ભાવણં કુણઈ ॥૨૬૪॥

જિનેશ્વરના વચનમાં પ્રીતિવાળા જે જીવો જિનેશ્વરના વચનને-આજ્ઞાને ભાવથી કરે છે તેઓ ભાવમલ રહિત અને સંકલેશ રહિત અલ્પ સંસારવાળા થાય છે.

કંદર્પ એટલે અટ્ટહાસ, મોટેથી બોલવું, ગુર્વાદિની સાથે પણ કઠોર વચનથી બોલવું અને કામકથાનો ઉપદેશ તથા તેની પ્રશંસા કરવી તે, કૌકુચ્ય એટલે ભૃકુટિ અને નેત્રાદિની ચેષ્ટા વડે અન્યને હસાવવું તે, તથાપ્રકારના શીલ, સ્વભાવ, હાસ્ય અને વિકથા વડે પરને (બીજાને) વિસ્મય પમાડવો તે. આ રીતે કરતાં પ્રાણી કંદર્પભાવનાને કરે છે.

મંત્ર અને (યોગ) ચૂર્ણાદિ કરીને (ભૂતિકર્મ) રક્ષાદિને માટે ભસ્મ, માટી કે દોરા વગેરે વડે જે કર્મ કરવું તેને તથા કૌતુકાદિને, જેઓ શાતા, રસ અને ઋદ્ધિને કારણે કરે છે તે આભિયોગ્યભાવનાને કરે છે.

જ્ઞાનનો, કેવળીનો, ધર્માચાર્યનો, સંઘનો અને સાધુનો જે અવર્ણવાદ બોલે તથા પોતાના દોષ ઢાંકવા માટે માયા કપટ કરે તે કિલ્બિષભાવનાને કરે છે.

નિરંતર ક્રોધનો પ્રચાર છે જેને, તથા અતીતાદિ નિમિત્તને વિશે સેવા કરનારા જે હોય તે આ કારણોથી આસુરીભાવનાને કરે છે.

**(૩૫૦) સત્થગ્ગહણં વિસભક્ખણં ચ,**
**જલણં ચ જલપ્પવેસો અ ।**
**અણાયારભંડસેવા, જમ્મણમરણાણિ બંધંતિ ॥૨૬૫॥**

જે આત્મઘાત કરવા માટે શસ્ત્રને ગ્રહણ કરે, વિષભક્ષણ કરે, અગ્નિપ્રવેશ કરે, જળમાં પ્રવેશ કરે, ભૃગુપાતાદિ કરે, તથા શાસ્ત્રમાં નહિં કહેલા ભાંડની (ઉપકરણની) સેવા કરે, તે જન્મ-મરણોને કરે છે. આ પાંચમી મોહભાવના કહી...

# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

(૧) શક્રસ્તવ સ્તોત્ર-સાર્થ
(૨) પરમજ્યોતિ: પંચવિંશતિકા-સાર્થ
(૩) પરમાત્મપંચવિંશતિકા-સાર્થ
(૪) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના-સાર્થ
(૫) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવના-સાર્થ
(૬) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૭) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૮) નારદભક્તિ સૂત્ર-સાર્થ
(૯) અપૂર્વ અવસર

## ભાગ-૨

(૧) સમતાશતક-સાર્થ
(૨) સમાધિશતક-સાર્થ
(૩) ગુરુબહુમાનકુલક-સાર્થ
(૪) હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા-સાર્થ

## ભાગ-૩

(૧) દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય-સાર્થ
(૨) અધ્યાત્મગીતા-સાર્થ

## ભાગ-૪

(૧) ઉત્તરાધ્યયનસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

## ભાગ-૫

(૧) આચારાંગસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

"Bharat Graphics" Ahmedabad. Ph. 079-22134176, 09925020106